દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 266 ■ વિક્રમ સંવત ૨૦૮૨
કાર્તિક વદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 November 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૧૧ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# દિલ્હીમાં કારમાં બ્લાસ્ટઃ આઠનાં મોત

નવી દિલ્હીઃ દિલ્હીના રેડ ફોર્ટ મેટ્રો સ્ટેશન નજીક પાર્ક કરેલી કારમાં સોમવારે સાંજે થયેલા શક્તિશાળી વિસ્ફોટમાં ઓછામાં ઓછાં આઠ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૨૪ જણ ઘાયલ થયા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. ઘાયલોને સારવારાર્થે નજીકની એલએનજેપી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સાક્ષીઓના જણાવ્યાનુસાર ઘટનાસ્થળની આસપાસ મૃતકોનાં શરીરના અંગો વેરવિખેર પડેલાં જોવા મળ્યા હતા.

દિલ્હી પોલીસ વડાના જણાવ્યાનુસાર સાંજે ૬:૫૨ વાગે લાલ કિલ્લા પાસે સુભાષ રોડ ટ્રાફિક સિગ્નલ નજીક ધીમેથી પસાર થઈ રહેલી હ્યુન્દેઈ આઈ-૨૦ કારમાં આ વિસ્ફોટ થયો હતો.

રેડ ફોર્ટ મેટ્રો સ્ટેશનના ગૅટ નંબર વન પાસે પાર્ક કરેલી કારમાં વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટને કારણે આસપાસનાં વાહનો પણ આગની ઝપેટમાં આવી ગયાં હતાં. છ કાર, બે ઈ-ઑટોરિક્ષા અને એક ઑટોરિક્ષા આગની ઝપેટીમાં આવી ગયાં હતાં.

ઘટનાને પગલે પોલીસે દિલ્હીમાં અલર્ટ જાહેર કરી દીધો હતો. પોલીસે સમગ્ર વિસ્તાર ઘેરી લીધો હતો અને અગ્નિશમન દળના સાત બંબા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હોવાનું તેમણે કહ્યું હતું.

વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેને કારણે અનેક મીટર દૂર ઊભેલા વાહનોનાં કાચ પણ તૂટી ગયા હતા. આસપાસની ઈમારતોમાં પણ આ વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો, એમ તેમણે કહ્યું હતું.

ઍન્ટિ ટેરર સ્ક્વોડ અને દિલ્હી પોલીસની વિશેષ શાખાની ટીમ પણ પરિસ્થિતિની જાણકારી મેળવવા ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

વિડીયોમાં સળગતી કારમાંથી ધુમાડાનાં ગોટેગોટા નીકળતા જોવા જ્યા હતા. ઘટનાને પગલે લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. સાક્ષીઓના જણાવ્યાનુસાર ઘટનાસ્થળની આસપાસ અમુક મીટરને અંતરે ઊભેલાં વાહનો આગમાં સંપૂર્ણપણે નાશ પામ્યાં હતાં. હરિયાણાના ફરિદાબાદમાં ભાડાંનાં ઘરમાં રહેતાં કાશ્મીરી ડૉક્ટર પાસેથી ૩૬૦ કિલો જેટલો વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યાંનાં ગણતરીનાં કલાકોમાં જ આ વિસ્ફોટ થયો હતો.

હરિયાણા પોલીસે જમ્મુ-કાશ્મીર પોલીસ સાથે મળીને ડૉ. મુઝામિલની ફરીદાબાદના ધૌજ વિસ્તારમાંથી ધરપકડ કરી વિસ્ફોટક સામગ્રી, હથિયાર અને ટાઈમર કબજે કર્યા હતા. અલ ફલાહ યુનિવર્સિટીમાં શિક્ષક તરીકે કામ કરતો આરોપી શ્રીનગરમાં જૈશે મોહંમદ આતંકવાદી જૂથ સંબંધિત કેસમાં વૉન્ટેડ હતો. (એજન્સી)

## મોદી અને અમિત શાહ ઍક્શનમાં

ઘટનાને મામલે ચાલુ કરેલી તપાસમાં સહાયરૂપ થવા અને પુરાવા એકઠાં કરવા નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી

(જુઓ પાનું ૨) ▸▸



**વિનાશઃ** નવી દિલ્હીમાં લાલ કિલ્લાના મેટ્રો સ્ટેશન નજીક એક ધીમી ચાલતી કારમાં ધડાકો થતા ચારથી પાંચ કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. (એજન્સી)

**6:52** લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક ધીમી ગતિએ ચાલતી કારમાં ધડાકો થયોઃ ૨૪ ઘાયલ

એક્ઝેટ આટલા વાગ્યે ધડાકો થયો હતો



## ‘મને થયું કે બધા મરી જ જઈશું’

આ ઘટનાના સાક્ષીઓએ કહ્યું હતું કે મેં આટલો મોટો ધડાકો મારા જીવનમાં કદી સાંભળ્યો નથી,. હું ત્રણ વાર પડી ગયો. મને લાગ્યું હતું કે અમે બધા મરી જઈશું. સાંજના સમયે લાલ કિલ્લા પાસે ઘણી ભીડ હોય છે અને અનેક લોકો લટાર મારવા આવે છે. મેટ્રો સ્ટેશનના ગેટ નંબર એકની નજીક કારમાં ધડાકો થયો હતો. આને લીધે

(જુઓ પાનું ૨) ▸▸

## દિલ્હી બ્લાસ્ટને ફરિદાબાદ કનેકશન?

દિલ્હીના લાલ કિલ્લા પાસે એક કારમાં ધડાકો થતાં અનેકનાં મરણ થયા એ ઘટનાને ફરિદાબાદ અને જમ્મુ ને કાશ્મીરથી મળેલા કુલ ૨,૯૦૦ કિલો વિસ્ફોટક પદાર્થ સાથે સંબંધ છે કે નહીં એની તપાસ દિલ્હી પોલીસ કરી રહી છે. સોમવારે મેટ્રો સ્ટેશનના ગેટ નંબર એક પાસે કારમાં જોરદાર સ્ફોટ થયો હતો અને આને લીધે આખા શહેરમાં હાહાકાર મચી ગયો હતો. આ બનાવમાં અનેક કારને આગ લાગી હતી અને અનેક જણ ઘાયલ થયા હોવાનું (જુઓ પાનું ૨) ▸▸ કહેવાય છે.

અહીં ઉલ્લેખનીય છે કે દિલ્હીથી ૪૫ ક્લિોમીટર દૂર હરિયાણાના ધૌજમાં કાશ્મીરી ડૉક્ટરના ભાડાના ઘરમાંથી ૩૬૦ કિલો વિસ્ફોટક પદાર્થ એમોનિયમ નાઈટ્રેટ, હથિયાર અને દારૂગોળાનો મોટો જથ્થો પકડવામાં આવ્યો છે. ડૉક્ટરની ધરપકડ કરવામાં આવી છે. એવી માહિતી પોલીસે સોમવારે આપી હતી. હરિયાણા અને જમ્મુ અને કાશ્મીર પોલીસના સહિયારા ઑપરેશનમાં અલ ફલહ યુનિવર્સિટીમાં ટીચર આરોપી મુઝામિલની ધરપકડ કરાઈ હતી. શ્રીનગરમાં આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનના મોડ્યુલને પકડવાની સંયુક્ત ઑપરેશનમાં જમ્મુ અને કાશ્મીર પોલીસે કેન્દ્રશાસિત પ્રદેશમાં ૨,૫૪૦ કિલો જેટલો વિસ્ફોટક પદાર્થ પકડ્યો છે. દિલ્હીમાં કારમાં જે રીતે શક્તિશાળી સ્ફોટ થયો છે એના પરથી એમ મનાય છે કે આમાં એમોનિયમ નાઈટ્રેટનો ઉપયોગ થયો હોવાની સંભાવનાને નકારી શકાય નહીં. આ નાઈટ્રેટ કદાચ કાશ્મીરમાંથી જ આવ્યો હોવાની શંકા સેવાય છે.

## દિલ્હીથી ૪૫ કિ.મી. દૂર ફરિદાબાદમાં કાશ્મીરી ડૉક્ટર પાસેથી ૩૬૦ કિલો વિસ્ફોટક જપ્ત

### જમ્મુ અને કાશ્મીરમાં પણ કરાયેલા ઑપરેશનમાં ૨,૫૪૦ કિલો વિસ્ફોટક બનાવવાની સામગ્રી જપ્ત કરાઈઃ આ તબીબની ભાડાંની જગ્યામાંથી એમોનિયમ નાઈટ્રિટ ઉપરાંત હથિયારો જપ્ત કરાયાં

ફરિદાબાદ (હરિયાણા) : કાશ્મીરી ડૉક્ટરના ભાડાના ઘરમાંથી ૩૬- કિલો વિસ્ફોટક પદાર્થ એમોનિયમ નાઈટ્રેટ, હથિયાર અને દારૂગોળાનો મોટો જથ્થો પકડવામાં આવ્યો છે. ડૉક્ટરની ધરપકડ કરવામાં આવી છે. એવી માહિતી પોલીસે સોમવારે આપી હતી. હરિયાણા અને જમ્મુ અને કાશ્મીર પોલીસના સહિયારા ઑપરેશનમાં અલ ફલહ યુનિવર્સિટીમાં ટીચર આરોપી મુઝામિલ અને બે ડૉક્ટર સહિત સાત જણની ધરપકડ કરાઈ હતી તેમજ ૨,૫૪૦ કિલો વિસ્ફોટકો બનાવવાની

સામગ્રી તથા ઘણાં હથિયારો જપ્ત કર્યા હતાં. આમ ગઈ કાલે એક દિવસમાં ૨,૯૦૦ કિલો વિસ્ફોટકો બનાવવાની સામગ્રી પકડાઈ હતી.

દિલ્હીથી ૪૫ ક્લિોમીટર દૂર હરિયાણાના ધૌજમાં આવેલી અલ ફલહ યુનિવર્સિટી ખાનગી સંચાલનના હાથમા છે અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને તેને માન્યતા આપેલી છે.

હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈનીએ કહ્યું હતું કે કોઈ પણ ગુનેગારને છોડવામાં નહીં આવે.

અહીં પત્રકાર પરિષદને સંબોધતાં ફરિદાબાદ પોલીસ કમિશનર સત્યેન્દ્ર કુમાર ગુપ્તાએ કહ્યું હતું કે ડૉક્ટર શ્રીનગરમાં આતંકવાદી સંગઠન જૈસ-એ-મોહમ્મદના ટેકામાં પોસ્ટર લગાડવા માટે વોન્ટેડ હતો.

તેમણે ખુલાસો કર્યો હતો કે રવિવારે રાત્રે ડૉક્ટરના ઘરમાં પકડાયેલો વિસ્ફોટક પદાર્થ આરડીએક્સ નહીં, પરંતુ એમોનિયમ નાઈટ્રેટ હતો. કમિશનરે વધુમાં કહ્યું હતું કે આતંકવાદી પ્રવૃત્તિમાં

(જુઓ પાનું ૨) ▸▸

## ‘વંદે માતરમ’ના સામૂહિક ગાનને દરેક વર્ગોમાં પરંપરા બનાવવા શિક્ષણ પ્રધાનની હાકલ

નવી દિલ્હીઃ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને સોમવારે દરેક વર્ગખંડમાં ‘વંદે માતરમ’ના સામૂહિક ગાનને શક્તિશાળી પરંપરા તરીકે સ્થાપિત કરવા અને તેને જન આંદોલનના રૂપમાં વિકસાવવામાં મદદ કરવાનું આહ્વાન કર્યું હતું.

રાષ્ટ્ર ગાનની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે દિલ્હી યુનિવર્સિટીની રામજસ કોલેજ ખાતે આયોજિત એક કાર્યક્રમને સંબોધતા તેમણે જણાવ્યું કે આ એક વિકસિત અને સમૃદ્ધ ભારતના નિર્માણમાં માર્ગદર્શક તરીકે કામ કરશે. પ્રધાને કહ્યું કે આપણા યુવાન સાથીઓ વંદે માતરમના સંપૂર્ણ સંસ્કરણનું ગાન કરે અને દિલ્હી યુનિવર્સિટીમાં તેની ભાવનાના વાહક બને. યુનિવર્સિટી વંદે માતરમની શાશ્વત ભાવનાને જન આંદોલનમાં પરિવર્તિત કરવામાં અને તેને ભવિષ્યની પેઢીઓ સાથે જોડવામાં મુખ્ય ભૂમિકા ભજવશે.

તેમણે જણાવ્યું કે યુનિવર્સિટીના દરેક વર્ગમાં વંદે માતરમનું સામૂહિક ગાન એક મજબૂત પરંપરા તરીકે સ્થાપિત થવું જોઇએ. તો જ તે એક જન આંદોલનનું સ્વરૂપ લઇ શકશે. તે સમયે આપણે સ્વતંત્રતા માટે વંદે માતરમ ગાયું હતું. આજે વંદે માતરમ એક વિકસિત અને સમૃદ્ધ ભારતના નિર્માણમાં આપણું માર્ગદર્શક બનશે.

કેન્દ્રીય શિક્ષણ પ્રધાને કહ્યું કે રામજસ કોલેજના વિદ્યાર્થીઓ સાથે સામૂહિક રીતે રાષ્ટ્ર ગાન ગાવાનો લહાવો મળવો પ્રેરણાદાયક છે. તેમણે કહ્યું કે લાંબા સંઘર્ષ અને અગણિત દેશભક્તોના બલિદાન પછી આપણને ૧૯૪૭માં આઝાદી મળી હતી. વંદે માતરમ એ રાષ્ટ્રીય ચેતનાની ઘોષણા હતી કે જેણે સમગ્ર દેશને એક સૂત્રમાં બાંધ્યો હતો.



**તૈયારી મેળાનીઃ**
માઘ મેળો નજીક આવી ગયો છે અને તેના માટે ગંગા નદીમાં પોન્ટૂન પુલ બનાવવાની તૈયારી પ્રયાગરાજમાં સોમવારે શરૂ થઈ ગઈ હતી. (એજન્સી)

## ચૂંટણી પંચે પહેલા તબકકાના મતદાનમાં કેટલા પુરુષ કેટલી મહિલાનો ડૅટ કેમ નથી આપ્યો ? તેજસ્વી

પટણાઃ રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) નેતા અને ઇન્ડિ બ્લોકના મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર તેજસ્વી યાદવે સોમવારે ભારતીય ચૂંટણી પંચની ટીકા કરી હતી કે તેમણે બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં મતદાનના ચાર દિવસ પછી પણ મતદાન કરનારા મતદારોમાં કેટલા પુરુષો અને કેટલી મહિલાઓને ડૅટ જાહેર નથી કર્યો. અહીં એક પત્રકાર પરિષદને સંબોધતા તેમણે દાવો કર્યો હતો કે આરજેડીના નેતૃત્વ હેઠળનું વિપક્ષી ગઠબંધન મત ચોરી કે અપ્રમાણિકતાને મંજૂરી આપશે નહીં.

‘‘વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના ચાર દિવસ પસાર થયા પછી પણ ચૂંટણી પંચે ૬ નવેમ્બરે મતદાન કરનારા મતદારોમાં સ્ત્રી-પુરુષ કેટલા એનો ડૅટા જાહેર કર્યો નથી. આવુ પહેલી વાર થઈ રહ્યું છે. અગાઉ, તે તાત્કાલિક આપવામાં આવ્યું હતું,‘‘ એવો તેમણે દાવો કર્યો હતો.

યાદવે એવો પણ આરોપ લગાવ્યો હતો કે પંચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના નેતૃત્વમાં યોગ્ય રીતે કામ કરવાનું બંધ કરી દીધું છે.

જો અધિકારીઓ ચૂંટણી પંચ કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે મળીને મુશ્કેલી ઊભી કરવાનો પ્રયાસ કરશે તો તેમના ગંભીર પરિણામો ભોગવવા પડશે તેવી ચેતવણી તેમણે આપી હતી.

યાદવે એવો પણ દાવો કર્યો હતો કે ભાજપ શાસિત રાજ્યોમાંથી કુલ ૨૦૮ કંપની સુરક્ષા કર્મચારીઓને બિહારમાં ચૂંટણી ફરજો માટે તહેનાત કરવામાં આવી છે.

ભાજપ શાસિત રાજ્યોમાંથી સુરક્ષા કર્મચારીઓને શા માટે તૈનાત કરવામાં આવ્યા છે? અમે તેમના પર નજર રાખી રહ્યા છીએ. લગભગ ૬૮ ટકા પોલીસ નિરીક્ષકો ભાજપ શાસિત રાજ્યોના છે. આવું કેમ છે ? એવો સવાલ પણ કર્યો હતો.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સહિત બહારના લોકો બિહારને નિયંત્રિત કરવા માંગે છે, જેને બિહારના લોકો મંજૂરી આપશે નહીં, એમ તેણે ભાજપના કેન્દ્રીય નેતાઓ પર કટાક્ષ કરતા દાવો કર્યો હતો. તેણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન બિહારમાં બેરોજગારી અને સ્થળાંતર જેવા મુદ્દાઓ વિશે વાત કરી ન હતી અને નકારાત્મક રાજકારણમાં સામેલ થયા હતા. મને ખબર નથી કે પીએમ આ દિવસોમાં કેવા પ્રકારની વેબ સિરીઝ જોઈ રહ્યા છે.



**કવાયતઃ**
લશ્કરની ત્રણે પાંખની કવાયત અત્યારે હાથ ધરાઈ હતી અને એ દરમ્યાન ફ્લેર ગનથી ફાયર કરી રહેલો જવાન. (એજન્સી)

## બિહારમાં અમારી સરકાર નિશ્ચિત જ છેઃ કૉંગ્રેસ

નવી દિલ્હીઃ બિહારમાં આ વખતે મહાગઠબંધનની સરકાર નિશ્ચિત છે કારણ કે ઇન્ડિ બ્લોક પાસે રાજ્યના વિકાસ માટે એક સ્પષ્ટ માર્ગરેખા છે. જ્યારે એનડીએના નેતાઓ પાસે માત્ર ‘અભદ્ર ભાષા’ અને ‘ખોટાં વચનો’ છે. આ ટિપ્પણી કોંગ્રેસે વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કાના મતદાનના એક દિવસ પહેલા કરી હતી.

વિપક્ષી પાર્ટીએ વધુમાં જણાવ્યું કે સત્તામાં આવતાની સાથે જ મહાગઠબંધનની ગૅરંટીઓ લાગુ કરવામાં આવશે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે મહાગઠબંધન સરકાર બિહારને ૨૦ વર્ષના લાચાર શાસનમાંથી મુક્તિ અપાવશે. તેમણે કહ્યું કે હવે સ્થળાંતર બંધ થશે, યુવાનોના ભવિષ્યમાંથી અંધકાર દૂર થશે, દરેક ઘરની આવતીકાલ ઉજળી થશે. અમે અન્યાયનો અંત લાવીશું, સામાજિક ન્યાયથી બિહારને બદલીશું.

કોંગ્રેસ અધ્યક્ષે જણાવ્યું કે દલિતો, મહાદલિતો, આદિવાસીઓ, પછાત વર્ગ, અત્યંત પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગો અને લઘુમતીઓને તેમના અધિકારો મળશે. તેમણે કહ્યું કે મહિલાઓ, ખેડૂતો, યુવાનો અને સમાજના દરેક વર્ગનું આર્થિક ઉત્થાન થશે.

ખડગેએ મહાગઠબંધનની કેટલીક ગૅરંટીઓ વિશે વાત કરતાં કહ્યું કે બિહારના લોકો રાજ્યનો ચહેરો બદલવા માટે નીકળી પડ્યા છે. અમે બિહારનું ગૌરવ પુનઃસ્થાપિત કરીશું. અમે ગેરંટી આપીએ છીએ, અમે તે સાકાર કરીશું. કોંગ્રેસના મહાસચિવ અને કોમ્યુનિકેશન પ્રભારી જયરામ રમેશે જણાવ્યું કે ૨૦ વર્ષની પાયમાલી પછી જ્યાં એનડીએના નેતાઓ પાસે માત્ર ‘અભદ્ર ભાષા’ અને ‘ખોટા વચનો’ છે તો ઇન્ડિ બ્લોક પાસે બિહારના વિકાસ અને ન્યાયને સુનિશ્ચિત કરવા માટે સ્પષ્ટ અને નક્કર માર્ગરેખા છે.

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કૉંગ્રેસે નફરતનાં બી રોપ્યાં, અડવાણીની રથયાત્રાએ નહીં

**કૉંગ્રેસના** સાંસદ શશિ થરૂરે રાજકારણમાં વંશવાદ પર લખેલા લેખના કારણે ઊભો થયેલો બખેડો શમ્યો નથી ત્યાં થરૂરે દેશના ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન લાલકૃષ્ણ અડવાણી અંગે લખેલી પોસ્ટે નવો વિવાદ ખડો કર્યો છે. ૮ નવેમ્બરે રોજ લાલકૃષ્ણ અડવાણીનો ૯૮મો જન્મદિવસ હતો. થરૂરે એક્સ (X) પર અડવાણી સાથેનો પોતાનો એક ફોટો મૂકીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

થરૂરે લખેલું કે, લાલકૃષ્ણ અડવાણીજીને તેમના ૯૮મા જન્મદિવસે હાર્દિક અભિનંદન! જાહેર સેવા પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતા, તેમની નમ્રતા અને શિષ્ટાચાર અને આધુનિક ભારતના માર્ગને આકાર આપવામાં તેમની ભૂમિકા અવિસ્મરણીય છે. અડવાણી એક સાચા રાજનેતા છે કે જેમનું સેવા જીવન અનુકરણીય રહ્યું છે.

થરૂરની પોસ્ટ સામે સુપ્રીમ કોર્ટના વકીલ સંજય હેગડેએ વાંધો ઉઠાવીને લખ્યું કે, ખુશવંત સિંહના શબ્દોમાં કહું તો આ દેશમાં નફરતના બીજ ફેલાવવા એ જાહેર સેવા નથી. હેગડેએ રામ જન્મભૂમિ આંદોલનમાં અડવાણીની ભૂમિકાનો ઉલ્લેખ કરીને અડવાણીના કારણે કોમવાદ ને નફરત ફેલાઈ હોવાનો આક્ષેપ કરી નાખ્યો. થરૂરે હેગડેના નિવેદન સાથે સંમતિ દર્શાવી પણ વળતો જવાબ પણ આપ્યો.

કૉંગ્રેસના બે ભૂતપૂર્વ વડા પ્રધાનો જવાહરલાલ નહેરુ અને ઇન્દિરા ગાંધીના જીવનનો ઉલ્લેખ કરીને થરૂરે લખ્યું કે, અડવાણીના લાંબા કાર્યકાળને રામમંદિર આંદોલનની એક જ ઘટના પૂરતો મર્યાદિત રાખવો ખોટું છે. નહેરુની સમગ્ર કારકિર્દી ચીનની નિષ્ફળતા દ્વારા નક્કી ના કરી શકાય કે ઇન્દિરા ગાંધીની કારકિર્દીનું ફક્ત કટોકટી દ્વારા મૂલ્યાંકન ના કરી શકાય. મારું માનવું છે કે આપણે અડવાણી પ્રત્યે પણ આવું જ સૌજન્ય દાખવવું જોઈએ અને ૧૯૯૦ની રથયાત્રાના આધારે જ મૂલ્યાંકન ના કરવું જોઈએ.

કૉંગ્રેસીઓ માટે નહેરુ-ગાંધી ખાનદાન માઈ-બાપ છે તેથી થરૂરની વાતથી ઘણાંને મરચાં લાગી ગયાં ને હોહા થઈ ગઈ. કૉંગ્રેસે શશિ થરૂરના નિવેદનથી હાથ ખંખેરી નાખ્યા ને કૉંગ્રેસ પ્રવક્તા પવન ખેરાએ ચોખવટ કરી કે, શશિ થરૂર હંમેશાં પોતાના માટે બોલે છે અને કૉંગ્રેસનું વલણ તેમનાં નિવેદનથી સંપૂર્ણપણે અલગ છે પણ કૉંગ્રેસ લોકશાહીમાં માને છે તેથી અમને વાંધો નથી. કૉંગ્રેસના સાંસદ અને કૉંગ્રેસ કાર્યકારી સમિતિના સભ્ય તરીકે તેમના કાર્યો, કૉંગ્રેસની વિશિષ્ટ લોકશાહી અને ઉદાર ભાવનાને પ્રતિબિંબિત કરે છે.

કૉંગ્રેસ થરૂરને કશું કરી શકતી નથી તેથી આવાં બહાનાં બનાવે છે પણ એ મુદ્દો અલગ છે. આપણે ૧૯૯૦ની રથયાત્રાની જ વાત કરીએ કેમ કે બખેડો તેના કારણે ઊભો થયો છે. અડવાણીની ૧૯૯૦ની રથયાત્રાના કારણે ભારતમાં નફરતનાં બીજ રોપાયાં એ પ્રકારની વાતો બકવાસ છે. અડવાણીએ સોમનાથથી અયોધ્યાની રથયાત્રા શરૂ કરી તેનાં વરસો પહેલાંથી અયોધ્યામાં રામ જન્મભૂમિ મંદિરનો ધ્વંશ કરીને બાબરી મસ્જિદનું નિર્માણ કરાયું હોવાના દાવા થતા હતા અને રામ જન્મભૂમિ સંકુલની જમીનની માલિકીનો વિવાદ કોર્ટમાં પહોંચો હતો.

અયોધ્યામાં ભવ્ય રામ જન્મભૂમિ મંદિરના નિર્માણ માટે આંદોલન પણ શરૂ થઈ ગયું હતું. આ આંદોલન લાલકૃષ્ણ અડવાણીએ નહોતું શરૂ કર્યું પણ વિશ્વ હિંદુ પરિષદે શરૂ કર્યું હતું, કૉંગ્રેસના નેતા અડવાણી પર દોષારોપણ કરીને હાથ ખંખેરી નાખે છે પણ હકીકત એ છે કે, અયોધ્યામાં રામ જન્મભૂમિ મંદિરના નિર્માણનો તખ્તો મૂળ તો ડૉ. કરણસિંહ, ગુલઝારી લાલ નંદા અને દાઉ દયાલ ખન્ના એ ત્રણ કૉંગ્રેસી નેતાઓએ ઘડ્યો હતો.

દાઉ દયાલ ખન્ના કૉંગ્રેસના ટોચના નેતા અને ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મંત્રી હતા. ખન્નાએ ૧૯૮૦ના દાયકાની શરૂઆતમાં અયોધ્યા, કાશી અને મથુરા હિન્દુઓને સોંપીને આ મંદિરોને પુનઃસ્થાપિત કરવાની માગ કરી હતી, સરયૂ નદીના કાંઠે હિંદુ સંસદ બોલાવીને આ માગણી કરનારા પહેલા રાજકારણી ખન્ના હતા. ખન્ના પછીથી આંદોલનમાં પણ જોડાયા અને રામ જન્મભૂમિને "મુક્ત" કરવા માટે રચાયેલી વિશ્વ હિંદુ પરિષદ વિહિપની સમિતિના મહામંત્રી બન્યા.

ભૂતપૂર્વ વડા પ્રધાન ગુલઝારીલાલ નંદાએ પણ રામ જન્મભૂમિ મંદિર નિર્માણની માગને હવા આપી હતી. બે વાર દેશના વચગાળાના વડા પ્રધાન બનેલા નંદાએ ૧૯૮૩માં રામ નવમી પર શ્રી રામ જન્મોત્સવ સમિતિની સ્થાપના કરી હતી. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના નેતાઓએ હાજરી આપી હતી. રામ જન્મભૂમિ આંદોલન ઉગ્ર બનવાની શરૂઆત આ કાર્યક્રમથી થઈ.

જમ્મુ અને કાશ્મીરના છેલ્લા મહારાજા હરિસિંહના પુત્ર ડૉ. કરણ સિંહ પણ કૉંગ્રેસના અગ્રણી નેતા છે. રામ જન્મભૂમિને મુક્ત કરાવવા કરણ સિંહે વિરાટ હિન્દુ સભાની રચના કરી હતી. ડૉ. કરણસિંહે રામ જન્મભૂમિ આંદોલનમાં સાંસ્કૃતિક પહેલ કરી હતી અને તેમના સંગઠનમાં સંઘના સભ્યો પણ હતા. કૉંગ્રેસ રામ જન્મભૂમિ આંદોલનના કારણે દેશમાં કોમવાદ પ્રબળ બન્યો સહિતની વાતો કરે છે પણ કદી આ નેતાઓએ ભજવેલી ભૂમિકાની વાત કરતી નથી. રામમંદિરના મુદ્દાને કોર્ટની બહાર જાહેરમાં લઈ આવનારા કૉંગ્રેસીઓ વિશે કૉંગ્રેસ ચૂપ રહે છે.

લાલકૃષ્ણ અડવાણીને રામ જન્મભૂમિ મંદિરના મુદ્દાનું રાજકીયકરણ કરવા માટે દોષિત ઠરાવાય છે પણ અડવાણી તો બહુ પછી ચિત્રમાં આવ્યા. રામ જન્મભૂમિના મુદ્દાનો રાજકીય ફાયદો લેવાની પહેલ પણ કોંગ્રેસી વડા પ્રધાન રાજીવ ગાંધીએ જ કરી હતી. રાજીવ ગાંધીએ જ રામ જન્મભૂમિ મંદિરના ગર્ભગૃહના દરવાજા ખોલીને હિંદુઓને પૂજા કરવાની મંજૂરી આપી હતી અને પછી મંદિરનો શિલાન્યાસ કરવાની મંજૂરી પણ આપી હતી.

રાજીવની ગણતરી હિંદુ મતબેંક પર કબજો કરીને છવાઈ જવાની હતી પણ મુસ્લિમોના વિરોધના કારણે રાજીવ પાણીમાં બેસી ગયા પછી ભાજપ અને હિંદુવાદી સંગઠનો મેદાનમાં આવ્યાં. ૨૦૨૪માં નરેન્દ્ર મોદીના હાથે રામમંદિરનું લોકાર્પણ કરાયું ત્યારે આ ઘટનાઓનો ઉલ્લેખ કરીને કૉંગ્રેસના કેટલાક નેતાઓએ રામમંદિર નિર્માણનો યશ ખાટવાની કોશિશ પણ કરી હતી.

અડવાણી પર દોષનો ટોપલો એટલે ઢોળી દેવાય છે કે, રામ જન્મભૂમિ આંદોલનના કારણે ભાજપને જોરદાર ફાયદો થયો. લોકસભાની ૧૯૮૪ની ચૂંટણીમાં ૨ બેઠકો જીતનારો ભાજપ ૧૯૮૯માં ૮૨ બેઠકો પર પહોંચી ગયો અને ૧૯૯૧માં ૧૨૦ બેઠકો પર પહોંચી ગયો. ભાજપને રામમંદિરનો મુદ્દો ફળ્યો કેમ કે ભાજપે પૂરી તાકાતથી આ મુદ્દાને ચગાવ્યો.

હિંદુઓએ કૉંગ્રેસ પર વિશ્વાસ ના કર્યો કેમ કે વરસોથી કૉંગ્રેસ મુસ્લિમ તુષ્ટિકરણમાં લિપ્ત હતી ને ભાજપની સ્લેટ કોરી હતી. ભાજપ જનસંઘના સમયથી હિંદુવાદી પાર્ટીની ઈમેજ ધરાવતો પક્ષ હતો તેથી લોકોને તેના પર વધારે ભરોસો બેઠો. રાજીવ ગાંધીએ બોફોર્સનાં પાપ ધોવા માટે રામમંદિરના મુદ્દાને પકડેલો, શાહબાનો કેસમાં સુપ્રીમ કોર્ટનો ચુકાદો બદલીને મુસ્લિમ મુલ્લા-મૌલવીઓનાં તળવાં ચાટવાનું મહાપાપ કર્યું તેનાથી નારાજ હિંદુઓને મનાવવા ૧૯૮૯માં શિલાન્યાસની મંજૂરી આપેલી. રાજીવ ગાંધીની ગણતરીઓ રાજકીય હતી તેથી કૉંગ્રેસ ના ફાવી, બાકી રામમંદિરના નામે ચરી ખાવામાં કૉંગ્રેસને પણ રસ હતો જ.

આ દેશમાં નફરતનું રાજકારણ રમવાની શરૂઆત કૉંગ્રેસે કરી, કૉંગ્રેસ વરસો લગી મુસ્લિમ તુષ્ટિકરણ કરીને હિંદુઓના માનસમાં મુસ્લિમો માટે અભાવ ઊભો કર્યો. આ તુષ્ટિકરણનો લાભ મુઠ્ઠીભર મુસ્લિમોને જ મળ્યો પણ હિંદુઓની નફરતનો ભોગ આખો મુસ્લિમ સમાજ બન્યો. તેના માટે જવાબદાર અડવાણી નહીં પણ કૉંગ્રેસ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર હેમંતઋતુ, મંગળવાર, તા. ૧૧-૧૧-૨૦૨૫

- ભારતીય દિનાંક ૨૦, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક વદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ વદ-૭
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૧મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર પુષ્ય સાંજે ક. ૧૮-૧૭ સુધી, પછી આશ્લેષા
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૧, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૬, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૫-૫૩, મધ્યરાત્રે ક. ૦૫-૦૬ (તા. ૧૨)
- ઓટઃ સવારે ક. ૧૦-૪૧, રાત્રે ક. ૨૨-૧૩
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ - સપ્તમી. ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧-૩૧, ગુરુ વક્રી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સવારે ક. ૧૧. ૩૩ પછી શુભ.
- મુહૂર્ત વિશેષઃ મંગળ, શનિ, ગુરુ ગ્રહદેવતાનું કમળથી પૂજન, સુવર્ણ ખરીદી, પીપળાનું પૂજન, પરદેશનું પસ્તાનું, ચંદ્રબળ જોઈને વિદ્યારંભ, હજામ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, લાલ વસ્રો, આભૂષણ, બી વાવવું, નિત્ય થતાં ખેતીવાડીના કામકાજ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ બળવાન જીવન તત્ત્વ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર-બુધ ત્રિકોણ તીવ્ર બુદ્ધિ પ્રતિભા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-બુધ ત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-વૃશ્ચિક, વક્રી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# બિહારમાં આજે અંતિમ તબક્કાનું મતદાન

## ૧૨૨ બેઠક પર ૧,૩૦૨ ઉમેદવારોનું ભાવિ સીલ થશે

પટણા : અતિ મહત્ત્વની બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કામાં ૩.૭૦ કરોડ મતદાતાઓ ૧૨૨ વિધાનસભા બેઠકમાં ૧,૩૦૨ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. આ ઉમેદવારમાં છ જેટલા તો નીતીશ કુમારની સરકારમાં પ્રધાન છે. ૧૧ નવેમ્બરે પશ્ચિમ ચંપારણ , પૂર્વ ચંપારણ, સીતામઢી, મધુબની, સુપૌલ, અરેરીયા અને કિસનગંજ જિલ્લામાં ચૂંટણી થવાની છે. આ બધા નેપાળની સરહદને અડીને આવેલા જિલ્લા છે. બિહારમાં ચૂંટણીને ધ્યાનમાં રાખીને સુરક્ષા જડબેસલાક બનાવવામાં આવી છે. સુરક્ષા દળોના ચાર લાખ જવાનને તૈનાત કરવામાં આવ્યા છે. આમાંના મોટા ભાગના જિલ્લામાં મુસ્લિમો મોટી સંખ્યામાં છે. ઈન્ડિ બ્લોક લઘુમતી કોમ પર મદાર રાખે છે. બીજી બાજુ શાસક એનડીએ આક્ષેપ કરે છે કે વિરોધ પક્ષ ઘૂસણખોરનું રક્ષણ કરી રહ્યો છે.

બીજા તબક્કાનો પ્રચાર રવિવારે સાંજે ખતમ થયો હતો. આનાથી રાજ્યમાં એક મહિનાથી ચાલતા ભીષણ શાબ્દિક યુદ્ધ અને જ્ઞાનતંતુઓની લડાઈનો અંત આવ્યો હતો. છઠ્ઠી નવેમ્બરના પ્રથમ તબક્કામાં વિક્રમી ૬૫ ટકા મતદાન થયું હતું. બીજા તબક્કાનું મતદાન ૧૧ નવેમ્બરે થશે. મતગણતરી ૧૪ નવેમ્બરે થશે. બીજા તબક્કામાં ૧૨૨ બેઠકની ચૂંટણી થશે. પ્રથમ રાઉન્ડમાં ૧૨૧ બેઠકમાં ચૂંટણી થઈ હતી. બીજા રાઉન્ડમાં અનેક પ્રતિષ્ઠિત જંગો લડાશે.

જેડી (યુ)ના પીઢ નેતા અને રાજ્ય પ્રધાનમંડળના સૌથી વરિષ્ઠ સભ્ય બિજેન્દ્ર પ્રસાદ સુપૌલમાંથી વિક્રમી આઠમી મુદત ચૂંટાવવા કમર કસી રહ્યા છે.

એ જ પ્રમાણે ભાજપના તેમના કેબિનેટના સાથીદાર પ્રેમ કુમાર ગયા નગરમાંથી નસીબ અજમાવી રહ્યા છે. તેઓ ૧૯૯૦થી સાત વાર વિજયી થવાનો પ્રયાસ કરી રહ્યા છે. સુમીત કુમાર સિંહ ચકાઈમાં ફરી ચૂંટાવાનો પ્રયાસ કરશે. ભાજપના વિધાનસભ્ય શ્રેયાસી સિંહ જમુઈમાં ફરી નસીબ અજમાવી રહ્યા છે. જેડી (યુ)ના પ્રધાન લેશી સિંહ ધમદાહામાંથી, શીલા મંડલ ફુલપારસમાંથી, ઝમા ખાન ચૈનપુરમાંથી અને ભાજપના પ્રધાન નીરજ કુમાર સિંહ છતપુરમાંથી ચૂંટણી લડી રહ્યા છે. કટિહાર જિલ્લામાંથી સીપીઆઈ(એમએલ)ના મેહબૂબ ખાન બલરામપુરમાંથી અને શકીલ અહમદ ખાન કડવામાંથી હેટટ્રિક કરવાનો પ્રયાસ કરશે.

બીજા તબક્કામાં કેન્દ્રિય પ્રધાન જિતન રામ માંઝીની આગેવાની હેઠળના એનડીએના નાના સાથીદાર હિન્દુસ્તાની અવામ મોરચા તથા રાજ્યસભા સાંસદ ઉપેન્દ્ર કુશવાહાના રાષ્ટ્રીય લોક મોરચાની તેજાબી પરીક્ષા થશે. આ બન્ને પક્ષને છ બેઠક આપવામાં આવી છે. ■

# યુપીની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં 'વંદે માતરમ્' ગાવાનું ફરજિયાત બનાવાયું

ગોરખપુરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના રાષ્ટ્રગાન 'વંદે માતરમ' માંથી પક્તિઓ કાઢી નાખવાના આરોપ લગાવ્યા હતા, ત્યાર બાદ કોંગ્રેસે વડા પ્રધાનને સ્પષ્ટતા સાથે જવાબ આપ્યો હતો. આ વિવાદ વચ્ચે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે મોટી જાહેરાત કરી છે. ગોરખપુરમાં એક કાર્યક્રમ દરમિયાન તેમણે જાહેરાત કરી કે રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં 'વંદે માતરમ' ગાવાનું ફરજિયાત કરવામાં આવશે.

ગોરખપુરમાં 'એકતા યાત્રા' દરમિયાન કાર્યક્રમને સંબોધતા ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં 'વંદે માતરમ' ગાવાનું ફરજિયાત કરવાની જાહેરાત કરી. તેમણે કહ્યું કે આ પગલાનો હેતુ નાગરિકોમાં ભારત માતા અને માતૃભૂમિ પ્રત્યે આદર અને ગર્વની ભાવના પ્રેરિત કરવાનો છે. આદિત્યનાથે કહ્યું, રાષ્ટ્ર ગાન વંદે માતરમ પ્રત્યે આદર હોવો જોઈએ.

બંગાળી કેવી બંકિમ ચંદ્ર ચેટર્જીના'વંદે માતરમ'ની રચનાની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે એક કાર્યક્રમમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસે આ કવિતાની છ પંક્તિઓની પહેલી બે જ પંક્તિઓ સ્વીકારી હતી. ■

## બીજો ઝીણા ઊભો ન થવો જોઈએઃ યોગી

ગોરખપુરઃ ઑલ ઈન્ડિયા મુસ્લિમ લીગના નેતા મોહંમદ અલી ઝીણા અને મોહંમદ અલી જૌહરનો ઉલ્લેખ કરતાં ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સોમવારે કહ્યું હતું કે જે લોકો રાષ્ટ્રગીત 'વંદે માતરમ'નો વિરોધ કરી રહ્યા છે તેઓ ભારતની એકતા અને અખંડિતતાનું અપમાન કરી રહ્યા છે.

ગોરખપુરમાં એકતા યાત્રામાં ભાગ લેતાં અને 'વંદે માતરમ'નાં સામૂહિક ગાનમાં ભાગ લેતાં યોગી આદિત્યનાથે કહ્યું હતું કે આજે પણ આપણે દેશમાં વસતા તમામ લોકો પાસે વફાદારી અને એકતા માટે કામ કરતા રહેવાની અપેક્ષા રાખીએ છીએ.

તેમણે કહ્યું હતું કે 'વંદે માતરમ'ની ૧૫૦મી જયંતીની ઉજવણી સંબંધિત કાર્યક્રમોનું દેશભરમાં આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે વિરોધના એવા જ સૂર ફરી ઊઠ્યા હતા. સમાજવાદી પક્ષના સાંસદો ફરી 'વંદે માતરમ' રાષ્ટ્રગીતના વિરોધમાં અવાજ ઊઠાવ્યો હતો. આ એ જ લોકો છે જેમણે ભારતની એકતા અને અખંડિતતાના ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીની ઉજવણીમાં ભાગ નહોતો લીધો અને બેશરમ બનીને મોહંમદ અલી ઝીણાના સન્માન કાર્યક્રમમાં હાજરી આપી હતી. (એજન્સી) ■

## પ્રજામત

### તું જ છો! બધે ઈશ્વર

આંખોમાં...
અશ્રુઓમાં...
સુખમાં તું...
દુઃખમાં તું...
મનમાં તું...
દિલમાં તું...
મોસમ મોસમે તું...
પાનખરમાં પણ તું...
વર્ષાની રમઝટમાં પણ તું...
ધમધમતી ગરમીમાં તું...
શ્વાસોની જીવાદોરી તું...
ચાલતા ચાલતા પડી જાઉં...તો ઊભો કરે મને તું...
હરિયાળી છવાયેલી બગીચામાં...સુગંધ સુગંધોમાં તું...
'મન'માં ગ્લાની છવાતા...મનોમંથન કરાવે તું...
ધર્મની સ્ફૂરણા સ્ફૂરાવે...હૃદયમાં મારા તું...
કર્મ કર્યે જાઉં ક્ષણેક્ષણ...કર્મફળ બક્ષે મને તું...
ક્ષણ ક્ષણમાં તું...હે મારા વહાલા 'ઈશ્વર' તું જ છો બધે તું ઈશ્વર.

- હર્ષદ દડિયા, ઘાટકોપર (ઇસ્ટ)

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.

**E-mail: prajamat@bombaysamachar.com**

ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

# ટ્રમ્પના ભાષણને ઍડિટ કરવામાં થયેલી ભૂલ બદલ બીબીસીના ચેરમેને માફી માગી

લંડનઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના ભાષણને ઍડિટ કરવામાં થયેલી ભૂલ બદલ બીબીસીના ચેરમેને માફી માગ્યા બાદ બીબીસી નેતૃત્વની કટોકટી અને વધતા રાજકીય દબાણનો સામનો કરી રહ્યું છે.

બીબીસીના ડિરેક્ટરેટ જનરલ ટીમ ડેવી અને ન્યૂઝ ચીફ ડેબૉરા ટર્નેશે પૂર્વગ્રહ ધરાવતા હોવાના કરેલા આક્ષેપને ટ્રમ્પે વધાવી લીધો હતો અને કહ્યું હતું કે જે રીતે મારા ભાષણને ઍડિટ કરવામાં આવ્યું હતું તે પ્રમુખપદની ચૂંટણીનાં કાંટા પર પગ મૂકવા જેવું હતું.

૬, જાન્યુઆરી ૨૦૨૧ના વૉશિંગ્ટનમાં ટેકેદારોની હાજરીમાં ટ્રમ્પે કરેલાં ભાષણને ઍડિટ કરવામાં થયેલી ભૂલ બદલ બીબીસીના ચેરમેન સમીર શાહે સોમવારે માફી માગી હતી. સૅનેટરોને લખેલા પત્રમાં શાહે જણાવ્યું હતું કે ભાષણ જે રીતે ઍડિટ કરવામાં આવ્યું હતું તે હિંસક કાર્યવાહીની સીધી હાકલ હોવાની છાપ ઊભું કરતું હતું. પત્રમાં ડેવિએ જણાવ્યું હતું કે કોઈ ભૂલ થઈ હતી અને ડિરેક્ટર જનરલ તરીકે મારે એ જવાબદારી સ્વીકારવી જોઈએ. (એજન્સી) ■

# આજે સાત રાજ્યમાં પેટા-ચૂંટણી પણ યોજાશે

નવી દિલ્હીઃ બિહારમાં આજે બીજા તબક્કાનું મતદાન યોજાશે. તેની સાથે સાત રાજ્યોની વિધાનસભા પેટા ચૂંટણી પણ યોજાશે. કુલ આઠ બેઠક પર પેટા ચૂંટણી યોજાશે. જેમાં જમ્મુ-કાશ્મીરની બડગામ અને નગરોટા, ઝારખંડની ઘાટશિલા, પંજાબની તરન રન, રાજસ્થાનની અંતા, તેલંગણાની જ્યુબિલી હિલ્સ, મિઝોરમની ડમ્પા અને ઓડિશાની નુઆપાડા વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણી થશે. કે ઓમર અબ્દુલ્લાએ વિધાનસભા ચૂંઠણીમાં બડગામ અને ગંડેરબલ બંને સીટ પરથી ચૂંટણી જીતી હતી. તેણે બડગામ વિધાનસભા સીટ પરથી રાજીનામું આપ્યું હતું. તેથી અહીં પેટા ચૂંટણી યોજાશે. જ્યારે નગરોટા સીટ ભાજપ નેતા અને ધારાસભ્ય દેવેન્દ્ર સિંહ રાણાના નિધન બાદ ખાલી પડી હતી.

ભાજપના નેતા કંવર લાલ મીણાને ૨૦૦૫માં એક કેસમાં દોષી જાહેર કરવામાં આવ્યા બાદ રાજસ્થાનના અંતા વિધાનસભા સીટ પર પેટા ચૂંટણી યોજાશે. જૂન ૨૦૦૫માં આપના ધારાસભ્ય કાશ્મીર સિંહ સોહલના નિધનથી પંજાબની તરનતારન બેઠક પર પેટા ચૂંટણી યોજાશે. બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામની સાથે જ ૧૪ નવેમ્બરના રોજ પેટા ચૂંટણીના પણ પરિણામ જાહેર થશે. ■

## પહેલા પાનાનું ચાલુ

### દિલ્હીમાં કાર-બૉમ્બ

(એનઆઈએ), નેશનલ સિક્યોરિટી ગાર્ડ (એનએસજી) અને ફૉરેન્સિક સાયન્સના વડાને ઘટનાસ્થળે પહોંચી જવાનો કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે આદેશ આપ્યો હતો. અમિત શાહે દિલ્હી પોલીસ વડા, આઈબીના ડિરેક્ટર સાથે વાત કરી પરિસ્થિતિની જાણકારી મેળવવા જણાવ્યું હતું. સરકારી સૂત્રોના જણાવ્યાનુસાર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમિત શાહ સાથે વાતચીત કરી હતી અને પરિસ્થિતિની જાણકારી મેળવી હતી. (એજન્સી)

### મને થયું કે

અમુક કારમાં આગ લાગી હતી. ફાયર બ્રિગેડની અનેક ગાડી ઘટનાસ્થળે પહોંચી છે. એરિયાને સીલ કરી દેવામાં આવ્યો છે. ફાયર બ્રિગેડે કહ્યું હતું કે મેટ્રો સ્ટેશનના ગેટ નંબર એકની નજીક કારમાં સ્ફોટ થયો હતો. દિલ્હી પોલીસના સ્પેશ્યલ સેલની ટુકડી ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.

### દિલ્હીથી ૪૫ કિ.મી.

વપરાતી બીજી સામગ્રી જેવી કે ૨૦ ટાઈમર, બેટરી સાથે ચાર ટાઈમર, પાંચ કિલો હેવી મટિરિયલ, એક વોકી ટોકી સેટ. એક અશોલ્ટ રાઈફલ અને ત્રણ મૅગઝિન પકડાયા છે. તદુપરાંત ૮૩ લાઈવ રાઉન્ડ, આઠ લાઈવ રાઉન્ડ સાથેની પિસ્ટોલ અને બે વધારાની મૅગઝિન પણ જપ્ત કરવામાં આવ્યા હતા. ધૌજી એરિયામાંની તેની રૂમમાંથી આઠ મોટી સૂટકેસ અને ચાર નાની સૂટકેસ અને એક બાલ્દી મળી આવી હતી.

તેમણે કહ્યું હતું કે આ મોડ્યુલના બે જણની ધરપકડ કરવામાં આવી છે. બીજી ધરપકડ જમ્મુ અને કાશ્મીર પોલીસે સહરાનપુરથી કરી છે. છેલ્લા ૧૫ દિવસથી બન્ને પોલીસનું સંયુક્ત ઑપરેશન ચાલતું હતું. ટીમે દરોડા પાડ્યા હતા અને રવિવારે મુઝામિલની ધરપકડ કરી હતી. કમિશનરે કહ્યું હતું કે તપાસ ચાલુ હોવાથી આ અંગે વધુ વિગતો આપી શકાય નહીં. (એજન્સી)



**ટૅકનોલોજીઃ**
નવી દિલ્હીમાં સંરક્ષણ સંબંધી વિવિધ મહત્ત્વની પહેલકદમીઓના અનાવરણ વખતે વીઆર હેટસેટ સાથે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ. (એજન્સી)

# અટકાયતને પડકારતી અમૃતપાલ સિંહની અરજીની સુનાવણી કરવાનું સુપ્રીમે નકાર્યું

નવી દિલ્હીઃ નેશનલ સિક્યોરિટી ઍક્ટ (એનએસએ) અંતર્ગત પોતાને અટકાયતમાં લેવાને પડકારતી ધર્મોપદેશક અને ખાડૂર સાહિબના સાંસદ અમૃતપાલ સિંહની અરજીની સુનાવણી હાથ ધરવાનું સુપ્રીમ કોર્ટે સોમવારે નકારી કાઢ્યું હતું.

ન્યાયાધીશ અરવિંદકુમાર અને એન. વી. અંજારિયાની બનેલી ખંડપીઠે સિંહને અરજી સાથે પંજાબ અને હરિયાણા હાઈ કોર્ટનો સંપર્ક સાધવા જણાવ્યું હતું. સિંહની અરજીને મામલે છ અઠવાડિયામાં નિર્ણય લેવાનું ખંડપીઠે હાઈ કોર્ટને જણાવ્યું હતું.

'વારિસ પંજાબ દે' સંગઠનના વડા સિંહ હાલ એનએસસી અંતર્ગત તેમના નવ સાથીદારો સાથે આસામના દિબ્રુગઢસ્થિત જેલમાં છે. સિંહ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કૉલિન ગોન્સાલ્વીઝે જણાવ્યું હતું કે મારા અસીલને બે વર્ષ કરતાં પણ વધુ સમયથી અટકાયતમાં રાખવામાં આવ્યો છે. એફઆઈઆરને મામલે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હોવાને આધારે અટકાયત કરવામાં આવી હતી. કેન્દ્ર સરકાર વતી ઉપસ્થિત રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ. વી. રાજુને સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે અમે સિંહની અરજીની સુનાવણી નહીં કરીએ પરંતુ તેને હાઈ કોર્ટમાં અરજી દાખલ કરવાની પરવાનગી આપીએ છીએ. (એજન્સી)

# ગુજરાતમાં ૧૪ ડિગ્રી સાથે નલિયા અને ગાંધીનગર સૌથી ઠંડા શહેરઃ તમામ શહેરોમાં લઘુતમ તાપમાનનો પારો ૨૦ ડિગ્રીની નીચે ગગડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સામાન્ય રીતે દિવાળી બાદ ઠંડીની શરૂઆત થઈ જતી હોય છે. પરંતુ, આ વર્ષે દિવાળી સમયે પણ માવઠાની અસર જોવા મળી હતી. જો કે, હવે છેલ્લા અઠવાડીયાથી સવાર-સાંજ ઠંડીનો અનુભવ થવા લાગ્યો છે. છેલ્લા બે ત્રણ દિવસથી રાજ્યમાં કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

સોમવારે સવારે ૮ વાગ્યે પૂરા થતા છેલ્લા ચોવીસ કલાક દરમિયાન રાજ્યમાં ૧૪ ડિગ્રી તાપમાન સાથે નલિયા અને ગાંધીનગર શહેર સૌથી ઠંડા રહ્યા હતા. તમામ શહેરોમાં તાપમાનનો પારો ગગડીને ૨૦ ડિગ્રી નીચે જતો રહ્યો છે. આગામી દિવસોમાં હજી પણ બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી કરવામાં આવી હતી.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં ઠંડીની આગાહી કરવામાં આવી છે, જેમાં પવનની દિશા ઉત્તર-પૂર્વથી પૂર્વની થતાં ઠંડીનો અનુભવ થશે. ઉત્તર તરફથી પવન આવતાં તાપમાન ઘટવાની આગાહી કરવામાં આવી છે. મોટા ભાગના જિલ્લાઓમાં ૨-૩ ડિગ્રી તાપમાન ઘટવાની શક્યતા છે. અમદાવાદમાં પણ ઠંડીનો ચમકારો અનુભવાય એવી શક્યતા હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સેલ્સિયસ અને લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેશે.

હવામાન વિભાગની આગાહી અનુસાર હજી પણ ગુજરાતમાં બેવડી ઋતુનો માર સહન કરવો પડશે. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં ઠંડીની આગાહી કરતાં જણાવ્યું હતું કે, ૧૨ નવેમ્બર સુધી સમગ્ર રાજ્યમાં હવામાન સામાન્ય રીતે ઠંડું અને સૂકું રહેવાની આગાહી કરી હતી.

# સુરતના હીરા ઉદ્યોગનું દિવાળી વેકેશન પૂર્ણઃ હજુ ૭૦ ટકા જ યુનિટ શરૂ થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડાયમંડ સિટી સુરતના હીરા ઉદ્યોગનું દિવાળી વેકેશન પૂર્ણ થતા બજારો ફરી ધમધમતી થઈ હતી. હીરાના વેપારીઓએ લેબગ્રોન ડાયમંડમાં તેજી આવતા હીરા ઉદ્યોગની સ્થિતિ સુધારા પર હોવાનું જ્યારે હજુ પણ રિયલ ડાયમંડ દબાયેલી સ્થિતિમાં હોવાનું જણાવ્યું હતું.

સુરતના હીરા ઉદ્યોગમાં દિવાળી બાદ પણ હજુ વેકેશન જેવો માહોલ હોય તેવું લાગી રહ્યું છે. વેકેશન પૂર્ણ થઈ ગયું હોવા છતાં પણ હજુ ૭૦ ટકા જ યુનિટ શરૂ થયા છે અને તેમાં પણ ૨૦ ટકામાં બપોર બાદ રજા રહે છે. રીયલ ડાયમંડમાં હાલ પણ મંદી જેવો માહોલ છે જ્યારે લેબગ્રોનમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. જોકે લેબગ્રોનની ફેક્ટરીઓમાં કારીગરોની અછત જોવા મળી રહી છે. રીયલ ડાયમંડના હીરાના કારખાનાઓમાં પણ કામ ઓછું હોવાના કારણે પણ હજુ પણ કારીગરો વતનથી પરત ફરી રહ્યા નથી.

સુરતના વરાછા વિસ્તારમાં આવેલી મીની બજાર ખાતે હીરા બજાર શરૂ થઈ છે. હીરા વેપારીઓએ જણાવ્યું હતું કે, દિવાળી પહેલાનો માહોલ થોડોક નબળો હતો અને હવે પબ્લિક ઘણું બધું દેખાય છે એટલે રિસ્પોન્સ સારા લાગે છે કે માર્કેટ થોડુંક આવશે પણ રિયલનું માર્કેટ તો અત્યારે હાલ દબાયેલું છે એટલે સીવીડીનું માર્કેટ જે છે એ લાગે છે કે થોડું ઉછાળામાં આવે છે અને બીજું તો કંઈ ઉત્સાહજનક એવું દેખાતું નથી.

# ધારાસભ્ય ચૈતર વસાવાનો હુંકાર, ભાજપ પર મોટો આરોપ લગાવ્યો

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી થોડા દિવસ બાદ ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે. તેવામાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ ભાજપ પર મોટો આરોપ લગાવ્યો છે. ધારાસભ્ય ચૈતર વસાવાએ કહ્યું છે કે, ભાજપ ખોટા કેસ કરીને મારી ટિકિટ કાપવા માગે છે. વધુમાં કહ્યું કે, હું સર્કસનો નહીં પરંતુ જંગલનો વાઘ બનીને રહેવા માગુ છે. મારે સર્કસનો વાઘ નથી બનવું. ભાજપ દ્વારા સતત તેમને તોડવા માટે પ્રયત્નો કરવામાં આવતો હોવાનો ચૈતર વસાવલાએ આરોપ લગાવ્યો હતો. જેના કારણે ગુજરાતનું રાજકારણ ગરમાયું છે. ચૈતર વસાવા ડેડિયાપાડા વિધાનસભા બેઠકના ધારાસભ્ય છે. ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જયંતીના પ્રસંગે વડા પ્રધાન મોદી નર્મદા જિલ્લાના ડેડિયાપાડા વિધાનસભાની મુલાકાત લેવાના તેવા સમયે ચૈતર વસાવાનું આ નિવેદન એવા સમયે સામે આવ્યુ છે. ભાજપ તેમની વિકેટ પાડવા માટે નરેન્દ્ર મોદીને ડેડિયાપાડા લાવી રહી હોવાનો આપ ધારાસભ્ય ચૈતર વસાવાએ આરોપ લગાવ્યો હતો. એટલું જ નહીં પરંતુ ભાજપ, સીએમ, ગૃહપ્રધાન હર્ષ સંઘવી બધાનું દબાણ હોવાનો પણ આરોપ લગાવ્યો હતો. આ સાથે ચૈતર વસાવાએ એવું પણ કહ્યું હતું કે, તેઓ ભાજપમાં જોડાઈને સર્કસનો વાઘ બનવા નથી માગતા તેઓ અને જંગલનો વાઘ બની રહેવા માગતા હોવાનું નિવેદન આપ્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૫ નવેમ્બરે ડેડિયાપાડાની મુલાકાત લેવાના છે.

# ગુજરાતના લોકોએ છેલ્લાં ૯ મહિનામાં સાયબર ફ્રોડમાં ₹ ૧૦૧૧ કરોડ ગુમાવ્યાઃ રિપોર્ટમાં ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતમાં સાયબર ફ્રોડનાં વધતા કિસ્સાઓમાં લોકો કરોડો રૂપિયા ગુમાવી રહ્યા છે. છેતરપિંડી રોકવા સરકારના નવા પગલા છતાં સાયબર માફિયાઓ નવા રસ્તા શોધી લે છે તેવા સમયે ગુજરાતના લોકોએ છેલ્લા નવ મહિનામાં સાયબર ફ્રોડમાં રૂ.૧૦૧૧ કરોડ ગુમાવ્યા હોવાનો એક રિપોર્ટમાં ખુલાસો થયો છે.

નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરોનાં રીપોર્ટ પ્રમાણે ગુજરાતમા જાન્યુઆરીથી સપ્ટેમ્બર મહિનામાં સાયબર ફ્રોડની ૧.૪૨ લાખ ફરિયાદો થઈ હતી અને તેમાં લોકોએ ૧૦૧૧ કરોડ ગુમાવ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૪.૮૧ લાખ ફરિયાદોમાં લોકોએ રૂ. ૩૩૮૭.૦૨ કરોડ ગુમાવ્યા હતા. તેની સરખામણીએ ચાલુ વર્ષનાં નવ મહિનાનો આંકડો સાયબર ફ્રોડમાં મોટો વધારો થયાનું સૂચવે છે.

સાયબર ક્રાઈમ વિભાગના કહેવા પ્રમાણે લાલચ અને ધાકધમકીમાં લોકો નાણાં ગુમાવે છે. વર્ષ ૨૦૨૦ થી પાંચ વર્ષમાં ગુજરાતમાં દરરોજ ૧૫૫.૫ અને દર કલાકે ૬.૫ સાયબર ફ્રોડ ફરિયાદ નોંધાતી હતી. પરંતુ ચાલુ વર્ષે તેમાં ચોંકાવનારો વધારો થયો છે. ૯ મહિનામાં ૧.૪૨ લાખ સાયબર ફ્રોડની ફરિયાદોનો અર્થ એવો થાય છે કે દરરોજ ૫૨૧ અને દર કલાકે ૨૧ સાયબર ફ્રોડ થાય છે જે ૨૦૦ ટકાનો ધરખમ વધારો સુચવે છે. આ અંગે અધિકારીઓએ જણાવ્યું હતું કે, પેન્શનરો સૌથી વધુ નિશાન બને છે. સાયબર માફીયાઓ એક યા બીજી રીતે પેન્શન સંબંધી લીંક મોકલીને ફસાવે છે. એપીકે ફાઈલ ખોલતાની સાથે જ તેઓનું લીંક ખાતુ સાફ થઈ જાય છે.

રસપ્રદ બાબત એ છે કે, સાયબર ફ્રોડના દરેક કેસમાં સરેરાશ રકમ એકસરખી જ છે.માત્ર ૧.૩ ટકાની વૃદ્ધિ છે.૨૦૨૦ થી પાંચ વર્ષમાં સાયબર ફ્રોડના દરેક કેસમાં સરેરાશ ૭૦૩૧૩ ગુમાવાયા હતા. ૨૦૨૫ માં ૬૭ કેસ દીઠ ગુમાવેલી રકમનો આંકડો ૭૧૨૦૪ હતો.

નિષ્ણાતોનાં કહેવા પ્રમાણે સાયબર માફીયાઓ છેતરપિંડી માટે નવા-નવા રસ્તા શોધી લે છે. ટ્રાફિક મેમો લગ્નનાં ઈન્વીટેશન, આરટીઓ ચલણ, પોસ્ટ ઓફિસની બનાવટી લીંક જેવા અનેક માર્ગ અપનાવે છે.

# દિલ્હી બ્લાસ્ટ બાદ ગુજરાતમાં હાઈ અલર્ટ, વાહનોનું ચેકિંગ શરૂ કરાયુંઃ પોલીસ બંદોબસ્ત

અમદાવાદઃ દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા બ્લાસ્ટ બાદ ગુજરાતમાં પણ હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. ગુજરાતના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું હતું કે, દિલ્હીમાં બ્લાસ્ટ થયા બાદ ગુજરાતમાં એલર્ટ આપી દેવાયું છે. પોલીસને વાહન ચેકિંગ કરવા સૂચના આપવામાં આવી છે. કોઈ પણ શંકાસ્પદ વ્યક્તિ જણાય તો તેની પુછપરછ માટે સૂચના આપવામાં આવી છે. સંવેદનશીલ વિસ્તારમાં પોલીસનું પેટ્રોલિંગ વધારવામાં આવશે. મહાનગરો અને રાજ્યના એન્ટ્રી એક્ઝિટ પોઇન્ટ તેમજ શહેર જિલ્લાના તમામ એન્ટ્રી એક્ઝિટ પોઇન્ટ પર નાકાબંધી, વાહન ચેકીંગ, પોલીસ પેટ્રોલિંગ અને પોલીસ પ્રેઝન્સ માટે તમામ શહેર જિલ્લા પોલીસના વડાઓને સૂચના આપવામાં આવી છે.

ગુજરાતમાં અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ સહિતના શહેરોમાં સુરક્ષાના કારણોસર પોલીસ દ્વારા વાહન ચેકિંગ કાર્યવાહી શરૂ કરવામાં આવ્યું હતું. ધાર્મિક સ્થળોની આસપાસ સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી હતી. લોકોને કોઈ પણ બિન વારસી વસ્તુઓ અને વાહનથી દૂર રહેવા અને પોલીસને જાણ કરવા અપીલ કરવામાં આવી છે. બનાસકાંઠાની ગુજરાત અને રાજસ્થાનને જોડતી તમામ ચેકપોસ્ટ ઉપર સુરક્ષા વધારી દેવામાં આવી હતી. અંબાજી મંદિર, અમીરગઢ બોર્ડર પર પણ સુરક્ષા વધારવામાં આવી હતી. રાજસ્થાન-દિલ્લી તરફથી આવતા વાહનોની ઝીણવટ ભરી તપાસ હાથ ધરાઈ હતી. મહારાષ્ટ્ર અને ગુજરાતની ભિલાડ ચેકપોસ્ટ ઉપર પણ ચેકિંગ શરૂ કરવામાં આવ્યું હતું.

# સુરતની કિરણ હૉસ્પિટલના ડૉક્ટરનો આપઘાતઃ ઘરકંકાસને કારણે અંતિમ પગલું ભર્યું હોવાની આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ગોડાદરામાં નવ નવેમ્બરના રોજ હોટલ નેસ્ટના આઠ નંબરના રૂમમાં સુસાઈડ નોટ લખીને ડોક્ટરે પોતાની જાતને એનેસ્થેસિયાનું ઇન્જેક્શન મારી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. હોટલમાં ડોક્ટરે એક દિવસનું રોકાણ કર્યું હતું. તેમણે રાત્રે ૧ વાગ્યે ચેક ઈન કર્યું હતું, પરંતુ જોકે ચેક આઉટ ન કરતાં અને હોટલ સંચાલકને શંકા જતાં પોલીસને જાણ કરી હતી. પોલીસ દ્વારા દરવાજો ખોલતાં ડોક્ટર મૃત હાલતમાં મળ્યા હતા. રૂમમાંથી સિરીંજ અને બોટલ મળી આવ્યા હતા. આપઘાત અંગેનું કોઈ કારણ જાણવા મળ્યું નથી. આ મામલે ગોડાદરા પોલીસ વધારે પૂછપરછ કરીને આપઘાત પાછળનું સાચું કારણ શોધી રહી છે. સુસાઈડ નોટ ડોક્ટર ભાવેશે પોતાની પત્નીને સંબોધીને લખી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે મૃતદેહ પાસેથી એક પેજ જપ્ત કર્યું હતું, જેના પર ડોક્ટરે પોતાની પત્ની 'ધારા'નું ચિત્ર બનાવ્યું હતું અને એની આગળ ''આઈ લવ યુ ધારા'' લખ્યું હતું, જ્યારે અન્ય એક પેજ પર તેમણે માત્ર 'ન્યાય' શબ્દ લખ્યો હતો. તેમની પત્ની ધારા અમદાવાદની એક પ્રાઇવેટ કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે. હાલમાં પોલીસે આ આપઘાત પાછળનું સાચું કારણ અને 'ન્યાય' શબ્દનો અર્થ જાણવા માટે વધુ તપાસ શરૂ કરી છે. જેથી આ તબીબે ઘરકંકાસને કારણે અંતિમ પગલું ભર્યું હોવાની પોલીસ શક્યતા વ્યક્ત કરી રહી છે.

મળતી માહિતી પ્રમાણે, મૂળ રાજુલાના અને સુરતના ડિંડોલી વિસ્તારમાં આવેલા દેલાડવા ખાતેની મહા ખોડિયારનગર રેસિડેન્સીમાં ૩૩ વર્ષીય ડોક્ટર ભાવેશ રાહુલભાઈ કવાડ રહેતા હતા. ડોક્ટર ભાવેશના લગ્ન બે વર્ષ પહેલાં થયાં હતાં. લગ્નના શરૂઆતના ત્રણેક માસ સુધી તેઓ સાથે હતા, ત્યારબાદ ઘર કંકાસ થતાં સાથે રહેતા નહોતા. પત્ની એક વર્ષથી અમદાવાદ ખાતે રહે છે. ડોક્ટર ભાવેશને કોઈ સંતાન નહોતું અને કિરણ હોસ્પિટલમાં હોમિયોપેથિક ડોક્ટર તરીકે ફરજ બજાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા.

# ગાંધીનગરમાં પોલીસ કોન્સ્ટેબલે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યોઃ કારણ અકબંધ

અમદાવાદઃ ગાંધીનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપમાં ફરજ બજાવતા એક પોલીસ કોન્સ્ટેબલે માણસા તાલુકાના હરણા હોડા ગામમાં આવેલા પોતાના નિવાસસ્થાને ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું. મૃતકના પિતાએ પોતાના દીકરાને પંખા સાથે લટકતી હાલતમાં જોતા તેમને આઘાત લાગ્યો હતો. આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ જાણવા પોલીસે સઘન તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

મૃતક કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહ ઈશ્વરસિંહ ચાવડા અગાઉ ડીઆઈજી કચેરી ખાતે રીડર શાખામાં ફરજ બજાવતા હતા અને છેલ્લા એક અઠવાડિયાથી સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપમાં ફરજ બજાવતા હતા. તેઓ માણસાના હરણા હોડા ગામમાં પોતાના પિતા ઈશ્વરસિંહ સાથે રહેતા હતા. તેમના પરિવારમાં પત્ની, બે દીકરીઓ અને દોઢ વર્ષનો એક નાનો દીકરો છે. ૯ નવેમ્બરે પત્ની અને બાળકોને કોલવડા સાસરીમાં મુકીને નરેન્દ્રસિંહ ગાંધીનગર ખાતે ફરજ પર હાજર થયા હતા. ફરજ પરથી પરત ફર્યા બાદ રાત્રે ભોજન કરીને પોતાના રૂમમાં સૂવા ગયા હતા. આજે વહેલી સવારે પિતા ઈશ્વરસિંહ રૂમમાં પ્રવેશતા જ તેમણે જોયું ત્યારે નરેન્દ્રસિંહ પંખા સાથે લટકતી હાલતમાં મળી આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો સ્થળ પર એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક માણસા પોલીસને જાણ કરવામાં આવી હતી.

# ભારતીય શૈલીની રંગબેરંગી કલરફૂલ લાઈટિંગથી ઝગમગ થઈ ગયું સ્ટેચ્યૂ ઑફ યુનિટી

અમદાવાદઃ ભારતીય સંસ્કૃતિમાં પ્રકાશને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. કોઈ પણ વાર-તહેવાર કે ધાર્મિક પ્રસંગ હોય તેમાં પ્રકાશનું મહત્ત્વ અડગ રહ્યું છે. જ્યારે હવે તો લાઈટિંગ એક આર્ટ બની ગયું છે. જેથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે ભારત પર્વની ઐતિહાસિક ઉજવણી કરવામાં આવી રહી છે. એક્તાનગર ખાતે ખાસ પ્રકારની લાઈટિંગ્સ લગાવવામાં આવી હતી. પ્રકાશ પર્વના અવસરે એક્તાનગર, સ્ટેચ્યૂ ઓફ યુનિટી પ્રકાશથી ઝગમગી ઉઠ્યું હતું એક્તા નગરને વિવિધ રંગબેરંગી લાઈટિંગથી ભારતની વિવિધ સંસ્કૃતિઓ અને પરંપરાઓની ઝાંખીઓથી શણગારવામાં આવ્યું છે. જ્યાં ભારતની વિવિધતામાં એકતાના દર્શન થાય છે. આ સાથે ૧૮૨ મીટર દુનિયાની સૌથી ઊંચી સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય પ્રતિમાથી લઈને સરદાર સરોવર ડેમ સુધી દરેક સ્થળે તિરંગા રંગમાં લેસર લાઈટિંગથી ઝગમગાટ છવાઈ છે. સ્થાનિક કલાકારો અને શિલ્પકારોએ પણ પોતાના હસ્તકલા કૃતિઓને લાઈટિંગના પ્રકાશ દ્વારા રજૂ કરી છે. ભારત પર્વમાં લાઈટિંગ સાથે પર્યટકોએ હજારો સેલ્ફી અને ફોટો મોબાઈલમાં કંડાર્યા છે. લાઈટિંગથી શણગારેલ દરેક થીમ પોતાના અંદર કંઈક સંદેશો સમેટી રાખે છે, ક્યાંક રાષ્ટ્રીય એકતાનું પ્રતિબિંબ દેખાય છે.

# નળ સે જલ યોજનામાં ભ્રષ્ટાચારઃ ગુજરાત સહિતનાં રાજયોમાં તપાસ શરૂ

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મહત્ત્વાકાંક્ષી જલજીવન યોજનામાં ભારે ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોવાના આરોપો સતત થઈ રહ્યા છે. જો કે હવે કેન્દ્ર સરકાર પણ આ મામલે હરકતમાં આવી છે. કેન્દ્રીય એજન્સીએ ગુજરાત સહિતના ૧૫ રાજયો અને કેન્દ્રશાસીત પ્રદેશોમાં તપાસ શરૂ કરી છે અને તેમાં હવે સીબીઆઈને પણ જોડવામાં આવે તેવી શક્યતા છે. ઘરેઘરે નળ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવાની આ યોજનામાં ગુજરાત પણ જોડાયું છે અને રાજયમાં પણ આ અંગે ભારે ભ્રષ્ટાચાર થયો હોવાનું અગાઉ અનેક વખત બહાર આવ્યુ હતું જેમાં ૧૬,૬૩૪ ફરિયાદો મળી છે. ઉતર પ્રદેશમાં સૌથી વધુ ૧૪,૨૬૪ ફરિયાદો નોંધાઈ છે. જયારે અન્ય રાજયોમાં રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ, છતીસગઢ, ગુજરાત, હરિયાણા વગેરેનો સમાવેશ થાય છે. સરકારી યોજનાઓ અંગે થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન સમયે ૧૦૦ જેટલી ટીમોએ આ અંગે તપાસ કરી હતી. તેમાં યોજનાના અમલીકરણ અંગેનાં તમામ નાણા કોન્ટ્રાકટરોને ચુકવાઈ ગયાં હોવા છતાં પણ અનેક વિસ્તારોમાં પાણી પહોંચતુ નહીં હોવાના અથવા તો પાઈપલાઈન પણ નહી નંખાઈ હોવાનું બહાર આવ્યું હતું.

# જામનગર જિલ્લાના ૧૫૪ જેટલા વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર જિલ્લાની હદમાં આવેલ મિલિટરી સ્ટેશન, એરફોર્સ સ્ટેશન, જામનગર તથા સમાણા, આઈએનએસ વાલસુરા, એશિયાની સૌથી મોટી ઓઈલ રીફાઈનરી, થર્મલ પાવર સ્ટેશન સિક્કા, જી.એસ.એફ.સી. તથા અન્ય મોટા ઔદ્યોગિક એકમો જેવા સંવેદનશીલ વાઈટલ ઈન્સ્ટોલેશન્સ આવેલા છે, જેના કારણે આ વિસ્તારમાં ડ્રોન ઉડાડવા પર સંપૂર્ણ રીતે પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. કુલ મળીને જાનનગર જિલ્લાના ૧૫૪ જેટલા રેડ ઝોન અને યલો ઝોન જાહેર કરવામાં આવ્યા ત્યાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ લાગ્યો છે.

જામનગર જિલ્લામાં આવેલા ૧૫૪ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઇન્સ્ટોલેશન્સને રેડ ઝોન કે યલો ઝોનમાં વિભાજીત કરવામાં આવેલા છે. જેમાંથી ૧૧૨ રેડ ઝોન અને ૪૨ યલો ઝોન ઈન્સ્ટોલેશન્સ આવેલા છે. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બીએન ખેર દ્વારા પ્રતિબંધનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા પ્રમાણે જામનગર મહાનગરપાલિકા સહિતના સમગ્ર જામનગર જિલ્લાના રેડઝોન અને યલો ઝોન જાહેર કરાયેલા વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ રહેશે. આ સાથે આગામી તારીખ ૦૮-૧૨-૨૦૨૫ સુધી આ જાહેરનામું અમલમાં રહેશે. જો કોઈ વ્યક્તિ દ્વારા આ જાહેરનામાંનો ભંગ કરવામાં આવશે તો તેની સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ કાર્યવાહી કરવામાં આવશે તેવો આદેશ કરવામાં આવ્યો છે.

# અમદાવાદ ઍરપોર્ટ પર આવતી અનેક ફ્લાઇટના શિડ્યૂલ ખોરવાયાંઃ ૨૦ ફ્લાઇટ એકથી ચાર કલાક જેટલી મોડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિલ્હીના ઇન્દિરા ગાંધી એરપોર્ટ પર શુક્રવારે સવારે ટેકનિકલ ખામી સર્જાતાં ફ્લાઇટ ઓપરેશન ખોરવાયું હતું, જેને કારણે અમદાવાદ એરપોર્ટ પર પણ તેની અસર અત્યાર સુધી જોવા મળી રહી છે. રવિવારે એટલે કે, નવ નવેમ્બરના રોજ ૨૦ ફ્લાઇટ એક કલાકથી ચાર કલાક જેટલી મોડી પડી હતી. જેમાં સૌથી વધુ ઈન્ડિગોની ૧૫ ફ્લાઇટ મોડી પડી હતી.

દિલ્હીથી આવેલી ફ્લાઇટ નંબર ૬૭૯૨ સૌથી વધુ એટલે કે, ચાર કલાક મોડી પહોંચી હતી. મુંબઈથી આવેલી ફ્લાઇટ્સમાં ૫૧૮૯ અને ૫૩૪ એક કલાક, જ્યારે ૫૨૫૧ બે કલાક મોડી પડી હતી. પૂણેની ૮૧૯, હૈદરાબાદની ૬૯૨૭, લખનૌની ૧૪૨, દુબઇની ૭૫૨૬, મુંબઈની ૨૩૪૭, જમ્મુની ૬૧૦૯, ગાઝિયાબાદની ૨૫૬૮, મુંબઈની ૬૮૩, દિલ્હીની ૫૩૧૭ તેમજ લખનૌની ૬૯૬૮ આ બધી ફ્લાઇટ્સ એક-એક કલાક જેટલી મોડી પડી હતી. બેંગલુરુની ફ્લાઇટ નંબર ૬૫૪૫ બે કલાક મોડી પડી હતી.

જ્યારે સ્માર્ટ વિંગ્સની કુલ ૪ ફ્લાઇટો પણ સમયસર પહોંચી શકી નહોંતી.

# મુખ્ય પ્રધાને જનગણના-સેન્સસ ગુજરાતની નવી વેબસાઈટ ગાંધીનગરમાં લૉન્ચ કરી

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં જનગણના-સેન્સસ ગુજરાતની અદ્યતન વેબસાઈટ ગુજરાત.સેન્સસ.ગવ.ઈનનું લોન્ચિંગ કર્યું હતું. ગુજરાત, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દિવની જનગણના નિયામક કચેરી દ્વારા તૈયાર કરવામાં આવેલી આ વેબસાઈટમાં મોર્ડન એલિમેન્ટ્સ, ઇઝી મેનુ અને મલ્ટીલેંગ્વેજ ફંકશન સાથે યુઝર્સને સરળ એક્સેસ મળશે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ વેબસાઈટનું લોન્ચિંગ કરતા કહ્યું હતું કે, સરકારે જનકલ્યાણની દરેક યોજનાઓના અસરકારક અમલ અને આયોજનથી સંતુલિત વિકાસનો જે ધ્યેય રાખ્યો છે તે જનગણનાથી જનકલ્યાણની ટેગ લાઈનને સુસંગત છે. નવી વેબસાઈટ લોન્ચિંગથી એને વધુ બળ મળશે તેમ મુખ્ય પ્રધાને ઉમેર્યું હતું. મુખ્ય પ્રધાને આ વખતે દેશની આગામી જનગણના ૨૦૨૭ અંતર્ગત પ્રથમ વખત મોબાઇલ એપ્લિકેશન દ્વારા સંપૂર્ણપણે ડિજિટલ રીતે હાથ ધરવામાં આવી રહી છે તેની સરાહના કરતા કહ્યું હતું કે, નાગરિકો વેબ પોર્ટલ દ્વારા સુરક્ષિત રીતે તેમનો ડેટા સબમિટ કરી શકે તે માટે પ્રથમ વખત, સેલ્ફ એન્યુમરેશન એટલે કે સ્વ-ગણતરી સુવિધા પણ રજૂ કરવામાં આવી રહી છે. તેનાથી પાયલટ પ્રોજેક્ટમાં પસંદ થયેલા જિલ્લાઓમાંથી ફર્સ્ટ હેન્ડ એક્સિપિરિયન્સ મળશે.

રાજ્યના જનગણના નિયામકએ આ વેબસાઈટની વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, આગામી ૨૦૨૭ની જનગણના માટે રિહર્સલ હાથ ધરવામાં આવ્યું છે અને વિવિધ મોબાઇલ એપ્સનું ટેસ્ટિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ જનગણના ૨૦૨૭ના પ્રિ-ટેસ્ટ માટે ગુજરાતના સુરત મહાનગરપાલિકાના ૧૩૩ બ્લોક, દાહોદના દેવગઢબારિયા તાલુકાનાં ૨૬ ગામોના ૭૦ બ્લોક અને મોરબીના ટંકારા તાલુકાનાં ૨૫ ગામોના ૬૦ બ્લોક પસંદ કરવામાં આવ્યા છે.

# સુરતમાં ભાભી સાથે પ્રેમ સંબંધની શંકાએ મિત્રની કરપીણ હત્યા કરનાર આરોપીની ધરપકડ

અમદાવાદઃ સુરતમાં થોડાં દિવસ ૯ નવેમ્બરના રોજ રાત્રે રીંગ રોડની સુરત ટેક્સટાઇલ માર્કેટ ખાતે બ્લોક નંબર 'ઓ' અને 'એસ' ની વચ્ચે આવેલા ગેટ નંબર પાંચ નજીક હત્યાની ઘટના બની હતી. રીંગ રોડ વિસ્તારમાં આવેલ સુરત ટેક્સટાઇલ માર્કેટ નજીક થયેલી હત્યાનો ભેદ સલાબતપુરા પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી દીધો હતો.

પોલીસે હત્યા કેસમાં વિગતો આપતા જણાવ્યું હતું કે, આરોપી મુકેશ મધુકર સકટે પોતાના ભાઈની સગાઈ થયેલી યુવતી સાથે મૃતકની વાતચીત હોવાની શંકાને કારણે મિત્ર સરદાર ઉર્ફે ચકુ દેવીદાર ચૌહાણની હત્યા કરી નાખી હતી. આરોપીએ ચપ્પુના ઘા મારીને હત્યાની ઘટનાને અંજામ આપ્યો હતો.

પોલીસના જણાવ્યા પ્રમાણે આરોપી મુકેશ સકટે ચપ્પુ વડે હુમલો કરી ૨૧ વર્ષીય સરદાર ઉર્ફે ચકુ દેવીદાર ચૌહાણને મોતને ઘાટ ઉતાર્યો હતો. હત્યા કર્યા બાદ આરોપી ફરાર થઈ ગયો હતો.

આ કેસમાં પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપીને શોધવા માટે સઘન તપાસ શરૂ કરી દીધી હતી ટેકનિકલ અને હ્યુમન ઇન્ટેલિજન્સના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. તપાસના અંતે આરોપી મુકેશ સકટી ધરપકડ કરી લેવામાં આવી હતી.

# મહેસાણાના કડીમાં દીવાલ ધરાશાયી થતાં એક મજૂરનું કરુણ મોતઃ ૬ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લાના કડી શહેરના ભવપુરા વિસ્તારમાં એક મકાનનું બાંધકામ ચાલી રહ્યું હતું, એ દરમિયાન બાજુના એક જર્જરિત મકાનની દીવાલ અચાનક ધરાશાયી થઈ હતી. આ દીવાલના કાટમાળ નીચે સાત જેટલા શ્રમજીવી મજૂરો દબાઈ ગયા હતા. જેમાંથી એક મજુરનું કરૂણ મોત નિપજ્યું હતું.

દીવાલ ધરાશાયી થતાં જ ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી અને દટાયેલા તમામ મજૂરોને બહાર કાઢવામાં આવ્યા હતા. તમામ સાત ઘાયલ મજૂરને તાત્કાલિક સારવાર માટે ભાગ્યોદય હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મજૂરોને ૧૦૮ એમ્બ્યુલન્સ અને ખાનગી વાહનો દ્વારા હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા.

હૉસ્પિટલમાં ડોક્ટરોએ સારવાર શરૂ કરી હતી, પરંતુ કમનસીબે સાત પૈકીના એક મજૂર કડીના લક્ષ્મીપુરામાં રહેતા ઠાકોર જગદીશજી અભુજીને ડૉક્ટરે મૃત જાહેર કર્યા હતા. અન્ય ઘાયલ મજૂરોની સારવાર ચાલી રહી છે, જેમાં બે મજૂરની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. બાકીના મજૂરોને પણ ઈજાઓ પહોંચી હતી.

## માર્ગ સલામતી માટે બજેટનો એક ટકા ભાગ અલગ રાખો: મહારાષ્ટ્ર સરકાર

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે સોમવારે મુંબઈ મહાનગરપાલિકા સહિત તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનોને તેમના વાર્ષિક બજેટનો ઓછામાં ઓછો એક ટકા માર્ગ સલામતી અને જનજાગૃતિ પહેલ માટે ફાળવવાનો નિર્દેશ આપ્યો છે.

શહેરી વિકાસ વિભાગ દ્વારા જારી કરાયેલા સરકારી ઠરાવ (જીઆર) અનુસાર, આ પગલું એસ રાજશેખરન દ્વારા રાહદારીઓની સલામતી અને ટ્રાફિક શિસ્ત અંગે દાખલ કરાયેલી જાહેર હિતની અરજીમાં સર્વોચ્ચ અદાલતના આદેશોને અનુસરે છે.

રસપ્રદ વાત એ છે કે, આ આદેશ મહારાષ્ટ્રમાં નાગરિક સંસ્થાઓની ચૂંટણીઓ પહેલા આવ્યો છે, જે જાન્યુઆરી ૨૦૨૬ માં યોજાવાની સંભાવના છે.

આ આદેશમાં દરેક નાગરિક સંસ્થાએ આ હેતુ માટે અલગ બજેટરી હેડ ખોલવું જોઈએ અને ભંડોળનો ઉપયોગ ફક્ત માર્ગ અને રાહદારીઓની સલામતી સંબંધિત પગલાં માટે કરવો જોઈએ. આ જીઆરમાં તમામ શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે ૧૪ નિર્દેશો આપવામાં આવ્યા છે. મુખ્ય પગલાંઓમાં બસ સ્ટેન્ડ, મેટ્રો અને રેલવે સ્ટેશનો સહિત મુખ્ય જાહેર પરિવહન કેન્દ્રો પર સ્પર્શેન્દ્રિય પેવિંગ ઇન્સ્ટોલ કરવાની જોગવાઈ છે, જેથી દૃષ્ટિહીન લોકો માટે વધુ સારી સુલભતા સુનિશ્ચિત થાય.

નાગરિક સંસ્થાઓએ રાહદારીઓની સુવિધા સુધારવા અને ''સીમલેસ એન્ટ્રી, વેઇટિંગ એરિયા અને સ્પર્શેન્દ્રિય માર્ગો પૂરા પાડવા માટે ટ્રાફિક વિભાગ સાથે સંકલન કરવાની જરૂર છે.''

જીઆરમાં જણાવાયું છે કે મ્યુનિસિપલ કોર્પોરેશનોને દર છ મહિને રજિસ્ટર્ડ ઓડિટિંગ એજન્સીઓ દ્વારા વ્યાપક ફૂટપાથ ઓડિટ કરાવવાની સૂચના આપવામાં આવી છે, જેમાં બજારો, શાળાઓ, કોલેજો, પરિવહન ટર્મિનલ અને પ્રવાસન સ્થળો જેવા વ્યસ્ત વિસ્તારોને પ્રાથમિકતા આપવામાં આવશે.

જીઆરમાં નાગરિક સંસ્થાઓને એ પણ સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું કે શહેરના ઓછામાં ઓછા ૨૦ ટકા રસ્તાઓનું વાર્ષિક સર્વેક્ષણ કરવામાં આવે જેથી નવા રાહદારી ક્રોસિંગની જરૂરિયાતનું મૂલ્યાંકન કરી શકાય.

તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનોને અતિક્રમણ, ક્ષતિગ્રસ્ત ફૂટપાથ અથવા રાહદારીઓની સુવિધાઓ સંબંધિત ફરિયાદો માટે ૧૫ દિવસની અંદર ફરજિયાત નિરાકરણ સાથે ઓનલાઈન ફરિયાદ પોર્ટલ સ્થાપિત કરવા પણ કહેવામાં આવ્યું છે.

## ૨૦૧૨માં વકીલની હત્યાનો કેસ: સિક્યોરિટી ગાર્ડને આજીવન કેદની સજા હાઇ કોર્ટે યથાવત્ રાખી

મુંબઈ: ૨૦૧૨માં મુંબઈની વકીલ પલ્લવી પુરકાયસ્થની હત્યાના કેસમાં સિક્યોરિટી ગાર્ડને દોષી ઠેરવી ફરમાવવામાં આવેલી આજીવન કેદની સજા બોમ્બે હાઈ કોર્ટે સોમવારે યથાવત રાખી હતી.

ન્યાયમૂર્તિ એ એસ ગડકરી અને ન્યાયમૂર્તિ નીલા ગોખલેની ખંડપીઠે મહારાષ્ટ્ર સરકાર અને પુરકાયસ્થના પિતા દ્વારા દોષી સજ્જાદ મુગલ પઠાણની આજીવન કેદમાં વધારો કરવાની માગ કરતી અપીલને ફગાવી દીધી હતી. અદાલતે પઠાણની સજા અને સજાને પડકારતી અપીલને પણ ફગાવી દીધી હતી. જુલાઈ ૨૦૧૫માં સેશન્સ કોર્ટે પઠાણને આજીવન કેદની સજા ફટકારી હતી. ટ્રાયલ કોર્ટે પઠાણને ફાંસીની સજા આપવાનો ઇનકાર કર્યો હતો કારણ કે આ કેસ 'રેરેસ્ટ ઓફ રેર' પ્રકારમાં નથી આવતો. મુંબઈમાં પલ્લવી પુરકાયસ્થ જે બિલ્ડિંગમાં રહેતી હતી એ જ બિલ્ડિંગમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરતા પઠાણને હત્યા, છેડતી અને ગુનાહિત ગેરકાયદેસર પ્રવેશ માટે દોષી ઠેરવવામાં આવ્યો હતો.

## લાડકી બહિણ યોજના ક્યારેય બંધ નહીં થાય: એકનાથ શિંદે

થાણા: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના પ્રમુખ એકનાથ શિંદેએ સરકારની લાડકી બહિણ યોજના ચાલુ જ રહેશે એમ જણાવી એ બંધ થવાની અફવાઓને ફગાવી દીધી છે અને મહાયુતિની ચૂંટણી સફળતાનો શ્રેય યોજનાના લાભાર્થીઓને આપ્યો હતો.

રવિવારે મોડી રાત્રે થાણામાં એક કાર્યક્રમમાં હરીફ શિવસેના (યુબીટી) જૂથના સભ્યો સહિત કલ્યાણ-ડોમ્બિવલીના ૧૦૦ થી વધુ કાર્યકરો, પદાધિકારીઓ અને ભૂતપૂર્વ નગરસેવકો તેમના પક્ષમાં જોડાયા પછી શિંદે બોલી રહ્યા હતા.

આવતા મહિને રાજ્યમાં યોજાનારી વિવિધ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી પહેલા શિંદેની સેનામાં અનેક લોકો જોડાયા છે. નાયબ મુખ્ય પ્રધાનએ સભાને સંબોધિત કરતી વખતે મહારાષ્ટ્રમાં શિવસેનાના વધતા સમર્થનનો શ્રેય શિવસેનાના સ્થાપક સ્વર્ગસ્થ બાળ ઠાકરે અને (શિંદેના માર્ગદર્શક) આનંદ દિઘેના આદર્શોના પાલનને આભારી હોવાનું જણાવ્યું હતું.

શિંદેએ મુખ્ય પ્રધાન તરીકે તેમના કાર્યકાળ (૨૦૨૨ થી ૨૦૨૪ સુધી) પર પ્રકાશ પાડ્યો હતો. મહિલાઓને માસિક નાણાકીય સહાય પૂરી પાડતી 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના'ને સૌથી લોકપ્રિય યોજના ગણાવી કહ્યું હતું કે આ યોજના ક્યારેય બંધ નહીં થાય.

નવા સભ્યોના સમાવેશ અંગે શિંદેએ ટિપ્પણી કરી હતી કે 'સમગ્ર મહારાષ્ટ્રમાં શિવસેનામાં આટલી મોટી સંખ્યામાં લોકો જોડાઈ રહ્યા છે કારણ કે આ શિવસેના બાળાસાહેબ ઠાકરેના વિચારો સાથે આગળ વધે છે.

શિવસેના વચનનું પાલન કરશે એવી ખત્રી બધાને હોવાથી લોકો અમારી સાથે આવે છે.' (પીટીઆઈ)

## ફરિયાદીઓ સાથે ગેરવર્તન બદલ ઓશિવરાના બે પોલીસ સસ્પેન્ડ

મુંબઈ: બે ફરિયાદમાં કાયદાનું પાલન ન કરીને પોલીસ દળની છબિ ખરડવા બદલ અને ફરિયાદીઓ સાથે ગેરવર્તન કરવાના આરોપસર ઓશિવરા પોલીસ સ્ટેશનના બે અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, જ્યારે અન્ય પાંચ વિરુદ્ધ તપાસ હાથ ધરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ પહેલા કેસમાં શુક્રવારે આનંદ નગર ખાતે બે સમુદાયના સભ્યો વચ્ચે અથડામણ થઈ હતી. એક સમુદાયના લોકોએ બીજા સમુદાયના દુકાનદારની મારપીટ કરી હતી. દુકાનદારની તરફેણમાં રહેલા એક રાજકીય પક્ષની યુવા પાંખના કાર્યકરો આ મામલે ઓશિવરા પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. દુકાનદારની મારપીટ કરનારાઓ વિરુદ્ધ પગલાં લેવાની માગણી કાર્યકરોએ કરી હતી.

એ જ સમયે એક મહિલા દુકાનદાર પર હુમલો કરનારા સમુદાયના અન્ય શખસ વિરુદ્ધ વિનયભંગની ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશને આવી હતી. આ ઘટના અલગ હોવા છતાં રાજકીય પક્ષના કાર્યકરોએ આરોપી વિરુદ્ધ કડક કાર્યવાહીની માગણી કરી હતી.

ઓશિવરા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટરે આ બાબતે કાર્યકરો સાથે ચર્ચા કરીને કાયદા મુજબ યોગ્ય કાર્યવાહીની કથિત ખાતરી આપી હતી. જોકે કાર્યકરો પોલીસ સ્ટેશન પરિસરમાં જ બેસી રહ્યા હતા અને તાત્કાલિક કાર્યવાહીની માગણી કરી હતી.

પક્ષના કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે પોલીસે ફરિયાદો સંદર્ભે સહકાર આપ્યો નહોતો. આ મામલે આસિસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેક્ટર્સ અને કોન્સ્ટેબલ્સ સહિત સાત જણ વિરુદ્ધ તપાસ કરવામાં આવી હતી. કાર્યકરો સાથે ગેરવર્તન કરાયું હતું કે કેમ તેની પણ ખાતરી કરવામાં આવી હતી.

## નવમા પાનાનું ચાલુ

### મહારાષ્ટ્રમાં

તે પ્રશ્ન ઉદ્‌ભવતો નથી. વડેટ્ટીવારે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે આ નિર્ણય કૉંગ્રેસ હાઇકમાન્ડ સાથે ચર્ચા કર્યા પછી સ્થાનિક સ્તરે લેવામાં આવ્યો હતો. શું ઉદ્ધવ ઠાકરેથી નારાજ કૉંગ્રેસ શરદ પવાર સાથેનું ગઠબંધન પણ તોડી નાખશે? આ પ્રશ્નના જવાબમાં વિજય વડેટ્ટીવારે કહ્યું કે જો શરદ પવારનો પ્રસ્તાવ આવશે તો તેઓ તેના પર વિચાર કરશે. જો ઉદ્ધવ ઠાકરે મનસે સાથે ગઠબંધન કરશે અને ગઠબંધનનો પ્રસ્તાવ આવશે, તો અમે સ્થાનિક નેતાઓ સાથે ચર્ચા કરીશું અને નિર્ણય લઈશું. જોકે, અમે નક્કી કર્યું છે કે કૉંગ્રેસ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી એકલા હાથે લડીશું.

### સાંગલીમાં

ઈલેક્ટ્રિક આઈટમની દુકાનમાં અચાનક આગ ફાટી નીકળી હતી.

પ્રાથમિક તપાસ મુજબ શોર્ટ સર્કિટને કારણે લાગેલી આગ ઝડપભેર પહેલા અને બીજા માળે પહોંચી ગઈ હતી, જ્યાં આ પરિવાર રહેતો હતો. પૂરા મકાનમાં બહાર નીકળવાનો રસ્તો બહુ સાંકડો હોવાને કારણે મૃતકો ઘરની બહાર નીકળી શક્યા નહોતા. મૃતકોમાં ૫૦ વર્ષના વિષ્ણુ જોશી તેમના ૪૬ વર્ષના પત્ની સુનંદા જોશી, ૩૦ વર્ષની પુત્રી પ્રિયંકા યોગેશ ઈંગલે અને તેમની ૩ વર્ષની દોહિત્રી સૃષ્ટિનો સમાવેશ થાય છે. પરિવારનો અન્ય સભ્ય ૨૦ વર્ષનો સુનિલ જોશી આ દુર્ઘટનામાં જખમી થયો હતો.

### ઘાટકોપરમાં

વર્ષથી નોકરી હતી. તે સમયે તેની મિત્રતા ત્યાં જ કામ કરતા શેખ સાથે થઈ હતી. બાદમાં બન્ને વચ્ચે અફૅર થઈ ગયું હતું.

આરોપી શેખ બીજી યુવતીઓને પણ પ્રેમજાળમાં ફસાવતો હોવાની માહિતી મળતાં રિતિકાને આંચકો લાગ્યો હતો. તેણે શેખ સાથેનો સંબંધ તોડી નાખ્યો હતો અને છ મહિના પહેલાં અંધેરીની કંપનીમાં નોકરીમાંથી રાજીનામું આપ્યું હતું. પછી તે વિક્રોલીમાં કામે લાગી હતી.

### દિલ્હીમાં

ગુફાઓ, ઘૃષ્ણેશ્વર મંદિર અને હોટેલ રામા ઈન્ટરનૅશનલ એમ ત્રણ સ્થળે નૅશનલ સિક્યોરિટી ગાર્ડ (એનએસજી)ના કમાન્ડોએ મોક ડ્રિલ કરી હતી. આ એન્ટિ-ટેરર મોક ડ્રિલમાં એનએસજીના ૧૫૦ જેટલા કમાન્ડો, ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સીઆઈડી, એટીએસ, ફાયર બ્રિગેડ અને સ્થાનિક પોલીસ સ્ટેશનની ટીમ સામેલ હતી. વરિષ્ઠ અધિકારીઓના આદેશને પગલે મહત્ત્વનાં અને સંવેદનશીલ સ્થળોની સુરક્ષા વધારી દેવામાં આવી છે. એ સિવાય સંવેદનશીલ વિસ્તારો અને સરકારી ઈમારતોની સુરક્ષાવ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી રહી છે. મુંબઈની લાઈફલાઈન ગણાતી રેલવેની સુરક્ષા પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. પ્રવાસીઓની ભીડવાળાં મુખ્ય રેલવે સ્ટેશનો પણ ડૉગ સ્ક્વોડ સાથે ચકાસણી કરવામાં આવી હતી.

### તહસીલદારે

હતું કે તેમનો લીઝ સમાપ્ત થઈ ગયો છે, અને કરારમાં ''ફરીથી ગ્રાન્ટ'' કલમનો ઉલ્લેખ કર્યો હતો. યેઓલે દ્વારા મોકલવામાં આવેલી નોટિસમાં જણાવાયું હતું કે, ૨૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ, મૂળ જમીનમાલિકોએ યોગ્ય રીતે કબજા કિંમત જમા કરાવી હતી. પરિણામે, તમારા કાર્યાલય માટે બોટનિકલ સર્વે ઓફ ઈન્ડિયા, પુણેને ઔપચારિક રીતે સૂચિત કરવું યોગ્ય અને જરૂરી છે, અને તેને તાત્કાલિક જમીન ખાલી કરવાનો નિર્દેશ આપવો જોઈએ, કારણ કે લીઝ કરાર હવે સમાપ્ત થઈ ગયો છે.''

રેકોર્ડ મુજબ, જમીન મૂળ રીતે ૧૯૭૩માં બીએસઆઇને લીઝ પર આપવામાં આવી હતી. પ્રથમ લીઝ ૧૫ વર્ષ માટે હતી, અને બાદમાં ૧૯૮૮થી તેને ૫૦ વર્ષ માટે લંબાવવામાં આવી હતી, જેમાં ચોક્કસ નિયમો અને શરતો અને વાર્ષિક ૧ રૂપિયાનું ભાડું હતું.

### ચેમ્બુરમાં

૨,૦૦૦ સ્કવેર ફૂટના વિસ્તારમાં આવેલી થોમસ કુક ઓફિસમાં આગ લાગી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડનાં આઠ ફાયર એન્જિન સહિત અન્ય વાહનો સાથે પહોંચીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આ દરમ્યાન આગ ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન, ઓફિસ ફર્નિચર, ઓફિસ રેકોર્ડ, યુપીએસ બેટરી બેક-અપ, ફોલ્સ સિલિંગ, લાકડાનો દરવાજો, ગ્લાસ ફ્રેમ વગેરેમાં લાગી હતી. બિલ્ડિંગ બહારથી કાચની હોવાથી અને વેન્ટિલેશન ન હોવાથી આખી બિલ્ડિંગમાં ધુમાડો ફેલાઈ ગયો હતો અને તેને કારણે આગ બુઝાવવામાં ફાયરબ્રિગેડને અવરોધ સર્જાયો હતો.

રાતના ૧.૫૫ વાગે આગને એક નંબરની જાહેર કરવામાં આવી હતી. મોડી રાતના ૨.૫૦ વાગે તેને બે નંબરની આગ જાહેર કરવામાં આવી હતી. વહેલી સવારના ૪.૧૦ વાગે ચારે તરફથી આગને કવર કરવામાં આવી હતી અને ૪.૩૩ વાગે તેને બુઝાવીને નિયંત્રણમાં લાવવામાં આવી હતી. જોકે કુલિંગ ઓપેરશન મોડે સુધી ચાલ્યું હતું. સદ્‌નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું.

આગનો બીજો બનાવ દક્ષિણ મુંબઈના મોહમ્મદ અલી રોડ પર મેમણવાડામાં બન્યો હતો. મેમણવાડામાં ચકાલા સ્ટ્રીટમાં સવારના ૧૦.૫૧ વાગે કપડાની દુકાનમાં આગ લાગી હતી. ફાયરબ્રિગેડે ઘટના સ્થળે પહોંચી આગ બુઝાવી દીધી હતી. સદ્‌નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. જોકે આગને કારણે દુકાનના માલ-સામાનને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. મુંબઈ સોમવારે બંને સ્થળે લાગેલી આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

### મુંબઈમાં મોટાભાગના

મળી રહી છે, પરંતુ એ સમજી શકાય છે કે મહાવિકાસ આઘાડીના નેતાઓ પાસે પોતાની પાઘડી બચાવવા માટે ગઠબંધનને બચાવવા અથવા તોડી નાખવાના બંને વિકલ્પો છે. આમ, દરેક રાજકીય પક્ષ રાજકીય જોડાણની જાહેરાત કરવાને બદલે અન્ય તમામ વિકલ્પો શોધી રહ્યો છે. મહાગઠબંધનની દિલ્હી અને રાજ્યમાં સત્તામાં છે. તેથી, એ સમજી શકાય છે કે ભાજપ, શિવસેના અને અજિત પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીએ સ્પષ્ટ વલણ અપનાવ્યું છે કે જે જિલ્લાઓમાં પક્ષની મજબૂત તાકાત છે, ત્યાં ચૂંટણીઓ પોતાના દમ પર લડવી જોઈએ અને પક્ષનો વિસ્તાર કરવો જોઈએ. એટલા માટે થાણેમાં ભાજપને સાથે લેવો કે નહીં તે અંગે શિવસેનામાં મતભેદ છે. પુણેમાં અજિત પવારની રાષ્ટ્રવાદી પાર્ટીને સાથે લેવો કે નહીં તે અંગે ભાજપમાં મતભેદ છે. મુંબઈમાં સત્તા ભાજપ અને શિવસેના બંને માટે સમાન રીતે મહત્ત્વપૂર્ણ હોવાથી, બંને પક્ષોના નેતાઓ સંકેત આપી રહ્યા છે કે અહીં બેઠક વહેંચણીનો વિવાદ છેલ્લી ક્ષણ સુધી ઉકેલાશે નહીં. બીજી તરફ, ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ મુંબઈ જેવા મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં, કૉંગ્રેસ કરતાં મનસેને વધુ મહત્ત્વ આપ્યું છે. દરમિયાન, વિદર્ભ અને મરાઠવાડામાં, સ્થાનિક કૉંગ્રેસના નેતાઓએ શિવસેનાને નગરપાલિકાઓ અને નગર પંચાયતોમાં મોટી બેઠકો આપવાનો વિરોધ કર્યો હોવાનું માનવામાં આવે છે.

### ૬૦ કરોડની

કંપની બેસ્ટ ડીલ ટીવી પ્રાઇવેટ લિમિટેડમાં ૬૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવા માટે આગ્રહ કર્યો હતો, પરંતુ આ રકમનો ઉપયોગ તેમના વ્યક્તિગત લાભ માટે કરવામાં આવ્યો હતો. શિલ્પા શેટ્ટી - રાજ કુન્દ્રાની અરજીમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે કંપની ભાંગી પાડવાનું કારણ અણધાર્યા આર્થિક સંજોગો હતા અને ખાસ કરીને નવેમ્બર ૨૦૧૬માં નોટબંધીને કારણે થયું હતું. એ સમયે રોકડ આધારિત વ્યવસાય પર ગંભીર અસર પડી હતી. આ નુકસાન માત્ર વ્યવસાયિક નુકસાન હતું. એમાં કોઈ છેતરપિંડી ડિઝાઇન અથવા ગુનાહિત ષડયંત્ર નહોતા.

### કોરોના મહામારી

આવ્યો હતો અને હથોડાથી તેણે મહિલા ડૉક્ટર પર હુમલો કર્યો હતો. માથામાં હથોડો વાગતાં ડૉક્ટર લોહીલુહાણ થઈ ગઈ હતી. ગંભીર રીતે ઘવાયેલી ડૉક્ટરની સોનાની ચેન, વીંટી, મોબાઈલ ફોન અને પાંચ હજારની રોકડ લૂંટી આરોપી ફરાર થઈ ગયો હતો. ડૉક્ટરને મગજમાં ગંભીર ઇજા પહોંચી હતી. આ કેસમાં ઇજા પહોંચાડવાના અને ચોરી કરવાના ઇરાદાથી ઘાતક શસ્ત્ર સાથે ઘૂસણખોરી, તબીબ વિરુદ્ધ હિંસાની વિવિધ કલમો હેઠળ આરોપીને સજા કરવામાં આવી હતી. ડૉક્ટરને થયેલી ઇજા ગંભીર પ્રકારની ઇજાની વ્યાખ્યામાં આવે છે, તેમાં શંકાને કોઈ સ્થાન ન હોવાનું કોર્ટે નોંધ્યું હતું. હિંસાની જે પ્રવૃત્તિઓને રોકવા અને દંડ કરવા માટે કાયદો ઘડવામાં આવ્યો છે તેનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ગુનાની ગંભીરતા જોતાં પીડિતાને ન્યાય આપવા માટે દાખલારૂપ સજા થવી જરૂરી છે, જેથી અન્યો પણ આવા ગુના કરવાથી ખચકાટ અનુભવે, એવું કોર્ટે જણાવ્યું હતું. આ ઘટનાથી ડૉક્ટરને શારીરિક અને માનસિક આઘાત લાગ્યો હતો તેથી ભરપાઈ માટે દંડની રકમમાંથી ૧૦ હજાર રૂપિયા ડૉક્ટરને ચૂકવવાના નિર્દેશ કોર્ટે આપ્યા હતા. ખટલા દરમિયાન ૧૪ સાક્ષી તપાસવામાં આવ્યા હતા. (પીટીઆઈ)

### ગોરેગામથી

ઓછા દબાણ સાથે પાણી પુરવઠો થાય છે. સામાન્ય રીતે પાણી પુરવઠા દરમ્યાન પાણીનું પ્રેશર લેવલ ૬૦-૬૫ની આસપાસ હોવું જોઈએ. તેની સામે માગાથાણે, દહિસર અને કાંદિવલી જેવા વિસ્તારોમાં આ પ્રેશર લેવલ ૪૦-૪૫ની વચ્ચે જણાયું હતું, જેના કારણે પાણી પુરવઠો અપૂરતો થઈ રહ્યો છે. પાણીના દબાણનું સચોટ નિરીક્ષણ કરવા માટે ઝોનલ પ્રેશર મીટર સ્થાપિત કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું. સમાન પાણી વિતરણ સુનિશ્ચિત કરવા ઉપરાંત આ મીટર પ્રેશરમાં થનારા ફેરફાર અને સપ્લાય નેટવર્કમાં રહેલા ગળતરને પણ શોધવામાં મદદરૂપ થશે.

પશ્ચિમ ઉપનગરના વિધાનસભ્યોના કહેવા મુજબ દક્ષિણ મુંબઈની મોટાભાગની વસતી ઉપગનરમાં સ્થળાંતરિત થઈ ગઈ છે, છતાં પશ્ચિમ ઉપનગરમાં હજુ પણ અપૂરતો પાણી પુરવઠો થઈ રહ્યો છે. લાંબા સમયથી પ્રમાણસર પાણી વિતરણની માગણી કરવામાં આવી રહી છે અને હવે પ્રશાસને તેના પ્રત્યે ગંભીર થવાની જરૂર છે. પાલિકાના ઉચ્ચ અધિકારીએ આ બાબતે જણાવ્યું હતું કે તમામ વિસ્તારોની સમીક્ષા કરવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવશે. પાલિકા શહેર અને ઉપનગરને દરરોજ ૪,૦૦૦ મિલ્યન લિટર જેટલો પાણી પુરવઠો કરે છે પણ ચોરી અને ગળતરને કારણે લગભગ ૩૪ ટકા (૧,૪૦૦ મિલ્યન લિટર ) પાણી વેડફાઈ જાય છે.

### કૉંગ્રેસ-મનસે

કૉંગ્રેસ યુનિટે મનસે સાથે જોડાણ કરવાનો નિર્ણય લીધો હોય, તો તે ફક્ત નાશિક માટે છે. તેમણે સ્થાનિક રાજકીય પરિસ્થિતિના આધારે નિર્ણય લીધો હોવો જોઈએ. મને નથી લાગતું કે કોઈ સમસ્યા હોવી જોઈએ,'' વાડેટ્ટીવારે ઉમેર્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભાજપ (અજિત પવારની) એનસીપી અને (એકનાથ શિંદેની આગેવાની હેઠળની) શિવસેના સાથે કોઈ જોડાણ થઈ શકે નહીં, પરંતુ જે પક્ષો મહાયુતિનો ભાગ નથી અને મહા વિકાસ આઘાડીમાં પણ નથી, તેમને સમાવી શકાય છે.બીજી તરફ સપકાલે કહ્યું કે, ''રાજ્ય એકમે કોઈને પણ મનસે સાથે વાતચીત કરવાનો અધિકાર આપ્યો નથી. મનસે સાથે જોડાણ અંગે બેઠકમાં હાજરી આપનારાઓને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. નાશિકના નેતાઓએ રાજ્ય એકમ સાથે ચર્ચા કરી ન હતી,'' સપકાલે ભારપૂર્વક જણાવ્યું હતું.

અગાઉ, મનસે નેતા દિનકર પાટીલે જણાવ્યું હતું કે રાજ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટીએ નાસિકમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મહા વિકાસ આઘાડી સાથે જોડાણને અંતિમ સ્વરૂપ આપ્યું છે. ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) ના નેતા ડી.એલ. કરાડ તેમજ સ્થાનિક કૉંગ્રેસ નેતા અને ભૂતપૂર્વ કોર્પોરેટર રાહુલ દિવેએ તેમને સમર્થન આપ્યું હતું.

## હિન્દુ મરણ

ડૉ. ચારુલતા અશોક પાટીલ (ઉં. વ. ૭૨) તે અશોક પાટીલના ધર્મપત્ની. ચી. દર્શન અને તૃપ્તિના માતા. સૌ. સંજના અને વિનીતાના સાસુ. અજીત કાપડિયાના બેન. વિયાન, રીયા અને વીરના દાદી/નાની. સોમવાર, તા. ૧૦-૧૧-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. અંતિમ સંસ્કાર બાણગંગા સ્મશાનમાં બુધવાર તા. ૧૨-૧૧-૨૫ના રોજે બપોરે ૧૨ વાગે થશે. લૌકિક વ્યવહાર બંધ છે.

**શિહોર સંપ્રદાય ઓ. અ. બ્રાહ્મણ**

ભાવનગર નિવાસી હાલ ગોરેગામ, મુંબઈ સ્વ. કિશોરભાઈ આઈ. ત્રિવેદીના પત્ની રમાબેન (ઉં. વ. ૮૩) તે તા. ૯/૧૧/૨૫ ના કૈલાશવાસી થયેલ છે. તે રમેશભાઈના ભાભી. સ્વ. જશુબેન ચુનીલાલ ભટ્ટની દીકરી. રૂપા, મીતા, મમતા અને દીપાના માતુશ્રી. સુધાબેન, સ્વ. જયશ્રીબેન, છાયાબેનના બેન. હરીનકુમાર પંડ્યા, પ્રસાદ પેડનેકર, કલ્પેશ કુમાર મહેતાના સાસુ. તેમની લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દસા સોરઠીયા વણિક**

કલસાર, મહુવા નિવાસી હાલ બોરીવલી ગં. સ્વ. કલાવતીબેન (ઉં. વ. ૮૩) તે સ્વ. જયંતિલાલ અમીચંદ મુંજયાસરા ના ધર્મપત્ની. તે યોગેશભાઈ, હરેશભાઈ, ભાવનાબેન રાકેશકુમાર ભૂપતાણી તથા સોનલબેન મનોજકુમાર કુરાણીના માતુશ્રી. તે ભાવનાબેન, રૂપાલીબેન ના સાસુ. તેઓ માનસી તથા દર્શિલના દાદી. તેઓ ભાવિક, વિક્કી, વૃશાલીના નાની. તેઓ સ્વ. હેમકુંવરબેન તથા દેવજી કાનજી ધ્રુવના દીકરી. તે શનિવાર તા. ૦૮/૧૧/૨૫ ના શ્રીજીચરણ પામેલ છે. તેમની લૌકિક ક્રિયા પ્રથા બંધ છે.

**દસા સોરઠીયા વણિક**

ઉપલેટાવાળા સ્વ. વનીતાબેન તથા સ્વ. પ્રભુદાસ જશાપુરાના પૌત્ર કુમાર (બંટી) (ઉં. વ. ૪૨)તે સુરેશ તથા સ્વ. જયશ્રીના સુપુત્ર. તે ક્રિપા સુબ્રમણિયમના પતિ. કનિષ્ક ના પિતા. નીરવના ભાઈ. શિવાની ના જેઠ તા. ૪/૧૧/૨૫ ના રોજ શ્રીજીચરણ પામેલ છે.તે પાર્વતી તથા એન. એસ. સુબ્રમણિયમના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય ગોરવાળ બ્રાહ્મણ**

હાથલ નિવાસી, હાલ અમેરિકા, સ્વ. દમયંતી (ઉં. વ. ૯૨) તા.૭/૧૧/૨૫ના દેવલોક પામ્યા છે. જે શ્રી ગૌરીશંકર ભટ્ટના પત્ની. શ્રીમતી યામિની કૈલાશ જોશી, નચિકેત, નિમિષ, જૈમિનિ તથા મોનાના માતુશ્રી. સ્વ. છગનલાલ ત્રિવેદી અને સ્વ. રૂક્ષ્મણી બેનના પુત્રી. સ્વ. ગજાનન ત્રિવેદી, શ્રી કાંતિલાલ ત્રિવેદી, સુરેશ ત્રિવેદી તથા શ્રીમતી વિમલા દિનકર ધારાવત ના બેન, સ્વ. ગોમતીબેન પૂનમચંદ ખુત ના ભાભી બંને પક્ષોની પ્રાર્થનાસભા તા: ૧૨ નવેમ્બર ૨૦૨૫, બુધવાર, સ્થળ: વિશ્વેશ્વર ભવન, ફર્સ્ટ ફ્લોર, સન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલે પાર્લે (વેસ્ટ) સાંજના ૫ થી ૭. લૌકિક અને દસમાની પ્રથાઓ બંધ રાખી છે.

**કપોળ**

મહુવાવાળા હાલ વિલેપાર્લે મુંબઇ સ્વ. દેવકુંવરબેન તથા સ્વ. ત્રંબકલાલ હરગોવિંદદાસ મહેતાના પુત્ર. સ્વ. રમાબેનના પતિ. હરકિસનદાસ (હકુભાઇ) (ઉં.વ.૯૮) તા. ૯-૧૧-૨૫ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. કૃષ્ણા, સંજય-અ.સૌ. સુધા, મુકેશ-અ.સૌ. હીના, જનક-અ.સૌ. જાગૃતિ, તુષાર-અ.સૌ. લતા, ચેતન-અ.સૌ. રશ્મીના પિતા. અ.સૌ. મમતા-હેમલ મહેતા, જય-અ.સૌ. નંદીતા, અ. સૌ. માયા-વિશાલ લીલાની. અ.સૌ. પ્રિયાંકા-દિશાંત મહેતા, અ. સૌ. માનસી-શેલેષ રાજપુત, મીહીર, મનન, હેતીષા, મિરાલી, દેવીકાના દાદા. શ્વસુર પક્ષે (રાજુલાવાળા) સ્વ.શાંતાબેન તથા સ્વ. જગજીવનદાસ દુર્લભદાસ દોશીના જમાઇ. સર્વ પક્ષની પ્રાર્થનાસભા હરી ઉત્સવ ઉજવણી તા. ૧૩-૧૧-૨૫ના ગુરુવારના સાંજે ૫થી ૭. વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ), લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ બિદડા હાલ મુલુંડના સ્વ. કાનજી હીરજી રૂપારેલના ધર્મપત્ની ગં.સ્વ. ગોદાવરી બેન (ઉં. વ. ૯૧) તા. ૯-૧૧-૨૫ રવિવારના રામશરણ પામેલ છે. શોક વ્યક્ત કરનાર પરિવાર ગં. સ્વ. નલિની હરેન્દ્ર ઠક્કર, પ્રજ્ઞા ઉદય માધવાણી, રમેશ અને વિજયના માતા. ભાવના અને રેખાના સાસુ. વેલજી દેવજી ચંદેના પુત્રી. પ્રાર્થના રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**લોહાણા**

સ્વ. જસુમતીબેન જમનાદાસ અભાણીના પુત્રવધૂ. તે સ્વ. રજનીકાંતના પત્ની. તેમ જ સ્વ. મુલબાઇ પ્રાગજી કોઠારીના પુત્રી. ગં. સ્વ. ચંદ્રિકાબેન (ઉં.વ.૭૬) તા. ૮-૧૧-૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. તે વિનોદ, નીલિમા દીપક કોઠારી, લીના જીગર મહેતાના મમ્મી. માધુરીના સાસુ. સિદ્ધાર્થના દાદી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટિયા**

ગં. સ્વ. શાંતીબેન બાબુભાઇ નેગાંધી (ખટાલાલજીવાલા) (ઉં. વ. ૮૮) તે સ્વ. બાબુભાઇ મુલજી નેગાંધીના ધર્મપત્ની તા. ૯-૧૧-૨૫ના રવિવારના રોજ શ્રીચરણ પામેલ છે. તે અશોક, સૌ. રેખા અશ્વિન રાજા. સૌ. અલકા નિતીન વેદ, સૌ. વર્ષા ઉમેશ પાલેજાના માતા. તે નયનાનાં સાસુજી. હર્ષદ, પરાગ, સ્વ. જાગૃતીના દાદી. તે મીતેન, ધ્રુવ, પ્રિયા, પૂર્વીના નાની. તે સ્વ. મનુભાઇ મુલજી તથા સ્વ. હીરાબેન જયસિંહ સંપટના ભાભી. તે સૌ. ચંદન નરેશ નેગાંધીના કાકીસાસુ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### અભિનેતા ધર્મેન્દ્ર

છે. સિવાય તેમની બંને દીકરીઓને પણ અમેરિકાથી ભારત પાછી બોલાવવામાં આવી છે.

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના હેન્ડસમ હી-મેન ૮૯ વર્ષના ધરમજીનો ઉત્સાહ ૮૯ વર્ષની ઉંમરે યુવાનોને શરમાવે એવો છે. હાલ તેમની તબિયત નાજુક હોવાથી વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. તેના પરિવાર તરફથી હજી સુધી કોઈ સત્તાવાર નિવેદન નથી આવ્યું. થોડા દિવસો પહેલા હેમા માલિનીએ ધર્મેન્દ્રની તબિયત વિશે જાણકારી આપતા સતત પાછળ ફરતા મીડિયાકર્મીઓને હાથ જોડી 'સારું છે' એમ કહ્યું હતું.

ધર્મેન્દ્રએ આ વર્ષે એપ્રિલમાં આંખની સર્જરી કરાવી હતી. એક આંખમાં ઝાંખું દેખાતું હોવાના કારણે કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. આ સિવાય મોતિયાનું ઓપરેશન પણ કરવામાં આવ્યું હતું.

## પારસી મરણ

ખૂબ જ દુ:ખ સાથે અમો કેતાયુન જમશેદ મહેતાના ઑકલૅન્ડ ન્યુઝિલેન્ડમાં ૯મી નવેમ્બરના સાંજે ૪.૧૮ કલાકે ગુજરી ગયાંની જાણ કરીએ છીએ, તેઓ મિનૂ ઘડિયાલી અને મરહૂમ રૂમી ઘડિયાલીના માતુશ્રી, મેગી અને લીલીના સાસુજી. જોલીન, મેરવાન, મેહર અને ઝાઓશના ગ્રાન્ડ મધર.

કેશ્વર સોલી ઇરાની તે મરહુમ સોલી બરજોર ઇરાનીના ધણીયાની. તે ડો. બાનુ દીનશાહ ભંડારીના મમ્મી. તે દીનશાહ કાવસ ભંડારીના સાસુજી. તે શાપુર, અરનવાઝ તથા મરહુમો ડોલી, માહરૂખ, રૂસી, હોમી ને શેરૂના બહેન. તે ડો. ફરઝાન દીનશાહ ભંડારીના મમયજી. તે ડો. જીમીના ફૂઇજી. તે રોહીનાના માસી. તે રૂકશાન ને રશનાના કાકી. (ઉં. વ. ૯૪). રે. ઠે. ૭૦૧, બિલ્ડિંગ-૮, બેહરામ બાગ, પારસી કોલોની બેહરામ બાગ, જોગેશ્વરી પશ્ચિમ, મુંબઇ-૪૦૦૧૦૨, ઉઠમણાંની ક્રિયા : તા. ૧૨-૧૧-૨૫ને બપોરે ૩.૪૫ વાગે બેહરામ બાગ અગિયારી જોગેશ્વરી મધે.

ઝકશીશ મરઝબાન ખંધાડીયા તે મરહુમ ઝરીનના ખાવીંદ. તે મરહુમો શેહરા તથા મરઝબાનના દીકરા. તે ઝવારેહ, દીલબર ને કૈઝાદના પપ્પા. તે મરઝબાન, નતાશા ને જેલીકાના સસરા. તે ઝરીર, ઝરકશીશ, ઝરીદા, ઝાબીન તથા મરહુમો ઝવારેહ, ઝીનોબ્યા ને ઝરીનના ભાઇ. તે મહાઝરીનના મમાવા. તે સોનયા, શેઆન ને ઝારા ના બપાવા. તે મરહુમો આલામાય તથા ફરામરોઝના જમાઇ. તે નીનાના ફ્રેન્ડ. (ઉં. વ. ૭૮) રે. ઠે. રૂમ. નં-૨, મોદી બિલ્ડિંગ, મરઝબાન કોલોની, ડો. એ. નાયર રોડ, મુંબઇ-૪૦૦૦૧૧.

## જૈન મરણ

દિલીપકુમાર અમૃતલાલ મહેતા (ઉં. વ. ૮૬) હાલ અંધેરી મુંબઇ તે અમૃતલાલ ફૂલચંદ મહેતા-માળીયાવાળાના સુપુત્ર. અભયકાંતભાઇ મહેતાના નાનાભાઇ. તથા સુરેશભાઇ મહેતાના મોટાભાઇ. તે કૃપાલી તથા જિજ્ઞાબેનના પિતાશ્રી તા. ૩૦-૧૦-૨૫ના રોજ કેનેડા મુકામે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. પ્રજારામ હરિશંકર દેસાઇના પુત્રવધૂ કુસુમબેન (ઉં. વ. ૮૭) તે કનૈયાલાલ દેસાઇના પત્ની. સ્વ. દામોદરદાસ ન્યાલચંદ શેઠના પુત્રી. નરેશભાઇ, લીનાબેન, ભારતીબેન તથા મીનાબેનના માતુશ્રી. સ્વાતિબેનના સાસુ. તે રિયાના દાદી-સાસુ. કૃણાલ તથા વિશાલના દાદી. તા. ૮-૧૧-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે.લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દેરાવાસી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ બોરીવલી શૈલેષભાઇ ચીમનલાલ શાહ (ઉં.વ. ૭૭) રવિવાર, તા. ૯-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રંજનબેનના પતિ. સ્વ. ચીનુભાઇ શાહ તેમ જ ગં. સ્વ. નિપુણાબેન અરવિંદલાલ શાહના ભાઇ. તેમ જ વઢવાણ નિવાસી સ્વ. નંદલાલ જગજીવનદાસ ધ્રુવના જમાઇ. તે સંજય, દુષ્યંત અને નિમિષ શાહના પિતા. તેમ જ શીતલ, સ્વ. દિપાલી અને અ. સૌ. સ્વાતીના સસરા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

કાંડાગરાના જેઠાલાલ રામજી ગાલા (ઉં. વ. ૭૧) તા. ૯-૧૧-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી રતનબેન રામજી હીરજીના પુત્ર. ભારતીના પતિ. અભય (બંકિમ), કોમલના પિતા. સ્વ. કસ્તુર, ઝવેરચંદ, જ્યોતિ (જયંવતી)ના ભાઈ. કાંડાગરાના મણીબાઈ શામજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ.જેઠાલાલ રામજી, એચ-૪૦૪, નવનીત નગર, દેસલેપાડા રોડ, ડોમ્બીવલી (ઇસ્ટ). ૪૨૧૨૦૪.

ટુંડા હાલે કોડાયના કસ્તુર માવજી ગડા (ઉં. વ. ૮૦) તા. ૬-૧૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. હાંસબાઇ લખમશીના પુત્રવધૂ. સ્વ. માવજીના પત્ની. રશ્મી, સ્વ. નીપા, લીના, શ્વેતલ, રાહુલના માતુશ્રી. કોડાયના સ્વ. મણીબેન રામજીના સુપુત્રી. કોડાયના શાંતીલાલ, સ્વ. કાંતીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રાહુલ ગડા, ૩/૨૪, ન્યુ માતાજી બીલ્ડીંગ, નેતાજી સુભાષ રોડ, મુલુંડ (પશ્ચિમ).

મોખાના હીરજી ભવાનજી છેડા (ઉં. વ. ૮૨) તા. ૯-૧૧-૨૫ના અવસાન પામેલ છે. મુલબાઇ ભવાનજી માલશીના પુત્ર. સ્વ. જયવંતીના પતિ. પ્રીતી, દિપેશ, બીનાના પિતા. દામજી, સુરેશ, રતનશી, રમણીક, મણીલાલ, હેમકુંવર, રેખાના ભાઇ. બારોઇ માકબાઇ શામજી કેનીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપેશ છેડા, એ.એન.હાઇટસ, બી-૮૦૨, લીબર્ટી ગાર્ડન, રોડ નં. ૩, મલાડ (વેસ્ટ).

બિદડાના પ્રેમચંદભાઈ ચાંપશી મારૂ (ઉં. વ. ૮૧)તા. ૮-૧૧-૨૫ ના સંથારો સીજયો છે. વેલબાઈ ચાંપશીના પુત્ર. જવેરબેન ના પતિ. પુષ્પમ, ખિલતી, જીજ્ઞા ના પિતા. રતનબેન ના ભાઈ. બિદડા દેવકાંબેન વરજાંગ વેલજી છેડાના જમાઈ. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. પુષ્પમ મારૂ, ૩૦૫, કાબરા સમૃદ્ધિ ગાર્ડન, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે).

બિદડા (ખા.ફ.)ના માતુશ્રી ચંચળબેન ગંગર (ઉં. વ. ૮૮) તા. ૮-૧૧-૨૫ ના અરિહંતશરણ પામ્યા છે. મેઘબાઈ/જવેરબેન જેવત લાલજીના પુત્રવધૂ. વસનજીના ધર્મપત્ની. ગુણવંતી, દિનેશ,કિશોર, પ્રતિભાના માતુશ્રી. દેશલપુર મણીબેન કુંવરજીના સુપુત્રી. મોહન, રમણીક, બારોઈ મોંઘીબેન કલ્યાણજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિનેશ ગંગર. ૨-એ-૧, કેસલે કો.હા.સો., રામનગર, બોરીવલી (વે).

ભુજપુરના પ્રેમચંદ વીરજી મોતા (ઉં. વ. ૯૦) તા.૪-૧૧-૨૫ ના અવસાન પામેલ છે. મેઘબાઈ વીરજીના પુત્ર. મંજુલાના પતિ. અશ્વિસ્ત્ર, હરીશના પિતા. શામજી, વ્રજલાલ, હરીલાલ, ભોરારા વનીતાબેન વસનજી, ભુજપુર લક્ષ્મીબેન કેશવજી, કારાઘોઘા વિમળાબેન (હસુમતી) વાલજી, ગોધરા કુમુદબેન (ચંચળ) કાંતિલાલ, મુંબઈ નીરૂબેન કિશોરના ભાઈ. ભચીબાઈ પુંજાના જમાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા.૪ થી ૫.૩૦. નિ.હરીશ પ્રેમચંદ મોતા. ૧૯-૨૦, આર.કે બિલ્ડીંગ-૨, ૯મી ગલી, ખેતવાડી, ચર્નીરોડ (ઈ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# તન-મન-ધનથી રહો તરોતાજા

## સવાલ અનેક છે- જવાબ અનેક છે, છતાં...

મારું પોતાનું અર્થતંત્ર

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

પ્રેક્ટિસિંગ ફાઈનાન્શિયલ પ્લાનર તરીકે મારી સામે આવા સવાલો તો અસંખ્ય વાર આવતા હોય છે, જેમકે ...

મારી પાસે કેટલું ભંડોળ ભેગું થાય પછી હું નિવૃત્તિ લઈ શકું? ક્યું મ્યુચ્યુઅલ ફંડ શ્રેષ્ઠ છે? અર્થતંત્રની હાલની સ્થિતિ વિશે શું લાગે છે? અત્યારે ક્યાં રોકાણ કરવા જેવું છે? મારું વસિયતનામું એકદમ પરફેક્ટ હોય એ માટે શું કરવું?

આવા સવાલોના જવાબ આપવાનું ઘણું મુશ્કેલ હોય છે. આ દુનિયામાં એવો કોઈ ફાઈનાન્શિયલ પ્લાનર નથી , જે આ બધા સવાલોના સંતોષકારક જવાબ આપી શકે. બધા ફાઈનાન્શિયલ પ્લાનરો મનમાં જાણતા જ હોય છે કે છેવટે તો ધાર્યું ધણીનું થાય અર્થાત્ ઈશ્વરેચ્છા વગર કંઈ થતું નથી.

નાણાપ્રધાન કરવેરાને લગતા કાયદાઓમાં નાનો-અમથો પણ ફેરફાર કરે તો કરબચત માટે બનાવાયેલો આખો પોર્ટફોલિયો ખોરવાઈ જાય. આપણે ઘર ખરીદવા માટે ડાઉન પેમેન્ટ આપી દીધી હોય અને ભૂકંપ કે આતંકવાદી હુમલા જેવી કોઈ ઘટના બને તો આપણી આખી મૂડી ધોવાઈ જાય.

બે કિશોરીની મમ્મી દિવ્યાને રવિવારની એક બપોરે ફોન આવ્યો : તેના પતિ કાર અકસ્માતમાં અવસાન પામ્યા હતા. એ પરિવાર તેના બીજા જ સપ્તાહે વિદેશમાં ફરવા જવાનો હતો. બધું જ પ્લાન થઈ ગયું હતું. હોમ લોન પૂરેપૂરી ચૂકવી દેવાય એ માટે આ યુગલ છેલ્લાં પાંચ વર્ષમાં ક્યાંય ફરવા ગયાં ન હતાં. હજી પંદર દિવસ પહેલાં જ તેમણે છેલ્લો હપ્તો ચૂકવી દીધો હતો. હવે ઘર તેમનું પોતાનું થઈ ગયું હતું.

ગમે તેટલું સારું ફાઈનાન્શિયલ પ્લાનિંગ કર્યું હોય અને તેને સરસ રીતે અમલમાં મૂક્યું હોય, પરંતુ જીવનમાં અચાનક ઘણા 'જો' અને 'તો' આવતા હોય છે. છેવટે રામ રાખે તેમ રહેવું પડે...

અલબત્તે, અહીં એવું જરાય નથી કહેતો કે માણસે નાણાકીય આયોજન કરવું ન જોઈએ. આયોજન જરૂરી છે અને તેનો અમલ પણ ચોક્સાઈપૂર્વક કરવો જોઈએ અને સમયાંતરે તેની સમીક્ષા પણ કરવી જોઈએ, પરંતુ છેલ્લે બધું ભગવાન પર છોડી દેવું જોઈએ.

ભગવદ્ ગીતાના શ્લોક ક્રમાંક ૨.૪૭માં કહેવાયું છે :

'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચનય
મા કર્મફલહેતુર્ભૂર્મો તે સંગોડ્સ્ત્વકર્મણિ ચ' ૨.૪૭ e

અર્થઃ-

'તારો અધિકાર માત્ર કર્મ કરવા પર છે, એનું ફળ કેવું મળે તેના પર તારો અધિકાર નથી એટલે ફળની અપેક્ષાએ કોઈ કર્મ ન કરવું. જો તું ફળ મેળવવાની અપેક્ષાથી કર્મ કરીશ તો કર્મમાં તારી આસક્તિ થશે.'

જીવનમાં સૌથી વધુ મહત્ત્વપૂર્ણ આપણી શારીરિક સંપત્તિ એટલે કે આરોગ્ય છે. ત્યાર બાદ આવે છે સામાજિક સંપત્તિ એટલે કે આપણા પરિવારજનો, મિત્રો, સહયોગીઓ. પછી આવે છે ભાવનાત્મક સંપત્તિ અર્થાત્ આપણા મગજની અવસ્થા અને અંદરના તથા બહારના વિશ્વ સાથેનું આપણું અનુસંધાન. ચોથી સંપત્તિ એટલે નાણાકિય સંપત્તિ. આ ચારેમાંથી જો એક પણ બરોબર નહીં હોય તો બાકીની ત્રણનો ઉપભોગ આનંદદાયક નહીં હોય.

શાસ્ત્રોમાં તો સંપત્તિની વ્યાખ્યા આપણે જાણીએ છીએ તેના કરતાં વધારે ગહન છે. ભગવાને આપણને એ આપી છે. આપણે એક જ પ્રકારની એટલે કે નાણાકિય સંપત્તિની પાછળ પડીને વિશાળતા ભૂલી જઈએ છીએ. આપણી જ્ઞાનની ક્ષિતિજ વિસ્તરે ત્યારે આપણને ભગવાને આપેલી એ સંપત્તિનું મૂલ્ય સમજાય છે, મન પ્રસન્નતાનો અનુભવ કરે છે અને જીવનમાં શાંતિ છવાઈ જાય છે. આપણે કોઈ પર્વતમાળામાં કે સમુદ્રકિનારે ગયા હોઈએ ત્યારે તેની વિશાળતા સ્પર્શી જાય છે. એ ઘડીએ આપણામાં નમ્રતા જાગે છે અને સાથે જ મન શાંત થાય છે.

આ સાથે 'મારું અર્થતંત્ર' લેખમાળા અહીં પૂરી થાય છે. આપણા આયોજનમાં છેલ્લે પ્રભુએ ધારેલું જ મુખ્ય છે એવું સમજી જઈએ ત્યારે આપણું મન શાંત થાય છે. ઈશ્વર જે કરે છે એ કોઈના હાથની વાત નથી. આથી જ કહેવાનું કે ઝીણવટભર્યું આયોજન કરો, પણ છેલ્લે તો તમારો My Plan My God's Developed plan જ રહેશે.

ઈશ્વરમાં શ્રદ્ધા રાખો. એ સિવાય બીજું આપણે કંઈ કરી પણ શું શકીએ? ■

---

## આરોગ્ય વીમામાં 'અનલિમિટેડ રિસ્ટોરેશન' એટલે શું?

વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com



આજકાલ ઘણી આરોગ્ય વીમા કંપનીઓ 'સમ ઇન્સ્યોર્ડનું અનલિમિટેડ રિસ્ટોરેશન ' કરી આપનારી પોલિસી ઇસ્યૂ કરે છે. આનો અર્થ એ થયો કે તમે જેટલી રકમનો આરોગ્ય વીમો લીધો હોય એ રકમ જેટલો કે એમાંથી અમુક રકમનો ક્લેમ આવી જાય તો રિસ્ટોરેશન બેનિફિટ હેઠળ કવરેજ ફરીથી પહેલાં જેટલું કરી આપવામાં આવે છે. આ વાત આપણે ઉદાહરણ દ્વારા સમજીએ , જેમકે...

તમારી પાસે પાંચ લાખ રૂપિયાનું કવરેજ ધરાવતો વીમો છે અને પોલિસીના વર્ષની અંદર તમારો ૪.૮ લાખ રૂપિયાનો ક્લેમ આવી જાય તો તમારું રિસ્ક કવર ફક્ત ૨૦,૦૦૦ જેટલું બાકી રહે છે. જો એ જ વર્ષમાં તમારે ફરીથી હોસ્પિટલમાં દાખલ થવું પડે તો તમે ફક્ત ૨૦,૦૦૦ નહીં, પણ ફરીથી પાંચ લાખ રૂપિયા સુધીનો ક્લેમ કરી શકો એવી આ સુવિધા હોય છે.

**અનલિમિટેડ રિસ્ટોરેશન**

આ શબ્દ પરથી જ ખબર પડી જાય છે કે કવરેજની મર્યાદા પૂરી થઈ ગયા બાદ ફક્ત એક વખત નહીં, અનેક વખત

તમારા કવરેજનું અમર્યાદિત રિસ્ટોરેશન કરી આપવામાં આવે છે. આમ એક વર્ષમાં અનેક ક્લેમ આવ્યા બાદ પણ

તમારા પરિવારનું આરોગ્ય વીમાનું કવચ અકબંધ રહે છે.

**પોલિસીના સમયગાળા દરમિયાન કેટલી વખત રિસ્ટોરેશન કરી અપાય છે?**

* એક વર્ષમાં અનેક વખત રિસ્ટોરેશન શક્ય હોય છે.

**ક્યારે લાગુ પડે છે?**

* પોલિસી હેઠળનું કવરેજ પૂરેપૂરું કે આંશિક વપરાયા બાદ લાગુ પડે છે

(દરેક પોલિસીમાં અલગ અલગ શરત હોય છે)

**ક્લેમ કેટલી વાર માન્ય રાખવામાં આવે છે?**

* રિસ્ટોરેશન માટે રાખવામાં આવેલી શરતો સંતોષાતી હોય ત્યાં સુધી...કોઈ મર્યાદા હોતી નથી.

**કોને કોને લાગુ પડે છે?**

* એક વ્યક્તિને અથવા પરિવારના તમામ સભ્યોને ફેમિલી ફ્લોટર ધોરણે લાગુ પડે છે.

**વધારે પ્રીમિયમ?**

* હા, સામાન્ય રીતે થોડું વધારે પ્રીમિયમ લેવામાં આવતું હોય છે.

**અનલિમિટેડ રિસ્ટોરેશનનું મહત્ત્વ**

૧) જો તમને કે તમારા પરિવારના કોઈ સભ્યને એક કરતાં વધારે વખત (મોટાભાગે અલગ અલગ બીમારીને લીધે)

હોસ્પિટલમાં દાખલ કરવા પડે તો આ પોલિસી હેઠળ કવરેજ ચાલુ રહે છે.

૨) ફેમિલી ફ્લોટર લાભઃ આ ખાસિયતનો અર્થ એ થાય કે જો પરિવારના એક સભ્યના હોસ્પિટલાઇઝેશનમાં વીમાની મોટાભાગની રકમ વપરાઈ જાય તોપણ બાકીના સભ્યો માટે રિસ્ટોર થયેલું કવરેજ ઉપલબ્ધ રહે છે.

૩) ગંભીર બીમારીઓ કે કેન્સરઃ સામાન્ય રીતે ગંભીર બીમારીઓ અને કેન્સરના દરદીઓને વારંવાર હોસ્પિટલાઇઝ

કરવાની જરૂર પડે છે. આવામાં અનલિમિટેડ રિસ્ટોરેશનને લીધે નાણાકીય રાહત મળી રહે છે.

૪) માનસિક રાહતઃ કોઈ એક વર્ષમાં સમગ્ર પરિવારને આરોગ્યસંબંધી તકલીફો થઈ હોય એવા સમયે અનલિમિટેડ

રિસ્ટોરેશનની સુવિધાને લીધે ઘણી માનસિક રાહત રહે છે.

**કોણે આવી પોલિસી લેવી જોઈએ?**

* જે પરિવારમાં મોટી ઉંમરની વ્યક્તિઓ અને/અથવા નાનાં બાળકો હોય

* જે વ્યક્તિઓને જીવનશૈલીને કારણે બીમારીઓ આવી હોય અથવા બીજી ગંભીર બીમારીઓ હોય

* જે લોકો સુપર ટોપ-અપ પ્લાન લેવાને બદલે પાંચથી દસ લાખ રૂપિયાનું મધ્યમ સ્તરનું કવરેજ લેવાનું વધારે પસંદ કરતા હોય એમણે...

* જે લોકો અણધાર્યા મેડિકલ બિલ સામે રક્ષણ મેળવીને ચિંતામુક્ત રહેવા માગતા હોય

ધ્યાનમાં રાખવા જેવા કેટલાક મુદ્દા :

* અમુક પોલિસીઓમાં એવી શરત હોય છે કે એક જ બીમારી ફરી વાર થવાની સ્થિતિ એક્સક્લુઝનમાં આવે.

* અનલિમિટેડ રિસ્ટોરેશન ત્યારે જ લાગુ પડે જ્યારે એક જ વ્યક્તિને બીજી કોઈ બીમારી થઈ હોય અથવા

અન્ય વ્યક્તિ બીમાર પડે...

તમારું અનલિમિટેડ રિસ્ટોરેશન અગાઉની મર્યાદા પૂરેપૂરી ખતમ થઈ ગયા બાદ લાગુ પડે છે કે પછી આંશિક રીતે મર્યાદા પૂરી થવાની સ્થિતિમાં પણ રિસ્ટોરેશન થઈ જાય છે એ બાબતે સ્પષ્ટતા હોવી જરૂરી છે.

રિસ્ટોરેશન સામાન્ય રીતે હોસ્પિટલાઇઝેશન માટે જ લાગુ પડે છે, આઉટપેશન્ટ કે ડેકેર સારવાર માટે નહીં.

**પ્રીમિયમમાં તફાવતઃ** અનલિમિટેડ રિસ્ટોરેશન માટે પરંપરાગત પોલિસીઓની તુલનામાં થોડું વધારે પ્રીમિયમ હોય છે. આથી એમાં વધારે પ્રીમિયમની સામે પૂરતો લાભ મળે છે કે નહીં એ તપાસી લેવું.


ટૂંકમાં...

વર્તમાન યુગમાં બીમારીની સ્થિતિ કોઈ પણ રીતે અનિચ્છનીય હોય છે. આવા સમયે આર્થિક રક્ષણ માટે અનલિમિટેડ રિસ્ટોરેશનની સુવિધા ખૂબ જ ઉપયોગી થાય છે. એનાથી આખું વર્ષ અનેક વારના હોસ્પિટલાઇઝેશનની સ્થિતિમાં આર્થિક રક્ષણ મળી રહે છે. આ સુવિધા તમારી સર્વાંગી પોલિસીને અંતર્ગત હોઈ શકે છે અથવા તો ઍડ-ઓન તરીકે પણ મળતી હોય છે. થોડું વધારે પ્રીમિયમ ચૂકવીને માનસિક શાંતિ અને આર્થિક રક્ષણ મળતાં હોય તો આવી સુવિધા લેવામાં કંઈ ખોટું નથી. જો કે, અહીં કહી દેવું ઘટે કે પોલિસી લેતાં પહેલાં દરેક નિયમ અને શરત ધ્યાનથી વાંચી લેવાં તથા અનેક કંપનીઓની પોલિસીની તુલના કરીને ખાસિયતો જાણી લેવી. અનલિમિટેડ રિસ્ટોરેશનમાં એક જ બીમારી માટેના એક કરતાં વધુ ક્લેમ કરી શકાશે છે કે કેમ અથવા તો અનેક બીમારીઓ માટે એક જ વ્યક્તિના ક્લેમ મંજૂર થશે કે કેમ એ સવાલના જવાબ પણ મેળવી લેવા. આરોગ્ય વીમા પોલિસીમાં વીમાધારકની દૃષ્ટિએ અનલિમિટેડ રિસ્ટોરેશન ખૂબ જ ઉપયોગી સુવિધા છે. ■

---

## લોહીનો વારસાગત રોગ સિકલ સેલ...

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક




સિકલ સેલ ડિસીઝ (Sickle cell Disease-SCD) એ HBB જનીનમાં ફેરફારને કારણે વારસાગત રક્ત વિકૃતિઓનું નામ છે.

આપણા લાલ રક્તકણો સામાન્ય રીતે ગોળાકાર અને લવચીક હોય છે, તેથી એ રક્ત વાહિનીઓ દ્વારા સરળતાથી ફરે છે. સિકલ સેલ એનિમિયામાં, કેટલાક લાલ રક્તકણો સિકલ (ખેતરમાં વપરાતા ઓજાર દાતરડાનું અંગ્રેજી નામ) અથવા અર્ધચંદ્રાકાર ચંદ્ર જેવા આકારના હોય છે. આ સિકલ સેલ કઠોર અને ચીકણા પણ બની જાય છે, જે રક્ત પ્રવાહને ધીમો અથવા અવરોધિત કરી શકે છે.

જ્યારે કોઈને વારસામાં એક જનીનના બે વર્ઝન મળે છે, ત્યારે આ વિકૃતિ હિમોગ્લોબિનનું એક એવું વર્ઝન બનાવે છે જે યોગ્ય રીતે કામ કરતું નથી, તેનાથી એ વ્યક્તિને સિકલ સેલ રોગ થાય છે. આનાથી સિકલિંગ, અર્થાત રક્તકણો ગોળાકારમાંથી અર્ધચંદ્રાકાર થાય છે.

હિમોગ્લોબિન એ લોહીનો તે ભાગ છે જે ઓક્સિજનનું વહન કરે છે. આ સિક્લ્ડ રક્તકણો એકબીજા સાથે ચોંટી જાય છે અને ઓક્સિજનને તમારી પેશીઓ અને અવયવો સુધી પહોંચતા અટકાવી શકે છે. આનાથી પીડા અને જીવલેણ સમસ્યા સરજી શકે છે.

### સિકલ સેલ થવાનું કારણ...

HBB જનીનમાં આનુવંશિક ભિન્નતા સિકલ સેલ રોગનું મુખ્ય કારણ છે. HBB જનીનમાં હિમોગ્લોબિન બનાવવા માટેની સૂચનાઓ હોય છે, જે તમારા લાલ રક્તકણોનો એક ભાગ છે જે ઓક્સિજન વહન કરે છે. આ જનીનમાં ફેરફાર હિમોગ્લોબિનના અસામાન્ય સંસ્કરણો બનાવી શકે છે, જેને 'હિમોગ્લોબિન' કહે છે.

સામાન્ય લાલ રક્તકણો ડોનટ (તળેલા લોટની રીંગ ) આકારના હોય છે. એ રક્ત વાહિનીઓના વળાંકોની આસપાસ ફરવા માટે પૂરતા લવચીક હોય છે, જે અવયવો અને પેશીઓમાં ઓક્સિજન પહોંચાડવામાં મદદ કરે છે. હિમોગ્લોબિન ધરાવતા લાલ રક્તકણો ઈ આકારના બની જાય છે, જે શરીરમાંથી પસાર થતી વખતે અટવાઈ શકે છે. તે સામાન્ય લાલ રક્તકણો જેટલા લાંબા સમય સુધી ટકી શકતા નથી. આ બધાનો અર્થ એ છે કે શરીરની પેશીઓ અને અવયવોને યોગ્ય રીતે કાર્ય કરવા માટે પૂરતો ઓક્સિજન મળી શકતો નથી.

### સિકલ સેલ રોગનાં લક્ષણ

**એનિમિયાઃ** સામાન્ય રીતે લાલ રક્તકણો લગભગ ૧૨૦ દિવસ સુધી જીવે છે અને પછી તેમને બદલવાની જરૂર પડે છે, પરંતુ સિકલ કોષો સામાન્ય રીતે ૧૦ થી ૨૦ દિવસમાં મૃત્યુ પામે છે, જેના કારણે લાલ રક્તકણોની અછત રહે છે. આને એનિમિયા તરીકે ઓળખવામાં આવે છે. દુખાવાની સ્થિતિઃ સમયાંતરે થતા ભારે દુખાવા, જેને પેઇન ક્રાઇસિસ કહેવાય છે, તે સિકલ સેલ એનિમિયાનું મુખ્ય લક્ષણ છે. ઉપરાંત હાથ-પગમાં સોજો, વારંવાર ચેપ લાગવો, શારીરિક વૃદ્ધિમાં વિલંબ અને દ્રષ્ટિને લગતી તકલીફો જોવા મળે છે. ખાસ નોંધવા જેવી બાબત એ છે કે જો કોઈની પાસે એક હિમોગ્લોબિન જનીન અને એક સામાન્ય HBB જનીન હોય, તો તેનો મતલબ એ છે કે તમારામાં સિકલ સેલ લક્ષણ છે. સિકલ સેલ લક્ષણ ધરાવતા લોકોમાં ઘણીવાર સિકલ સેલ રોગનાં કોઈ લક્ષણો હોતાં નથી.

### રોગમાં થતી વિવિધ તકલીફ

દુખાવો એ રોગમાં થતી મુખ્ય તકલીફ છે. તે ઉપરાંત જે અન્ય સમસ્યાઓ ઉદ્ભવી શકે, તે છે, એનિમિયા, એક્યુટ ચેસ્ટ સિન્ડ્રોમ, લોહીનું ગંઠાવું, ન્યુમોનિયા અને મેનિન્જાઇટિસ જેવા ચેપ, પગના અલ્સર. સિકલ સેલ ધરાવતી મહિલા જો ગર્ભવતી બને તો તેને કસુવાવડ, પ્રિક્લેમ્પસિયા (ઉપરોકત લક્ષણોમાંથી કોઈ), ઓછા વજનવાળા બાળકનો જન્મ અને ગર્ભાવસ્થાની અન્ય ગૂંચવણોનું જોખમ વધારે હોઈ શકે છે.

### નિદાન કેવી રીતે થાય છે?

યુ.એસ. સહિત ઘણા દેશોમાં, હોસ્પિટલો બધાં બાળકોનું સિકલ સેલ રોગ માટે પરીક્ષણ કરે છે. આ એક હીલ પ્રિક (લોહી) પરીક્ષણ છે, જે નિયમિત નવજાત સ્ક્રીનિંગનો એક ભાગ છે. તબીબો પ્રિનેટલ ટેસ્ટિંગનો ઉપયોગ કરીને તમારા બાળકના જન્મ પહેલાં સિકલ સેલ રોગનું નિદાન પણ કરી શકે છે.

### કેવી રીતે ઉપચાર થાય છે?

સિકલ સેલ રોગનો એકમાત્ર સંભવિત ઈલાજ બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ છે. આ પ્રક્રિયા બોન મેરો (જ્યાં લાલ રક્તકણો બનાવવામાં આવે છે) ને દાતાના અસ્થિ મજ્જાથી બદલી નાખે છે, પરંતુ એ માટે યોગ્ય દાતા શોધવો પડે (ઘણીવાર નજીકના પરિવારનો સભ્ય, જેમ કે ભાઈ-બહેન). તે એક જોખમી પ્રક્રિયા પણ છે. સિકલ સેલ માટે બે પ્રકારની જનીન ઉપચાર પણ ઉપલબ્ધ છે. ■

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# પ્રજ્ઞા એટલે જ્ઞાન પ્રાપ્તિનું મનસાતીત કરણ



(ગતાંકથી ચાલુ)

યૌગિક સાધનપથ પર જે આધ્યાત્મિક વિકાસ થાય છે તે વિકાસની ક્રમિકતા આ રીતે મૂકી શકીય-

સામાન્ય ચેતના, ધારણા, ધ્યાન, સમાધિ. આ ક્રમિક વિકાસને પાંચ લક્ષણો દ્વારા સૂચવી શકાય.

(I) ચિત્તની એકાગ્રતામાં બાધારૂપ વિઘ્નો ક્રમે ક્રમે ઘટતાં જાય છે અને સમાધિમાં તે બિલકુલ નથી.

(II) સ્વનું ભાન (Self Consciousness) ક્રમે ક્રમે ઘટતું જાય છે અને સમાધિમાં તે બિલકુલ નથી.

(III) ધ્યાતા અને ધ્યેયનું દ્વૈત ક્રમે ક્રમે ઘટતું જાય છે. સમાધિમાં આ દ્વૈત બિલકુલ રહેતું નથી.

(IV) બાહ્ય જગત સાથેનો ઈન્દ્રિગત સંબંધ ઓછો થતો જાય છે. સમાધિમાં તે બિલકુલ રહેતો નથી.

(V) સાધક ક્રમે ક્રમે મનસાતીત પ્રદેશમાં પ્રવેશતો જાય છે. સમાધિમાં તે મનમાંથી સંપૂર્ણ બહાર નીકળી મનસાતીત પ્રદેશમાં જ પહોંચી જાય છે.

ચિત્તનો ઈન્દ્રિયો દ્વારા જગત સાથેનો સંબંધ સમાધિમાં રહેતો નથી, તેથી બેભાન અવસ્થા કે તેને મળતી અવસ્થાને પણ લોકો સમાધિ ગણી લે છે. સમાધિમાં બાહ્ય જગતનું ભાન રહેતું નથી, તે સાચું છે, પરંતુ બાહ્ય જગતનું ભાન ન રહેવું તે સમાધિનું મૂળભૂત લક્ષણ નથી. બાહ્ય જગતનું ભાન ચાલ્યું જાય એટલે સમાધિ સિદ્ધ થાય તેવું નથી. ઊંઘ, એનેસ્થેસિયાની અવસ્થા કે તીવ્ર વેદનાથી આવેલી બેભાનાવસ્થામાં પણ બાહ્ય જગતનું ભાન રહેતું નથી, પરંતુ આ અવસ્થાઓ સમાધિ કરતાં તદ્દન ભિન્ન પ્રકારની અને સાવ નિમ્ન કોટિની છે.

કોઈ વ્યક્તિ સમાધિનાં બાહ્ય લક્ષણોનું અનુકરણ કરવાનું કોઈક રીતે શીખી લે તો બાહ્ય અવસ્થાની દૃષ્ટિએ તે સમાધિમાં હોય તેમ લાગે છે, પરંતુ આંતરિક રીતે તેનો સમાધિમાં પ્રવેશ ન હોય તેમ બને. આ અવસ્થાને જડ સમાધિ કહે છે. ખરેખર તો 'જડતા' જ કહેવું જોઈએ. આવા પ્રકારની અવસ્થાનું આધ્યાત્મિક મૂલ્ય કશું નથી.

સમાધિનું ખરું લક્ષણ બાહ્ય જગતના ભાનનો લોપ નથી. આંતરચેતનાની અવસ્થા પરથી જ નક્કી થઈ શકે કે વ્યક્તિ સમાધિમાં છે કે નહીં!

આપણી અધ્યાત્મ પરંપરા પ્રમાણે સમાધિની યથાર્થતા જાણવા માટે સાત લક્ષણો છે:

(I) સમાધિ દરમિયાન ચહેરા પર તેજ છવાય જાય છે. સમાધિ સિવાયની ઊંઘ, એનેસ્થેસિયા આદિ બેભાનાવસ્થા દરમિયાન ચહેરો ફિક્કો પડી જાય છે.

(II) સમાધિ દરમિયાન સાધક પ્રગાઢ શાંતિ અને તીવ્ર આનંદ અનુભવે છે.

(III ) સમાધિ દરમિયાન આંતરિક જાગૃતિ ટકી રહે છે. બાહ્ય અને આંતરિક, બંને પ્રકારની જાગૃતિનો લોપ થાય તો તે બેભાનવસ્થા છે.

(IV) સમાધિ દરમિયાન સાધક જે આસનમાં બેઠા હોય તે આસન છૂટે નહીં, શરીર લથડી ન પડે, ઊંઘમાં આસન છૂટી જાય, શરીર લથડી પડે.

(V) સમાધિ દરમિયાન શ્વાસોચ્છ્વાસની ગતિ મંદ અને સૂક્ષ્મ બની જાય છે.

(VI) સમાધિ દરમિયાન સાધક ઉચ્ચ ચેતનામાં પ્રવેશ કરે છે.

(VII) સમાધિમાંથી પાછો આવનાર સાધક બદલાઈને પાછો ફરે છે, સાધક ઉચ્ચ ચેતનાનું જ્ઞાન સાથે લઈને પાછો ફરે છે. સમાધિ સાધકના જીવનનું રૂપાંતર સિદ્ધ કરે છે.

ભ્રામક સમાધિ કે નિદ્રા આદિ બેભાનાવસ્થાથી સમાધિ ઉપરોક્ત રીતે જુદી પડે છે. આ લક્ષણો દ્વારા સમાધિની યથાર્થતા જાણી શકાય છે.

સમાધિ અધ્યાત્મભવનનું દ્વાર છે, મહાદ્વાર છે, સુવર્ણ દ્વાર છે. આમ છતાં સમાધિ અધ્યાત્મયાત્રાની આખરી અવસ્થા પણ નથી. સમાધિ પછી પણ અધ્યાત્મપથની ઘણી યાત્રાઓ બાકી રહે છે.

૩. સંપ્રજ્ઞાત સમાધિ અને તેનાં સ્વરૂપો :

સર્ગક્રમે ચેતના સ્વરૂપ સ્થિતિમાંથી ઊતરતાં-ઊતરતાં પંચભતો અને ઈન્દ્રિયો સુધી પહોંચે છે. સમાધિમાં તેથી વિપરીત અપસર્ગની ઘટના ઘટે છે. સમાધિમાં ચેતનાનું કેન્દ્ર નિમ્ન સ્તરોની ચેતનામાંથી મુક્ત થતાં થતાં ઉચ્ચ સ્તરોની ચેતનામાં ગતિમાન થાય છે. ઊર્ધ્વ ચેતનાનાં પણ અનેક સ્તરો છે. આમ હોવાથી ચેતનાનાં સ્તરો પ્રમાણે સમાધિનાં પણ અનેક સ્વરૂપો છે, જે સમાધિની ક્રમે ક્રમે વિકસતી જતી ભૂમિકાઓ છે. જેમ જેમ સાધકની ચેતના ઊર્ધ્વ ભૂમિકામાં વિકસતી જાય છે, તેમ તેમ તેને વધુ ને વધુ ઊર્ધ્વ ભૂમિકાની સમાધિની પ્રાપ્તિ થતી જાય છે. સાધારણ રીતે પ્રારંભની અવસ્થાઓના પરિપક્વ અભ્યાસથી સાધકનો આગળની ઉચ્ચ ભૂમિકામાં પ્રવેશ થાય છે.

બાહ્ય ચેતનામાંથી મુક્ત થઈને સાધકનો સમાધિમાં પ્રવેશ થાય ત્યારે આ પ્રારંભની સમાધિને સંપ્રજ્ઞાત સમાધિ કહે છે. સંપ્રજ્ઞાત સમાધિની પણ અનેક ભૂમિકાઓ છે.

સંપ્રજ્ઞાત સમાધિનાં લક્ષણો આ પ્રમાણે છે:

(૧) ચિત્ત બાહ્યજગતથી અલિપ્ત થઈ જાય છે.

(૨) પ્રજ્ઞાનો ઉદય થાય છે. સંપ્રજ્ઞાત એટલે સમ્યક્ પ્રજ્ઞાયુક્ત. પ્રજ્ઞા એટલે જ્ઞાન પ્રાપ્તિનું મનસાતીત કરણ. સાધક સ્થૂળ જગત, ઈન્દ્રિયો અને સ્થૂળ મનની ભૂમિકામાં જીવતો હોય છે, ત્યારે તેની પાસે જ્ઞાનનાં બે સાધનો હોય છે - જ્ઞાનેન્દ્રિયો અને અનુમાન. આમ પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણ દ્વારા તે જ્ઞાન પ્રાપ્ત કરે છે, પરંતુ સાધક જ્યારે આ અવસ્થાથી ઉપર જાય છે, ત્યારે સ્થૂળ જગત, જ્ઞાનેન્દ્રિયો અને સ્થૂળ મનથી તેની ચેતના છૂટી પડે છે અને જ્ઞાનનું એક નવું કરણ તેનામાં પ્રગટે છે, જે સામાન્ય બુદ્ધિ કરતાં ઘણું વ્યાપક, સત્યપૂત અને પૂર્ણ છે. સમાધિમાં ચેતના નવા પરિમાણમાં પ્રવેશે છે અને તેની સાથે પ્રજ્ઞાનો ઉદય થાય છે.

ઉપરોક્ત બંને લક્ષણોનો સંપ્રજ્ઞાત સમાધિમાં પ્રારંભ થાય છે અને આગળની વધુ ઉચ્ચ પ્રકારની સમાધિની અવસ્થાઓમાં વધુ ને વધુ વિકસતાં જાય છે. આ બંને લક્ષણો સમાધિનાં બધાં સ્વરૂપોને લાગુ પડે છે.

આ ઉપરાંત નીચેનાં લક્ષણો સંપ્રજ્ઞાત સમાધિમાં જ જોવા મળે છે, અન્ય સમાધિ-સ્વરૂપોમાં નહીં.

(૩) વ્યષ્ટિ સ્થૂળ શરીર અને પુરુષ (અંતરાત્મા) વચ્ચે અનેક સૂક્ષ્મ શરીરો છે. તે જ રીતે સમષ્ટિ ભૌતિક જગત અને પરમ ચૈતન્ય વચ્ચે પણ ચેતનાનાં અનેક સ્તરો છે. વ્યષ્ટિ અને સમષ્ટિની આ રચના સમાંતર છે. સંપ્રજ્ઞાત સમાધિમાં સ્થૂળ શરીર સાથેના સંબંધથી મુક્ત થાય છે અને સૂક્ષ્મ શરીરમાંના કોઈ એકમાં અવસ્થિત થાય છે. જે ભૂમિકાની ચેતનામાં સાધક અવસ્થિત હોય તે ભૂમિકાની સમાધિમાં તે હોય છે તેમ સમજવું જોઈએ. સાધક જ્યારે આ બધાં સૂક્ષ્મ શરીરો કે પાંચે કોશો ભેદીને પાર નીકળી જાય ત્યારે તે ઉચ્ચ પ્રકારની સમાધિ પામે છે. અને અંતે કૈવલ્ય અવસ્થામાં અવસ્થિત થાય છે.

(૪) સંપ્રજ્ઞાત સમાધિની અવસ્થા દરમિયાન સાધકના ચિત્તમાં પ્રત્યયની હાજરી હોય છે. પ્રત્યય એટલે ચિત્તનો વિષય (Content of mind) સમાધિનાં ઉચ્ચ સ્વરૂપોમાં આ પ્રકારના પ્રત્યયની હાજરી હોતી નથી.

સંપ્રજ્ઞાત સમાધિના ચાર પ્રકારો છે: (૧) વિતર્કાનુગત (૨) વિચારાનુગત (૩) આનંદાનુગત (૪) અસ્મિતાનુગત.

જે વિષયનો આધાર લઈને સાધક સમાધિમાં પ્રવેશ કરે છે, તે વિષયના સ્વરૂપને ખ્યાલમાં રાખીને સંપ્રજ્ઞાત સમાધિનાં આ ચાર સ્વરૂપો બતાવવામાં આવે છે. આ ચારે સ્વરૂપોમાં ક્રમિક વિકાસ જોવા મળે છે.

(૧) વિતર્કાનુગત સમાધિ :

અહીં વિતર્ક એટલે ચિત્તની ચંચળ અવસ્થા. ચિત્તની આ સ્વરૂપની અવસ્થા પર એકાગ્રતા કરવાથી તેનો નિરોધ થાય છે, સાધકનો સમાધિમાં પ્રવેશ થાય છે. સમાધિના આ સ્વરૂપને વિતર્કાનુગત સમાધિ કહે છે. આ સમાધિ દરમિયાન સાધકની ચેતના મનોમય કોશમાં હોય છે.

(૨) વિચારાનુગત સમાધિઃ

વિચાર એટલે ચિત્તની સમ્યક્ વિચારણાની સ્થિતિ. ચિત્તની આ પ્રકારની અવસ્થા પર એકાગ્રતા કરવાથી તેનો વિરોધ થાય છે અને સાધકનો સમાધિમાં પ્રવેશ થાય છે. સમાધિના આ સ્વરૂપને વિચારાનુગત સમાધિ કહે છે. આ સમાધિ દરમિયાન સાધકની ચેતના વિજ્ઞાનમય કોશમાં હોય છે.

(૩) આનંદાનુગત સમાધિઃ


ચિત્તના આનંદાનુભવ પર એકાગ્રતા કરવાથી સાધક જે સમાધિમાં પ્રવેશે છે, તેને આનંદાનુગત સમાધિ કહે છે. આ અવસ્થા દરમિયાન સાધકની ચેતના આનંદમય કોશમાં સ્થિત હોય છે. ■

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાકર

# ઘરડા ઘરમાં શોભે.... ઘરડાઘરમાં નઈ!




અલ્યા ભાઈ, જગતનો કોઇ પણ ડોહો ખેંચી ખેંચીને ૮૩-૮૫એ પહોંચે એટલે વડીલમાંથી પાછું નાનું ટેણીયું બની જાય એટલે નવડાવવું-ખવડાવવું પણ પડે એ બધુ કબૂલ, પણ એ વડીલ બાળકને આંગળીથી લાઇટની સ્વીચ દબાવો એમ દાઢી દબાવી 'અલે માલો બાપલીયો આવતો લે મારો ટીકુડો...' એવું કાલુ કાલુ બોલી હવામાં ઉછાળી કે ગોદડીમાં સુવાડી રમાડાય નઈ, ને બાબાની જેમ બાપાને તેડી બજારમાં નીકળ્યા તો કેવા ભૂંડા લાગીએ...

માન્યું કે બાપુજીને રમાડવા -હસવાની મજા આવે, પણ જો રોજનું વ્યસન થઇ જાય તો રોજ બાપુજીને રમાડવાનું સેશન ચાલુ કરવું પડે, ઘરના સભ્યોએ વારાફરતી કલાકે કલાકે બાપુજીને રમાડવા હાજર રહેવું પડે... આમાં લોચો એ ખરો કે બાબો એના બાપુ પર ગયો છે એમ કહેવાય, પણ અહીં તો બાપુ એના બાબા પર ગયા છે એવું કીધુ તો ઘરનું વાતાવરણ તંગ થઇ જાય ને બાનું મોઢું જોવા જેવું થઇ જાય...

મારે આજે જગતના તમામ બાપુજીઓને કહેવુ છે કે નાનપણમાં બાળકોને છણકાય છણકાય કર્યું હશે તો દીકરાઓ હવે છણકાવશે. તમારા હાકોટા-છાકોટા બંધ થઇ જશે... શરીરનું વજન ઘટશે ને ઘરમાં પણ વજન નઈ પડે, તમારો રૂઆબ તમારો વટ ભૂતકાળ બની જશે, આ બધુ બા હતા ત્યાં સુધી બરાબર પણ દીકરા-વહુને 'આ ટીવી પર કચરો કેમ છે? ટીકુ નિશાળે કેમ નથી ગયો, મને નાસ્તામાં ગાંઠિયાને બદલે સેવ કેમ આપી?' એવી ખટપટ કરી તો એક દહાડો દીકરો જ બોલશે 'પ્લીઝ, બાપુજી ખબર પડતી નથી તો ડબડબ ના કરો, વારંવાર કીધુ કે લાઈટ બંધ કરી સૂઈ જાવ, ને તમને ઊંઘ ન આવતી હોય તો અમારી ઊંઘ શું કામ બગાડો છો?'

બિચારા બાપુજી બંધ લાઈટમાં ખુલ્લી આંખે મનોમન બોલ્યા : 'એય ચંબુની મા, સાંભળે છે? જે દીકરાને બાથી માંડી બધું બોલતા શીખવાડ્યું એ મને ચૂપ રહેવાનું શીખવાડે છે. આપણને ઊંઘ આવતી છતાં ચંબુ વાર્તા સાંભળવાની જીદ કરતો 'મને લાજાની વાલતા કહોને... પછી પેલી પલીનું શું થયુ?..બાપુ, પેલા કાગડા પાસેથી શિયાળને પુલી મલી?' તેને ખુશ કરવા સાચા સવાલોના ખોટા જવાબ આપી વાર્તા કહેતા ને નવી નવી વાર્તા શોધતા... મારું શું થશે એનો વિચાર કર્યા વગર તું ચાલી કેમ ગઈ?' એટલું વિચારી બાપુજી આંસુનો સાથ લઇ સૂઈ ગયા...

બીજા દિવસે ચંબુ બાપુ પાસે આવી બોલ્યો : 'હાય ડેડ, ડોન્ટ ફિલ બેડ પણ તમે બાના ગયા પછી કેટલીવાર બોલ્યા કે હવે હું તો ખર્યું પાન, પણ પ્રેક્ટિકલી તમે ખરતા નથી તો ડેડ, હવે રીક્વેસ્ટ કે આ બધુ મારા નામે ક્યારે કરો છો?'

'યસ માય ડીયર સન, પણ સ્ટીલ આઈ એમ નોટ ડેડ, અન્ડરસ્ટેન્ડ?'

'બાપુજી' વહુ બોલી 'આપણી રોજની ટકટકને લીધે સાથે ન રહી શકીએ એથી તમને 'દીકરાના ઘર'માં મૂકવાનો વિચાર કર્યો છે'

'અરે વહુબેટા, દીકરાના ઘરમાં તો છું.'

'શું બાપુજી તમે પણ બહુ ભોળા છો અરે, આ 'દીકરાનું ઘર' એ વૃદ્ધાશ્રમનું નામ છે.!'

બાપુજીએ વિચાર્યું કે ધીરે ધીરે ઉંમર અને ઘરવાળા બંને સાથ છોડતા જાય છે. બીજા દિવસે વૃદ્ધાશ્રમમાં મોકલતા ચંબુએ બાપુજીને ત્રણચાર જોડી કપડાં સાથે એક ધોતીજોટો આપ્યો, પણ પુએ એને ફાડીને બેમાંથી એક ધોતી ચંબુને આપી ને ચંબુ ચમક્યો :

'બાપુજી આ ધોતી..'

'હા બેટા, તું મારો દીકરો છે એટલે મને જોટો આપ્યો પણ જ્યારે તારો વારો આવશે ત્યારે તારો દીકરો તને એક પણ નઈ આપે ત્યારે કામમાં લાગશે... રાખી લે' એટલું બોલી બાપુજીએ વૃદ્ધાશ્રમ જવાનો રસ્તો પકડ્યો.

બીજા દિવસે હું ચંબુને મળવા ગયો તો એ બોલ્યો :

'ઠાકર, બાપુજી સાથે મારા કે ચંપાના સ્વભાવનું મેચિંગ ન થયું એટલે 'દીકરાનું ઘર' નામના ઘરડાઘરમાં મૂક્યા. એમનું પેન્સન આવે છે સાત હજાર એમાંથી બે હજાર જમવાના ને એક હજાર ભાડાના આપવાના. ચાર હજાર બચે એ ક્યારે બીમાર પડે તો દવાના... ગમેએમ તોયે પોતાના બાપુજી છે... પણ હવે બહુ નઈ કાઢે.'

'ચંબુ, એ કાઢે કે ન કાઢે તેં તો ઘરમાંથી કાઢ્યા... યાદ રાખ 'ઘરડા ઘરમાં શોભે ઘરડાઘરમાં નઈ' એટલું કહી ને હું નીકળી ગયો.

હું મારા ઘરે પહોંચ્યો તો સરોજ બોલી :

'ખોટું ન લાગે તો મારે તમને એક સરપ્રાઈઝ આપવી છે.'

'બોલ '

'બજારમાં ચંબુના બાપુજી મળેલા એમની વૃદ્ધાશ્રમની દશા સાંભળી મને ખૂબ દુઃખ થયું એટલે...'

'એટલે શું?'

'એટલે હું એમને કાયમ માટે આપણા ઘરે લઇ આવી છું. તમને વાંધો નથી ને? બાજુની રૂમમાં છે'.

બાજુની રૂમમાં બાપુજી ઈશ્વર સામે પ્રાર્થના કરતા હતા :

'હે પ્રભુ, તું હવે ઉઠાવી લે એનો વાંધો નથી, પણ પછી મારો નપાવટ દીકરો ચંબુ એના ખભા પર મને ન ઉઠાવે એનું ધ્યાન રાખજે.'

બાપુજી આટલું બોલી મારા તરફ વળ્યા ત્યારે આંખમાં નદી બની આવેલા આંસુ ધોધ બની બહાર આવ્યા...મને ભેટી પડ્યાઃ

'બેટા, હવે ચંબુની બા પાસે જવાની ઉતાવળ ને ઈચ્છા થઇ છે, બેટા... 'દુનિયાને કિતના સમજાયા કોન હૈ અપના કોન પરાયા' પણ હું સમજી જ ન શક્યો. હવે સમજાયું પણ હવે શું? સબ કુછ લુટાકે હોશમેં આયે તો ક્યા હુઆ' બેટા , તું બીજુ કઈ આપે કે ન આપે પણ અંતમાં મને ખભો આપજે ને જેને મેં બચપણમાં ખભા પર રમાડ્યો એ ખભો ન આપે એનું ધ્યાન રાખજે... રાખીશને?'

હું શું બોલું? શું કહો છો? ■

feedback@bombaysamachar.com

આરોગ્ય પ્લસ

સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

# ચામડીના વિવિધ રોગ...

**શરીરનાં પ્રત્યેક અંગના રક્ષણ માટે કુદરતે આપણને ચામડી આપી છે, પરંતુ ચામડીને અનેક પ્રકારના રોગ પજવી શકે છે. આ અગાઉ આપણે ચામડીના વિવિધ રોગ અને ઉપચાર વિશે જાણ્યું. હવે આગળ...**




હવે આગળ...

**દાદર :**

૧.) લીમડાનો રસ દાદર પર ઘસવો.

૨.) લીમડાનો રસ, તલનું તેલ અને હળદરનો પાઉડર સરખા પ્રમાણમાં લઈ દાદર પર ઘસવો.

૩.) મીઠું અને સરકો (Vinegar) ભેગું કરી દાદર પર લગાડવું.

૪.) લીલી હળદરનો રસ દાદર પર લગાડવો.

૫ ) નાળિયેરનું તેલ દાદર પર થોડું ચોળવું.

૬.) કુંવારપાઠાનું લાબરું દાદર પર લગાવવું.

**પગના તળિયાની બળતરા :**

૧) તકમરિયાને પલાળીને પગના તળિયામાં બાંધવા.

૨) હાથ-પગના તળિયામાં બળતરા થતી હોય તો દૂધીના છીણનો પાટો બાંધવાથી અથવા દૂધીનો રસ વારંવાર લગાવવાથી ખૂબ ઠંડક થાય છે.

૩) કોકમનું તેલ પગના તળિયે લગાવવું.

૪) ગાયનું ઘી પગને તળિયે કાંસાની વાટકીથી ઘસવું.

૫) પગના તળિયે લીલી મેંદીનો લેપ કરવો.

**સોરાયસિસ :**

નોંધઃ સોરાયસિસ એ ચેપી રોગ નથી. તે ખાસ કરીને કોણી, ઢીંચણ, હથેળી અને માથામાં થતો હોય છે. તેમાં ચામડી પર લાલ અને સફેદ પડ વળી જાય છે. અને તેની ફોતરીઓ રોજ નીકળ્યા કરે છે.

* રોજ ૧ ચમચી કાળીજીરીનો પાઉડર અને ૧ ચમચી કાળા મરીનો પાઉડર ભેગો કરીને લેવો. - આ પ્રયોગ સરેરાશ ૧૫ દિવસ કરવાથી ખૂબ ફાયદો થાય છે.

* સોરાયસિસના દર્દીઓએ હૂંફાળા પાણીથી નહાવું.

* દિવસમાં બેથી ત્રણ વાર બરફના ટુકડાને કપડામાં બાંધીને ૧૦ મિનિટ સોરાયસિસવાળી ચામડી પર લગાડી રાખવા.

* હૂંફાળું ઓલિવ ઓઈલ સોરાયસિસની ચામડી પર રોજ લગાવવું.

* અડધી ચમચી હળદર અને થોડું મધ ગરમ દૂધમાં મેળવીને રોજ પીવું.

* ડાઘ ઉપર લીંબોળી અને કરંજનું તેલ લગાવવું.

* દિવસમાં બેથી ત્રણ વાર ગ્લિસરિનને સોરાયસિસની ચામડી પર લગાવવું.

* કુંવારપાઠાના લાબરાને સોરાયસિસની ચામડી પર સંપૂર્ણ ચુસાઈ ન જાય ત્યાં સુધી રાખવું.

**સાવધાનીઃ**

આ રોગની સારવાર અનુભવી ચિકિત્સક પાસે કરાવવી.

**ખંજવાળ :**

રોજ સવારે ૨૦ ગ્રામ મધ ૧ કપ ઠંડા પાણીમાં મેળવીને પીવાથી દાહ, ખંજવાળ, ફોલ્લી વગેરે ચામડીના રોગ મટે છે.

* તાંદળજાની ભાજીના રસમાં સાકર મેળવીને પીવું જેથી ગરમીની ખંજવાળ મટશે.

* તુલસીના પાનનો રસ ઘસવો. જેથી કફદોષથી થતી ખંજવાળ મટશે.

* સરસિયાના તેલનું માલિશ કરવું. જેથી વાયુ-કફ દોષથી થતી ખંજવાળ મટશે.

* કોપરેલ અને લીંબુનો રસ મેળવી શરીર માલિશ કરવાથી ખંજવાળ અને દાદર મટશે.

* અડધો કપ લીમડાનો રસ અને અડધો ગ્રામ ખાવાનો સોડા મેળવી સવાર-સાંજ પીવાથી ખરજવું મટે છે.

* કોપરું ખાવાથી ખંજવાળ મટે છે.

* ટામેટાના રસમાં તેનાથી બે ગણું કોપરેલ મેળવીને શરીર પર માલિશ કરી અડધા કલાક પછી સ્નાન કરવું.

* ચણાનો લોટ, આંબળાનું ચૂર્ણ તથા હળદરની ભૂકી મિશ્ર કરી પાણીમાં મેળવી શરીર પર માલિશ કરવું.

* લીમડાના પાન રાત્રે પાણીમાં પલાળી સવારે તે પાણીને ગરમ કરી સ્નાન કરવું કે લીમડાના સાબુથી સ્નાન કરવું.

* આખા શરીરે ખંજવાળ આવતી હોય તો સરસિયાના તેલનું માલિશ કરવાથી ખંજવાળ મટે છે.

**વાઢિયા-ચીરા :**

મૂળાના પાનને વાટીને કપડામાં દાબીને તેનો રસ ચોપડવાથી વાઢિયા મટે છે.

* ૧ ચમચી દિવેલ અને ૧ ચમચી નીંબતેલ ભેળું કરી હાથ-પગના ચીરામાં રાત્રે ચોપડવું.

* પગને હૂંફાળા પાણીમાં ધોઈને તેને કોરા કરવા. ત્યાર પછી તલનું તેલ, નાળિયેરનું તેલ કે કોઈપણ તેલને વાઢિયા પડ્યા હોય ત્યાં લગાવીને ઉપર પગનાં મોજાં પહેરવાં. પછી સવારે બંને પગ ધોઈ નાખવા.

* લીમડાનો ૧ ચમચી પાઉડર અને ત્રણ ચમચી હળદરના પાઉડરને ભેગો કરીને તેમાં થોડું દિવેલ ઉમેરીને મલમ બનાવીને વાઢિયા પર અડધો કલાક લગાડી રાખવો.

* હૂંફાળા પાણીમાં થોડો લીંબુનો રસ ઉમેરીને તેમાં ૧૫ મિનિટ સુધી પગ ડુબાડી રાખવા. ત્યાર પછી બંને પગ ધોઈને કોરા કરવા.

* હાથ કે પગમાં ચીરા પડ્યા હોય, અળાઈ થઈ હોય તો એક ભાગ લીંબુનો રસ, તેનાથી ત્રણગણું તલનું તેલ અથવા કોપરેલ મેળવી લગાડવાથી રાહત થાય છે.

* બે પાકાં કેળાંને મસળી તેનો લેપ વાઢિયા ઉપર ૨૦ મિનિટ સુધી લગાડી રાખવો. ત્યાર પછી બંને પગને હૂંફાળા પાણીથી ધોઈ નાખવા.

* કોકમનું ઘી અથવા દિવેલ ગરમ કરી વાઢિયા ઉપર ઘસવું.

**કપાસી :**

* કપાસીવાળા પગને ગરમ પાણીમાં રોજ ૧૫-૩૦ મિનિટ રાખવાથી તે નરમ પડીને તેના બેક્ટેરિયા નાશ પામશે અને તે મટી જશે.

* ખાવાના સોડા અને દિવેલને ભેગું કરી કપાસી પર લગાવવું, પછી પાટો બાંધી દેવો. બીજા દિવસે સવારે પાટો કાઢીને હૂંફાળા પાણીથી કપાસીને કરકરા પથ્થરથી ઘસીને સાફ કરવી. થોડા દિવસ આ પ્રમાણે કરવાથી કપાસી મટે છે.

* કુંવારપાઠાના લાબરાને કપાસી પર ઘસીને પાટો બાંધવો, દિવસમાં બે વાર આ પ્રયોગ કરવો.

* કપાસીને હૂંફાળા પાણી દ્વારા ધોઈને તેના પર દિવેલ લગાવવું.

* રોજ દિવસમાં બેથી ત્રણવાર તુલસીના પાંદડાંઓને વાટીને કપાસી પર ઘસવું.

* પપૈયાના ગર્ભને કપાસી પર મૂકી પાટો બાંધી રાખવો.

* ૧ ચમચી હળદર અને થોડા મધને ભેગું કરી કપાસી પર ઘસીને લગાડી પાટો બાંધવો. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# અરૂગલાઃ એક સ્વાદિષ્ટ પત્તેદાર ભાજીની જાણી લઈએ ખૂબી

ભારતીય તહેવારો અને તેમાં પણ દિવાળીના દિવસો હોય ત્યારે ઘર-સજાવટની સાથે રસોઈઘરમાંથી મઘઝરતી વાનગીઓની સોડમ આવવા લાગે છે. દિવાળીમાં ચટાકેદાર ફરસાણ તથા મધમીઠી મીઠાઈઓ ખાવાનો આનંદ અનેરો હોય છે. અનેક વખત દિવાળી બાદ વજન વધી ગયું હોય છે. દિવાળી બાદ અંગ્રેજી નવા વર્ષને વધાવવા વજનને નિયંત્રણમાં રાખવું જરૂરી બની જાય છે. જો વજનને નિયંત્રણમાં રાખવું હોય તો અત્યારથી જ વિવિધ પત્તેદાર શાકભાજી ખાવાની શરૂઆત કરવી જોઈએ. શું આપે અરૂગલા ભાજીનું નામ સાંભળ્યું છે? મેથી-પાલક-તાંદળજો-સરસવ-સૂવાની ભાજીથી આપણે જાણકાર છીએ. અરૂગલા ભાજી કે રોકેટ ભાજીનો આપણે વધુ ઉપયોગ કરતાં નથી. અન્ય ભાજી જેવાં જ પત્તેદાર ભાજીના ગુણો આ રોકેટ ભાજીમાં સમાયેલાં છે. તેનો ઉપયોગ સલાડ, શાક કે અન્ય ચાટની વાનગીમાં ઉપરથી સજાવટમાં કરી શકો છો.



અરૂગલાને રોકેટ, રૂકોલા, તારામીરા, સફેદ મીર્ચ, રોક્વેટ વગેરે નામથી ઓળખવામાં આવે છે. સરસવની ભાજીની જેમ અરૂગલા ભાજી પણ તેના ચટપટા સ્વાદ તથા સ્વાસ્થ્ય લાભ માટે ખાસ ખવાય છે. હજી લોકોમાં અન્ય ભાજીની સરખામણીમાં તે વધુ પ્રચલિત નથી બની. વૈજ્ઞાનિક નામ એરૂકા વેસિકેરિયા છે.

અરૂગલા ક્રૂસિફેરસ બૈસિસેકી વેજિટેબલ પરિવારનો હિસ્સો ગણાય છે. પત્તા-કોબી, બ્રોકલી જેવાં શાક સાથે તેને સરખાવામાં આવે છે. તેનો ઉપયોગ શાક બનાવીને કરી શકાય છે પરંતુ તેનો સૌથી વધુ ઉપયોગ સલાડ તરીકે કાચી ખાવામાં કરવામાં આવે છે. તેની સ્મુધી બનાવી શકાય છે. ઈટાલિયન વાનગી જેવી કે પિત્ઝા કે પાસ્તામાં તેનો ઉપયોગ છૂટથી કરવામાં આવે છે. જે વાનગીનો સ્વાદ વધારવામાં મદદ કરે છે. અરૂગલાના એક કપ પાનમાં ૨૦-૨૫ કૅલરી, ૩ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૨.૫ ગ્રામ પ્રોટીન, દોઢ ગ્રામ ફાઈબર હોય છે. તે વિટામિન સી, વિટામિન ઈ તથા વિટામિન કેનો ભંડાર ધરાવે છે. વળી અનેક ખનીજ તત્ત્વો પણ સમાયેલાં છે. જેવા કે આયર્ન, ઝિંક, મેગ્નેશ્યિમ, કૅલ્શ્યિમ, પોટેશ્યિમ, પ્રોટીન તથા ફોસ્ફરસ જેવા વિવિધ પોષત તત્ત્વો સમાયેલાં છે. અરૂગલાના લીલાછમ પાનમાં સ્વાસ્થ્ય માટે ગુણકારી તેવાં ઍન્ટિઓક્સિડન્ટ, ફાઈબર તથા ફાઈટોકેમિકલ્સ જોવા મળે છે. તેના પાન જેટલાં ગુણકારી છે તેટલાં જ ગુણકારી તેના ફૂલ તથા તેલ ગણાય છે.

અરૂગલા કે આગુર્લા એક પ્રકારની સલાડની ભાજી ગણાય છે. કેટલાંક યુવા-સંપન્ન ખેડૂતો દ્વારા આ ભાજીની ખેતી થતી જોવા મળે છે. ગારધિર કે ભૂમધ્ય સાગરીય સલાડના પાન તરીકે અરૂગલા ઓળખાય છે. વર્તમાન સમયમાં જીમનેશ્યિમમાં જતાં યુવાવર્ગમાં બૉડીબિલ્ડીંગનો શોખ વધવા લાગ્યો છે. તેમના દ્વારા અરૂગલા પાનનું સેવન લોકપ્રિય બનવા લાગ્યું છે. શરીરના અનેક સૂક્ષ્મ પોષક તત્ત્વોની ઊણપ પૂર્ણ કરવામાં મદદ કરે છે.

ભારતનાં ઉત્તર પૂર્વીય રાજ્યોમાં ઑક્ટોબરના અંતિમ સપ્તાહમાં તેનું વાવેતર શરૂ કરવામાં આવે છે. તેની ખેતી માટે ૧૦થી ૨૫ ડિગ્રી સેન્ટીગ્રેડ તાપમાન જરૂરી હોય છે. રાજસ્થાન, પંજાબ, હરિયાણા રાજ્યો અરૂગલાના પાનની ખેતીમાં સૌથી મોટા ઉત્પાદક તરીકે આગળ આવેલાં છે. અમેરિકા તથા કૅનેડામાં અરૂગલાના પાનની માગ સતત વધતી જાય છે. હાઈબ્રીડ પાનની ખેતી ખેડૂતોમાં વધુ લોકપ્રિય બની છે. કેટલીક જાત જોઈએ તો એસ્ટ્રો, રેડ ડ્રેગન, રૉકેટ તથા સ્લૉબોલ્ટ, વસાબી વગેરે ગણાવી શકાય. અરૂગલા પાનની ખેતીની ખાસ વિશિષ્ટતા એ છે કે તેની ખેતી ૪૦થી ૫૦ દિવસમાં પૂર્ણપણે તૈયાર કરી શકાય છે.

## રૉકેટ ભાજીના સ્વાસ્થ્યવર્ધક લાભઃ

**વજનને નિયંત્રણમાં રાખવામાં લાભકારી :** તહેવારોમાં સુંદર દેખાવું પ્રત્યેક વ્યક્તિને પસંદ હોય છે. તેમાં શરીર સુડોળ હોય તો તમારું વ્યક્તિત્વ વધુ ખીલી ઊઠે છે. તેના માટે થોડી મહેનત કરવી પડે છે. ભોજનમાં થોડું ધ્યાન આપવામાં આવે તો તેનો ફાયદો અવશ્ય મળે છે. અરૂગલા ભાજીનું સેવન કરવાથી વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. કેમ કે આ ભાજીમાં કૅલરીની માત્રા ઓછી હોવાની સાથે ફાઈબરનું પ્રમાણ વધુ છે. જેથી તારામીરા ભાજીનું સેવન કર્યા બાદ લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. જે વજનને ઘટાડવામાં મદદ કરે છે.

**ઍન્ટિ-ઓક્સિડન્ટથી ભરપૂર :** તારામીરા કે રૉકેટ ભાજીમાં ઍન્ટિ-ઓક્સિડન્ટની માત્રા ભરપૂર પ્રમાણમાં જોવા મળે છે. જે જૂની બીમારીને દૂર કરવામાં મદદ કરે છે. શરીરને વિવિધ પોષક તત્ત્વો મળવાથી અરૂગલા ભાજીનું સેવન પ્રમાણભાન રાખીને કરવું ઉત્તમ ગણાય છે. વિટામિન કેની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી છે. એક અધ્યયનથી જાણવા મળ્યું હતું કે અરૂગલાના પાનનો રસ ઉંદરને આપવાથી તેમની કોશિકામાં ઍન્ટિ-ડાયાબિટીક પ્રભાવ જોવા મળ્યો હતો.

**કૅલ્શ્યમથી ભરપૂર :** સફેદ મિર્ચ તરીકે ઓળખાતી અરૂગલા ભાજીમાં કૅલ્શ્યિમનું પ્રમાણ ભરપૂર જોવા મળે છે. જે હાડકાંની તંદુરસ્તી માટે લાભકારી ગણાય છે.

**ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી :** ડાયાબિટીસની સમસ્યા ધરાવતી વ્યક્તિ માટે અરૂગલા ભાજીનું સેવન ગુણકારી ગણાય છે. પત્તેદાર શાકનું સેવન કરવાથી ટાઈપ-૨ ડાયાબિટીસનો ખતરો ઘટી શકે છે. અરૂગલામાં ભરપૂર માત્રામાં ફાઈબર સમાયેલું હોય છે. ફાઈબર યુક્ત આહાર બ્લડ શુગરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. ઈન્સ્યુલિન રેસિસ્ટન્ટને ઓછું કરવામાં મદદ કરી શકે છે.

**બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ :** જેમનું બ્લડપ્રેશર વધુ રહેતું હોય તેમને માટે અરૂગલા ભાજીનું સેવન કરવું લાભકારી ગણાય છે. આ ભાજીનું સેવન શક્તિવર્ધક ગણાય છે. કેમ કે તેમાં શરીર માટે આવશ્યક ખનીજ તત્ત્વો સમાયેલાં છે, જે લોહીમાં કૅલ્શ્યિમ તથા મેગ્નૈશ્યિમની માત્રા વધારવામાં મદદ કરે છે.

**આંખોની રોશની માટે લાભકારી :** સતત મોબાઈલના ઉપયોગને કારણે આંખોની વિવિધ સમસ્યા બાળકોથી લઈને પ્રત્યેક વ્યક્તિમાં જોવા મળે છે. આંખોમાં બળતરા, ઝાંખપ કે દૂરનું ધૂંધળું દેખાવું વગેરે ગણાવી શકાય. અરૂગલાના પાનમાં વિટામિન એની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. જે રેટિનાની સુરક્ષા માટે લાભકારી ગણાય છે. લ્યૂટિન, જેક્સૈન્થિલ હોય છે જે વધુ પડતાં પ્રકાશથી આંખોને બચાવવામાં મદદ કરે છે. ઓમેગા-૩ મોતિયાબિંદુના ખતરાને ઘટાડવામાં મદદ કરે છે. ■

## અરૂગલા પાનનો સલાડ

**સામગ્રી :** ૧ મોટો બાઉલ અરૂગલાના તાજા પાન બરફના પાણીમાં રાખવા, ૧ નાની વાટકી લાલ દ્રાક્ષ, ૧ નાની વાટકી સફરજનના ટુકડા, ૧ નાની વાટકી પનીર, ૧ નાની વાટકી પર્મિશન ચીઝ, ૧૦-૧૨ નંગ શેકેલી બદામ, સ્વાદાનુસાર સંચળ, ૧ નંગ લીંબુનો રસ, ૧ નાની ચમચી મરી પાઉડર, ૧ નાની ચમચી ચાટ મસાલો, ૧ નાની ચમચી દળેલી ખાંડ. ૧ નાની ચમચી ઑલિવ ઓઈલ.



**બનાવવાની રીત :** સૌ પ્રથમ બદામને શેકી લેવી. લાલ દ્રાક્ષના બે ટુકડા કરી લેવાં. સફરજનને મધ્યમ આકારમાં કાપી લેવાં. હવે એક બાઉલમાં સફરજન, દ્રાક્ષ, પનીર, બદામ, ચીઝ વગેરે ભેળવીને તેની ઉપર અરૂગલાના તાજા પાન ગોઠવવાં. તેની ઉપર સંચળ, લીંબુનો રસ, દળેલી ખાંડ, ઑલિવ ઓઈલ વગેરે ભેળવવું. મિશ્રણને બરાબર હલાવી લેવું. તાજા સ્વાદિષ્ટ ચટપટા ઠંડા સલાડનો સ્વાદ માણવો. એક વખત સ્વાદ માણશો તો વારંવાર અચૂક બનાવવાનું આપને મન થશે તેની ગેરેંટી.

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# શું છે આ પોપકોર્ન બ્રેન સિંડ્રોમ?

આજનું ડિજિટલ જગત પ્રોદ્યોગિકી દ્વારા સંચાલિત એક તીવ્ર ગતિથી બદલાતું હોય છે. જેમાં આર્ટિફિશ્યલ ઇન્ટેલિજિન્સ, સોશ્યલ મીડિયા અને ઓનલાઇન સેવાનો ઊંડો પ્રભાવ આપણા પર પડ્યો છે. દુનિયામાં લગભગ બધે જ શિક્ષણ, કામકાજ અને સામાજિક જીવન શક્તિ બધું જ કામ ઉપકરણોથી જોડાયેલું છે. ડિજિટલ ઉપકરણોના માધ્યમ એ એક વ્યાપક અનુભવ બની ગયા છે. ડિજિટલ દુનિયામાં સફળ થવા રોજનું કોઇ નવીનતમ અને વિવિધ ડિજિટલ કૌશલથી જોડાવું આવશ્યક બની ગયું છે. ડિજિટલ વ્યાપાર કરનાર સતત આપણી સમક્ષ નવીનતમ સુવિધા રાખે છે જેના કારણે શારીરિક કામ ખૂબ જ ઓછું કરી નાખ્યું. માનસિક કામકાજ ખૂબ મોટા પાયે વધી ગયું. જેના કારણે મગજમાં સ્થિરતા રહી શકતી નથી. ધાણી (પોપકોર્ન) ની જેમ મગજમાં વિચારો આવે છે કે ફૂટતાં રહે છે. આનું કારણ છે કે સતત ઉપકરણોનો વપરાશ (મોબાઇલનો વપરાશ) આ ઉપકરણોના વપરાશ નાનાં બાળકોથી માંડીને વયોવૃદ્ધ સુધી વધી ગયા છે.

કોઇ મનપસંદ, શો ટીવી પર જોઇએ તેની સાથે તરત હાથમાં મોબાઇલ રાખી તેમાં રીલ જોવાનું ચાલુ કરે. થોડીવારમાં ટ્વિટર ચેક કરે તરત વૉટસ્ઍપ જોવે. થોડીવાર કોઇ બુક વાંચે, એક પાનું વાંચ્યુ નહીં કે તરત જ કોઇ ગીત સાંભળવાનું ચાલુ કરે. ગીત પૂરું ન સાંભળે ત્યાં કોઇની સાથે મોબાઇલ પર વાત કરે. કહેવાનું એ છે કે સતત મગજના વિચારો બદલાયા કરે. કોઇ એક કામમાં એકાગ્રતા રહેતી નથી. તેથી મનોવૈજ્ઞાનિકોએ આ એક મોટી સમસ્યાનો મુદ્દો કહ્યો છે. જેને નામ આપ્યું ‘પોપકોર્ન બ્રેન સિંડ્રોમ’ જેમ પોપકોર્ન ફૂટે તેમ મગજમાંથી વિચારો ફૂટતા રહે છે.



આ સિંડ્રોમનો શિકાર લગભગ બધી જ ઉંમરના લોકો થાય છે. અસ્થિરતા વધવા લાગે છે. જેમ જીવન જરૂરિયાતની વસ્તુઓમાં ઓપ્શન વધી ગયા અને શું લેવું તે નક્કી કરી શકાતું નથી. તેમ આ ઉપકરણોમાં સોશ્યલ મીડિયાના વધારો થતાં લોકો મૂંઝવણમાં રહે છે. ઉપકરણોના ઉપયોગ બિનજરૂરી રીતે વધુ વધી રહ્યો છે. જેના કારણે મગજની બીમારી વધતી જાય છે. એટલે કે માનસિક રીતે બીમાર પડી રહ્યાં છે. ઉપકરણોના માધ્યમથી લગભગ બધી જીવન જરૂરિયાત વસ્તુઓ મળી રહે છે. તેના કારણે લોકો અતિ આળસુ બની ગયા છે. જે વસ્તુની જરૂરિયાત હોય તેને ઘરમાં મંગાવીને વપરાશ કરે છે. શારીરિક કામ ઘટી ગયા છે જેની અસર પાચનક્રિયા પર પડી રહી છે. બહારના ભોજન જલદી મળી રહે છે. તેનો ઉપયોગ ખૂબ વધી ગયો છે. બહારના ખાદ્ય પદાર્થના કારણે શરીર પણ બીમાર પડી રહ્યું છે. જેનો પ્રભાવ પણ માનસિક રીતે માનસ પર પડે છે. આ કોઇ શારીરિક બીમારી ગણીયે કે માનસિક કહેવું એ મુશ્કેલ છે.

ઉપકરણોનો વધુ ઉપયોગનું તાજું ઉદાહરણ છે. બેંગ્લોરના એક સત્તર વર્ષના યુવાન જે એક સંતાન છે. જેને શોર્ટ વીડિયો જોતાની લત લાગી ગઇ. સાતથી આઠ કલાક સતત યુટયૂબ અને ઇન્સ્ટાગ્રામ પર રીલ જોવામાં વિતાવ્યા. જેના કારણે તેને ભૂખ લાગી છે કે નહીં તે ખબર નહીં. આસપાસ કોણ છે તેની ખબર નહીં થોડા સમયમાં તે બધું જ ભૂલવા લાગ્યો. જે યુવાન કલાસમાં ટોપર કરતો તે પચાસ ટકાથી નીચે પણ નીચેનું રિઝલ્ટ આવ્યું. બધી વાતો પણ ભૂલવા લાગ્યો સુધારવા માટે ઘણું કાઉન્સેલિંગ કરાવ્યું પણ પરિણામ ખૂબ ઓછું મળ્યું. મોટી યુનિવર્સિટીના એક સંશોધન દ્વારા એવું જણાવ્યું કે જે વસ્તુ આપણને અધિક ગમતી હોય તેનું કારણ છે ડીપામાઇનનું વધુ સક્રિય થવું. આની શોધ માટે સાઇકોલોજિસ્ટ જેમ્સ ઓલ્ડ અને ડોકટર પીટલ મિલનરએ ઉંદર પર એક્સપરીમેન્ટ કર્યો. તેમણે ઉંદર પર ડીવાઇસ લગાવ્યા અને તેમના બિહેવીયર કેવા છે. તેમણે લગભગ હજારો ઉંદર પર એક સાથે ડીવાઇસ લગાવ્યા અને જોયું કે તેઓની વર્તણૂક કેવી છે.

આ ડીવાઇસ એ ઇલેકટ્રિક સીટીથી જોડાયા. અલગ અલગ બટન દબાવી તેમને ઇલેકટ્રિક શોર્ટ આપ્યા. અને તેમને ઉત્તેજિત કરતા ગયા. ઘણા ઉંદરોને મગજ પર લગાડેલા ડીવાઇસથી ખૂબ જ મજા આવી અને સુધ ભૂલી ગયા. ખાવાનું ભૂલી ગયા, પાણી પણ ન પીધું, વારંવાર મગજનો એક ભાગ પર શોર્ટ આપતા ગયા લગભગ બે હજાર વખત ત્યાં તેમણે ટચ (શોર્ટ) આપ્યા. જે ભાગ પર શોર્ટ અપાતો તેમને મજા આવતી. ત્યારે જણાયું કે ડોપામાઇન એ ખુશીનો અહેસાસ કરાવે છે.

આ શોધનો ઉપયોગ ઘણાં વર્ષો સુધી દબાયેલો રહ્યો. થોડા સમય પછી ચાઇના દેશના ડોકટરે આનો અભ્યાસ કર્યો. આ શોધનો ઉપયોગ કર્યો કે જે લોકોને ગમવા લાગી. વારંવાર જોતા ડોપામાઇન તત્ત્વ મગજમાં સક્રિય થવા લાગ્યું. અને લોકો રીલ જોવાનું વધુ પસંદ કરવા લાગ્યા. સોશ્યલ મીડિયા બનાવનાર તો સમૃદ્ધ થયો. લોકોનું શારીરિક અને માનસિક મોટા પાયે નુકસાન થઇ રહ્યું છે.

આ પ્રકારના દર્દી પણ હવે મારી પાસે આવવા લાગ્યા છે. ■

feedback@bombaysamachar.com
વિશેષ
દિક્ષિતા મકવાણા

# જાણો છો ઓમેગા-૩થી ભરપૂર ખોરાકના લાભ?

ઓમેગા-૩ ફેટી એસિડ શરીરના ઘણા ભાગો, હૃદયથી મગજ સુધીના કાર્ય માટે જરૂરી છે. તે ફક્ત માંસાહારી વસ્તુઓમાં જ જોવા મળતું નથી, પરંતુ કેટલીક શાકાહારી વસ્તુઓ છે જે ઓમેગા-૩ ફેટી એસિડનો સારો સ્ત્રોત પણ છે. ચાલો જાણીએ આ વિશે.


વિટામિન અને ખનિજો ઉપરાંત કેટલાક નાનાં સંયોજનો અને ફેટી એસિડ પણ શરીર માટે ખૂબ જ જરૂરી છે. આમાંથી એક ઓમેગા-૩ ફેટી એસિડ છે. જે આપણું શરીર પોતાની જાતે ઉત્પન્ન કરી શકતું નથી, તેથી તે ખાવાથી પૂર્ણ થાય છે. મુખ્યત્વે એવું માનવામાં આવે છે કે માછલી જેવા માંસાહારી ખોરાકમાં ઓમેગા-૩ ફેટી એસિડ વધુ જોવા મળે છે, પરંતુ કેટલાક શાકાહારી ખોરાક એવા છે જે ઓમેગા-૩ નો ઉત્તમ સ્ત્રોત પણ છે. આ ખોરાકને આહારમાં સામેલ કરવું ખૂબ મુશ્કેલ નથી. આ એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ પોષક તત્ત્વો છે જે તમને ગંભીર રોગોથી બચાવે છે, તેથી તેમાં ભરપૂર ખોરાકને ચોક્કસપણે આહારનો ભાગ બનાવવો જોઈએ. આપણે અહીં ઓમેગા-૩ ફેટી એસિડના ત્રણ એવા સ્ત્રોતો વિશે શીખીશું જે શાકાહારી અને શાકાહારી આહારનું પાલન કરનારાઓ માટે આહારમાં સરળતાથી સમાવી શકાય છે.

શરીરના દરેક કાર્ય માટે વિવિધ પોષક તત્ત્વોની જરૂર હોય છે, તેથી જો તમે સંપૂર્ણપણે સ્વસ્થ રહેવા માગતા હો, તો બધાં પોષક તત્ત્વોને પૂર્ણ કરવા જરૂરી છે. ઓમેગા-૩ એક એવું પોષક તત્ત્વ છે, જે તમારા હૃદય, મગજ અને આખા શરીરના સારા સ્વાસ્થ્ય માટે જરૂરી છે. ચાલો જાણીએ કે શાકાહારી લોકો આને પૂર્ણ કરવા માટે કઈ વસ્તુઓ ખાઈ શકે છે.

અળસીના બીજ ઓમેગા-૩ થી ભરપૂર હોય છે

ઓમેગા-૩ ફેટી એસિડના કુદરતી અને શાકાહારી-શાકાહારી સ્ત્રોતો વિશે વાત કરીએ તો, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થ ( ગઈઇં) અનુસાર, અળસીના બીજનો આહારમાં સમાવેશ થવો જોઈએ. તમે તેને શેકી શકો છો અને સલાડ ડ્રેસિંગમાં ઉમેરી શકો છો અથવા લાડુ બનાવી શકો છો જે સ્વાદની સાથે પોષક તત્ત્વોથી ભરપૂર હશે. જો કે તેનો સ્વભાવ ખૂબ જ ગરમ છે, તેથી તેને મર્યાદિત માત્રામાં ખાવું વધુ સારું છે.






## સોયાબીનનું સેવન કરો

નેશનલ ઇન્સ્ટિટયૂટ ઑફ હેલ્થમાં સોયાબીન અને કેનોલા તેલને ઓમેગા-૩ નો સ્ત્રોત પણ કહેવામાં આવે છે. તમે આ બંને વસ્તુઓને આહારમાં સરળતાથી સમાવી શકો છો. તમે સોયાબીનનું શાક બનાવી શકો છો અને સોયાબીનનું દૂધ અને ટોફુ ખાઈ શકો છો. જોકે કઠોળ ફાયદાકારક છે. તમને સોયાબીનમાંથી સારી માત્રામાં પ્રોટીન પણ મળે છે.

## અખરોટનો કરો સમાવેશ

તમે ઓમેગા-૩ ની જરૂરિયાત પૂરી કરવા માટે આહારમાં અખરોટનો પણ સમાવેશ કરી શકો છો, તેથી જ તે તમારા મગજ માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તમે રાત્રે એક અખરોટને પાણીમાં પલાળી શકો છો અને દરરોજ સવારે ખાલી પેટ તેનું સેવન કરી શકો છો. આ ઉપરાંત અખરોટને ઘણી વસ્તુઓમાં ઉમેરીને પણ ખાઈ શકાય છે.

## આ બીજ ઓમેગા-૩ થી પણ ભરપૂર હોય છે

શાકાહારીઓ ઓમેગા-૩ ફેટી એસિડની જરૂરિયાત પૂરી કરવા માટે તેમના આહારમાં ચિયા બીજનો સમાવેશ કરી શકે છે. તેની ઠંડક અસરને કારણે, ઉનાળામાં વધુ ફાયદાકારક માનવામાં આવે છે. આ બધા ખોરાક ઓમેગા-૩ તેમજ અન્ય ઘણા વિટામિન અને ખનિજોથી ભરપૂર હોય છે.

## ઓમેગા-૩ ફેટી એસિડ શા માટે મહત્ત્વપૂર્ણ છે?

નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ અનુસાર હૃદયના સ્વાસ્થ્યને જાળવવા માટે ઓમેગા-૩ ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. આ ફેટી એસિડ કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરવામાં મદદ કરે છે અને સામાન્ય બ્લડ પ્રેશર જાળવવામાં પણ મદદરૂપ થાય છે.

આ ઉપરાંત તે તમારા મગજ માટે એક મહત્ત્વપૂર્ણ પોષક તત્ત્વ પણ છે, જે યાદશક્તિને યોગ્ય રાખવામાં, ધ્યાન કેન્દ્રિત કરવામાં અને માનસિક સ્વાસ્થ્ય સુધારવામાં મદદ કરે છે, જે તણાવ, ચિંતા અને હતાશાને અટકાવે છે. તે બળતરા, સાંધાનો દુખાવો અને સંધિવા જેવી સ્વાસ્થ્ય સમસ્યાઓ ઘટાડવામાં મદદ કરે છે.

ઓમેગા-૩ બાળકોના શારીરિક અને માનસિક વિકાસ માટે તેમજ ગર્ભાવસ્થા દરમિયાન ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, તે ઊર્જા પણ જાળવી રાખે છે. ■

# અમેરિકી શટડાઉન અંતના સંકેત

વોશિંગ્ટન : અમેરિકામાં ચાલી રહેલા શટડાઉનના ૪૦ દિવસ થઈ ગયા છે પણ શટડાઉન ટૂંક સમયમાં ખતમ થઈ થવાની શક્યતા છે. સેનેટ મીટિંગમાં તેનું સમાધાન આવી શકે છે. રિપબ્લિકન નેતા સેનેટર જોન થ્યૂને કહ્યું કે, શટડાઉન સમાપ્ત કરવા માટે ડેમોક્રેટ સભ્યો સાથે વાતચીત ચાલી રહી છે, હજુ સુધી કંઇ નક્કી થયું નથી.

ડેમોક્રેટિક પાર્ટીના નેતા અને સેનેટર ચક શૂમરના નેતૃત્વ હેઠળના ડેમોક્રેટ્સે શુક્રવારે એક પ્રસ્તાવ મૂક્યો હતો, જેમાં અફોર્ડેબલ કેર એક્ટ (ઓબામાકેર)ની સબસિડીને ઓછામાં ઓછા એક વર્ષ સુધી લંબાવવાની વાત હતી. શરૂઆતમાં રિપબ્લિકન પાર્ટીના સભ્યો અને રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ પ્રસ્તાવ પર વિચાર કરવાનો ઇનકાર કરી દીધો હતો, પરંતુ હવે રિપબ્લિકન એક ફાઇનાન્શિયલ પૅકેજ પર કામ કરી રહ્યા હોવાના સંકેત મળ્યા છે. જે અમુક વિભાગો માટે આખા વર્ષનું ફંડિંગ સુનિશ્ચિત કરવામાં આવશે. જે ગવર્નમેન્ટ શટડાઉનને સમાપ્ત કરવામાં મદદ કરશે.

અમેરિકન સંસદ સરકારી વિભાગોને ચલાવવા માટે સમયસર બજેટ અથવા ફંડિંગનું બિલ પસાર કરવામાં નિષ્ફળ જાય ત્યારે શટડાઉન લાગુ થાય છે. આ જ કારણ છે કે અમેરિકામાં પહેલી ઓક્ટોબરે રજૂ કરવામાં આવનારું નિયમિત બજેટ પાસ થઈ શક્યું નથી. અમેરિકન કાયદા અનુસાર, ફંડિંગ અટકી જતાં સરકારી કામકાજની ગતિ ધીમી પડી જાય છે. શટડાઉનનું પણ આ જ કારણ છે. ફંડની અછતને કારણે સરકારી કામકાજ ઠપ થઈ ગયું છે. આનું મુખ્ય કારણ સ્વાસ્થ્ય વીમા એટલે કે ઓબામા કેર ફંડિંગ સાથે જોડાયેલું છે.

## હજારો ફ્લાઈટ રદ

ન્યૂ યોર્ક: યુએસ એરલાઇન્સે શનિવારે ૧૫૦૦થી વધુ ફ્લાઇટ્સ અને રવિવારે ૨૯૦૦થી વધુ ફ્લાઇટ્સ રદ કરી હતી જેથી ટ્રાફિક ઘટાડવા માટેના એફએએના આદેશનું પાલન કરી શકાય, કારણ કે કેટલાક ઍર ટ્રાફિક નિયંત્રકો, જેમને લગભગ એક મહિનાથી પગારની ચૂકવણી થઇ નથી, તેઓએ કામ પર આવવાનું બંધ કરી દીધું છે.

સોમવારની શરૂઆતમાં, ઍરલાઇન્સે સોમવાર માટે લગભગ ૧૬૦૦ અને મંગળવાર માટે લગભગ ૧૦૦૦ ફ્લાઇટ્સ રદ કરી દીધી છે.

જો કોંગ્રેસ ફેડરલ સરકારને સરકારી શટડાઉન ફરીથી ખોલવા માટે કોઈ સહમતિ પર પહોંચવામાં અસમર્થ રહે તો આ અઠવાડિયે દેશભરના ઍરપોર્ટ પર અમેરિકનો જે પીડાનો સામનો કરી રહ્યા છે તે વધુ ખરાબ થવાની ધારણા છે.

સેનેટે રવિવારે શટડાઉન સમાપ્ત કરવા તરફ પહેલું પગલું ભર્યું હતું, પરંતુ અંતિમ પાસ થવામાં હજુ ઘણા દિવસો બાકી હોઈ શકે છે અને નિષ્ણાતોએ કહ્યું છે કે સરકાર ફરીથી ખુલ્યા પછી પણ ફ્લાઇટ્સ સામાન્ય થવામાં સમય લાગશે.

ઘણા એરપોર્ટ્સ એવી ફ્લાઇટ્સ માટે નોંધપાત્ર વિલંબનો સામનો કરી રહ્યા છે જે રદ કરવામાં આવી નથી, ફ્લાઈટઅવેર અનુસાર, નેવાર્ક, ઓર્લાન્ડો, શિકાગો અને ડેટ્રોઇટના એરપોર્ટ્સ એક કલાકથી વધુ પ્રસ્થાન વિલંબનો સામનો કરી રહ્યા છે અને તેમાં વધારો થઈ રહ્યો છે.

આ બીજો પગાર સમયગાળો છે જેમાં એર ટ્રાફિક કંટ્રોલર્સને તેમના કામ માટે કોઈ પગાર મળ્યો નથી.

એર ટ્રાફિક કન્ટ્રોલર્સ યુનિયનના વડા, નિક ડેનિયલ્સ, સોમવારે સવારે એક પ્રેસ કોન્ફરન્સ કરશે જેમાં શટડાઉનથી તેમના પર પડી રહેલી અસરનો ઉલ્લેખ કરવામાં આવશે.

એર ટ્રાફિક કન્ટ્રોલરની અછતને કારણે એરલાઇન્સ વિમાનો, પાઇલોટ્સ અને ફ્લાઇટ અટેન્ડન્ટ્સને ફરીથી ગોઠવવામાં અસમર્થ હોવાથી વિલંબ અને રદ થવાની શક્યતા વધુ છે.

એફએએ એ સ્ટાફિંગનું સંચાલન કરવા માટે આ સપ્તાહના અંતે ફ્લાઇટ્સમાં ૪ ટકાનો ફરજિયાત ઘટાડો લાગુ કર્યો છે. તે મંગળવારે વધીને છ ટકા અને આગામી સપ્તાહના અંતે ૧૦ ટકા ઘટાડા સુધી પહોંચશે.

ડફીએ કહ્યું, વધુને વધુ કન્ટ્રોલર્સ રોજ કામ પર આવતા નથી, તેઓ પગાર વગર આગળ વધે છે.

સરકાર પાસે વર્ષોથી એર ટ્રાફિક કન્ટ્રોલર્સની અછત છે, અને અનેક પ્રમુખના વહીવટીતંત્રોએ નિવૃત્તિ વયના એટીસીને કામ પર રહેવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો છે. ■

# ચીન અને અમેરિકાએ તેમનાં જહાજો પરની પોર્ટ ફી સસ્પેન્ડ કરી

બીજિંગ (ચીન) : ચીન અને અમેરિકાએ તાજેતરમાં ટૅરિફ પરના વેપાર કરાર માટેની વાતચીતમાં થયેલી સમજૂતીને પગલે ચીન અને અમેરિકાએ એકમેકના બંદર પર ભરવી પડતી પોર્ટ ફી સસ્પેન્ડ કરી હતી. ચીનના પરિવહન મંત્રાલયે સોમવારે અમેરિકન એન્ટરપ્રાઈઝ, ઓર્ગેનાઈઝેશન અને વ્યક્તિઓની માલિકના કે સંચાલનનાં જહાજો પરની ખાસ પોર્ટ ફીને એક વર્ષ માટે સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી હતી.

સત્તાવાર મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે પરિવહન મંત્રાલયે એ તપાસ પણ એક વર્ષ માટે મોકૂફ રાખી હતી કે અમેરિકાના સેક્શન ૩૦૧ ચીનના વહાણવટા અને જહાજ બાંધવાના સેક્ટર તેમ જ ઔદ્યોગિક અને પુરવઠાની ચેનના સુરક્ષા અને વિકાસના હિત પર કેટલી અસર કરે છે.

મંત્રાલયે કહ્યું હતું કે મલેશિયાના ક્વાલાલમ્પુરમાં ચીન અને અમેરિકાની આર્થિક અને વેપાર મંત્રણા દરમિયાન થયેલી એકમતી અનુસાર આ પગલાં લેવામાં આવ્યાં છે.

વાઈટ હાઉસે પહેલી નવેમ્બરે જાહેરાત કરી હતી કે ચીન સાથેની વેપાર મંત્રણામાં થયેલી સમજૂતીના ભાગરૂપે સોમવારથી પોર્ટ ફીને સસ્પેન્ડ કરવામાં આવી છે.

શિપિંગ ઈન્ડસ્ટ્રીએ આ પગલાંને આવકાર્યું હતું. શિપિંગ જાયન્ટ મેર્સ્કે કહ્યું હતું કે અમે પોર્ટ ફીઝ સસ્પેન્ડ કરવાનાં પગલાંને ગ્રાહકો માટે સારા સમાચાર તરીકે જોઈએ છીએ. આને લીધે તેમને સપ્લાઈ ચેનમાં વધુ ખાતરી, સ્થિરતા અને દૃષ્ટિગોચરતા મળશે. એથેન્સ સ્થિત શિપબ્રોકર એક્સક્લુઝિવે કહ્યું હતું કે શિપિંગ ઈન્ડસ્ટ્રી માટે આ પગલું સમયસરનું છે. (એજન્સી) ■

# આતંકવાદીઓ કેમ એક જ સમુદાયના?: કેન્દ્રીય પ્રધાનની ટિપ્પણી પર મહેબૂબા ભડકયાં

નવી દિલ્હી : જમ્મુ કાશ્મીર અને હરિયાણા પોલીસે ફરીદાબાદમાં ૩૦૦ કિલો એમોનિયમ નાઈટ્રેટ જપ્ત કર્યા બાદ એક ડોક્ટરની ધરપકડ કરી છે. જેની પર કેન્દ્રીય પ્રધાન ગિરીરાજસિંહે મુસ્લિમ સમુદાય પર ટિપ્પણી કરીને પૂછ્યું કે આરોપી એક સમુદાયથી કેમ આવે છે. જે અંગે પીડીપી પ્રમુખ મહેબૂબા મુફ્તિએ આકરી પ્રતિક્રિયા આપી છે. તેમજ પૂછ્યું છે કે ઇન્દિરા ગાંધી, રાજીવ ગાંધીને કોણે ગોળી મારી તેમજ આજે પણ મહાત્મા ગાંધીના ફોટાને કર્યા આતંકવાદી ગોળી મારે છે. જે સંસદમાં પણ ગયા હતા. આ સવાલના તે જવાબ આપે પછી આગળ વાત કરીશું.

કેન્દ્રીય મંત્રી ગિરીરાજસિંહે મુસ્લિમ સમુદાય પર ટિપ્પણી કરતા સવાલ પૂછ્યો હતો. તેમણે કહ્યું કે આરોપી એક જ સમુદાયના કેમ હોય છે. તેમજ તેમણે આ કેસની તુલના વર્ષ ૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટ સાથે કરી અને વિસ્ફોટક જપ્ત કરવા અંગે કેન્દ્ર સરકારના વખાણ કર્યા હતા. કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે કહ્યું કે મોદી સરકાર અને રાજ્ય સરકારે તેને પકડ્યો છે. જોકે, આ મુંબઈ બોમ્બ વિસ્ફોટો કરતાં વધુ ખતરનાક હતું. બાબા બાગેશ્વરની યાત્રા ચાલી રહી છે અને મોટી સંખ્યામાં લોકો તેમની સાથે હતા. જો તેમના પર હુમલો થયો હોત તો શું થયું હોત? પરંતુ જ્યારે પણ પકડાય છે ત્યારે તે હંમેશા એક જ સમુદાયનો વ્યક્તિ હોય છે. આ કેસમાં એક મુસ્લિમ ડોક્ટરની ધરપકડ કરવામાં આવી છે.

ગિરિરાજ સિંહે વિપક્ષી નેતાઓ પર આવી ઘટનાઓ પર મૌન રહેવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી હોય, લાલુ પ્રસાદ યાદવ હોય, અખિલેશ યાદવ હોય કે અસદુદ્દીન ઓવૈસી હોય, તેમણે આ અંગે કોઈ નિવેદન બહાર પાડ્યું નથી. આ નિંદનીય છે અને લોકોએ ચિંતા વ્યક્ત કરવી જોઈએ. આ દેશ માટે આઘાતજનક ઘટના છે. ■

# ટ્રમ્પે રુડી ગિઉલિઆનીને માફી આપી

વૉશિંગ્ટન (અમેરિકા): અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ૨૦૨૦ની ચૂંટણીનું પરિણામ ઉલટાવાના રિપબ્લિકન પાર્ટીના પ્રયાસને ટેકો આપનારા તેમના અંગત વકીલ રુડી ગિઉલિઆની, તેમના સ્ટાફના ભૂતપૂર્વ વડા માર્ક મેડોવ્સ અને બીજાઓને માફી આપી છે. સરકારના પાર્ડન એટર્ની એડ માર્ટિને સોશ્યલ મીડિયા પર મૂકેલા સહી કરેલા ઘોષણનામામાં કહ્યું હતું કે આ લોકોને સંપૂર્ણ, પૂરી અને બિનશરતી માફી અપાઈ છે. આમાં કોન્સરવેટિવ એટર્ની સિડની પોવેલ અને જોન ઈસ્ટમેનના નામનો સમાવેશ થાય છે.

પ્રમુખની માફી ફક્ત કેન્દ્રિય ગુનાને લાગુ પડે છે. ટ્રમ્પના કોઈ સાથીદાર પર કેન્દ્રિય કેસ નથી. જોકે આ ટ્રમ્પનો ૨૦૨૦ની ચૂંટણી જેમાં તેઓ ડેમોક્રેટિક પાર્ટીના જોન બાઈડન સામે હારી ગયા એનો ઈતિહાસ ફરી લખવાનો પ્રયાસ છે.

વાઈટ હાઉસને મોકલવામાં આવેલા ઈ-મેલનો કોઈ જવાબ મળ્યો નથી.

૨૦૨૦માં ટ્રમ્પના બનાવટી ઈલેકટરનો બનાવટી દાવો કરનાર રિપબ્લિકનને પણ માફી આપવામાં આવી છે. આ નેતાઓએ એના બનાવટી પ્રમાણપત્ર આપ્યા હતા કે અમે રાજ્યોમાં જીત્યા છે, જ્યારે હકીકત એ હતી કે એ રાજ્યોમાં બાઈડન જીતી ગયા હતા. (એજન્સી) ■

# પથ્થરમારો કરવો ગંભીર કૃત્યઃ સાબીર શાહને સુપ્રીમ કોર્ટે ફટકાર્યો

નવી દિલ્હીઃ જમ્મુ-કાશ્મીરમાં પથ્થરમારો કરવા એ સામાન્ય કાર્ય ન હોવાનું જણાવી સુપ્રીમ કોર્ટે સોમવારે અલગતાવાદી નેતા સાબીરનો કાન આમળ્યો હતો અને અટકાયતનો આદેશ મેળવવા નેશનલ કૉન્ફરન્સ સરકારનો સંપર્ક સાધવા જણાવ્યું હતું.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સાબીર પાકિસ્તાનસ્થિત આતંકવાદી નેટવર્ક સાથે સંકળાયેલો હોવા ઉપરાંત નવી હકીકતો તરફ અંગૂલીનિર્દેશ કર્યા બાદ શાહે નવેસરથી દાખલ કરેલા સોગંદનામા અંતે ત્રણ અઠવાડિયાની અંદર પ્રતિક્રિયા આપવાનું ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ નાથની બનેલી ખંડપીઠે એનઆઈએને જણાવ્યું હતું.

શાહ વતી કોર્ટમાં ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ કૉલિન ગોન્સાલ્વીસે કહ્યું હતું કે શાહના પરિવારને અટકાયત સંબંધિત આદેશ આપવામાં નહોતો આવ્યો અને તે વર્ષ ૧૯૭૦થી મંજૂર કરવામાં આવેલા અટકાયતના શ્રેણીબદ્ધ આદેશોની માગણી કરી રહ્યો છે.

તુષાર મહેતાએ એમ કહીને આ રજૂઆતનો વિરોધ કર્યો હતો કે દિલ્હી હાઈ કોર્ટ સમક્ષ આ મુદ્દો ઉપાડવામાં નહોતો આવ્યો.

તમે સરકારને વિગતો પૂરી પાડવાનું જણાવો છો, પરંતુ હવે પચાસ વર્ષ બાદ જામીનની પ્રક્રિયા વખતે જ શા માટે? (એજન્સી) ■

# જયા બચ્ચનના પર્સનાલિટી હકના દુરુપયોગ સામે કોર્ટનો આદેશ

નવી દિલ્હીઃ દિલ્હી હાઈ કોર્ટે અભિનેત્રી અને સમાજવાદી પક્ષનાં રાજ્યસભાનાં સાંસદ જયા બચ્ચનનાં પર્સનાલિટી રાઈટ્સનું રક્ષણ કર્યું હતું.

ન્યાયાધીશ મનમીત પ્રિતમ સિંહ અરોરા જયા બચ્ચનની એમ જણાવતી અરજીની સુનાવણી કરી રહ્યા હતા કે અનેક સોશ્યલ મીડિયા અકાઉન્ટસ, યૂટ્યૂબ ચેનલો અને વૅબસાઈટો આર્થિક લાભ માટે મારાં નામ અને વિશેષ વ્યક્તિત્વનો દુરુપયોગ કરી રહ્યાં છે.

આ મામલે બચાવકર્તા પક્ષમાં ગૂગલ, ઍમેઝોન ઈબૅ અને મૅટાનો સમાવેશ થાય છે.

જયા બચ્ચનના વકીલે કહ્યું હતું કે કોઈપણ પ્રકારની સહમતી વિના બચાવકર્તાઓએ આર્થિક લાભ મેળવવા જયા બચ્ચનનાં વિશેષ વ્યક્તિત્વ, તસવીરોનો દુરુપયોગ કર્યો હતો.

જયા બચ્ચન જેવી જ ઈમેજ તૈયાર કરવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું વકીલે કહ્યું હતું.

દિલ્હી હાઈ કોર્ટે અગાઉ જયા બચ્ચનના પતિ અમિતાભ બચ્ચન, પુત્ર અભિષેક બચ્ચન અને પુત્રવધૂ ઐશ્વર્યા રાય બચ્ચન માટે પણ આ જ પ્રકારનો આદેશ બહાર પાડ્યો હતો. (એજન્સી) ■

# દેશોમાં સૌથી મોટી લઘુમતી તો મહિલાઓ છે : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપતા કાયદા'નારી શક્તિ વંદન અધિનિયમ અમલના વિલંબ મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે. સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે મહિલાઓ ભારતમાં સૌથી મોટી લઘુમતી છે, જેમની સંસદમાં હાજરી સતત ઓછી રહી છે.

જસ્ટિસ બી.વી. નાગરત્ના અને આર. મહાદેવનની બેન્ચે ડો. જયા ઠાકુર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી હાથ ધરી હતી. અરજીમાં નારી શક્તિ વંદન અધિનિયમ અથવા બંધારણમાં ૧૦૬મા સુધારાની જોગવાઈઓને પડકારવામાં આવી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સપ્ટેમ્બર ૨૦૨૩ માં આ કાયદા પર હસ્તાક્ષર કર્યા હોવા છતાં, હજુ સુધી તેનો અમલ થઇ શક્યો નથી.

આરજદાર વતી કોર્ટમાં હાજર થયેલા વરિષ્ઠ વકીલ શોભા ગુપ્તા અને વકીલ વરુણ ઠાકુરે રજૂઆત કરી હતી કે સરકારે મહિલાઓને ૩૩ ટકા અનામત આપી છે, પરંતુ તેના અમલ માટે પ્રક્રિયા ક્યારે શરૂ થશે એનો કોઈ ખ્યાલ નથી. વસ્તી ગણતરી હજુ શરૂ પણ થઈ નથી, જ્યારે ડીલિમિટેશન તેના પછી જ થાય છે. કાયદો પસાર થયા બાદ તેના અમલ પર આવી અનિશ્ચિતતા ભાતેલી શરતો લાદવી જોઈએ નહીં. તેનો કોઈ તાર્કિક આધાર નથી, અને તેનો અમલ ક્યારથી શરૂ થશે એ અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી.

વકીલોની દલીલ સામે ન્યાયાધીશ નાગરત્ને કહ્યું કે કાયદાનું અમલ ક્યારે કરવો એ એક્ઝિક્યુટિવ (સરકારનો) મામલો છે. અમે ફક્ત એટલું જ પૂછી શકીએ છીએ કે સરકાર કાયદાના અમલનો પ્રસ્તાવ ક્યારે મૂકે છે. સરકાર તેને વૈજ્ઞાનિક ડેટા પર આધારિત બનાવવા માંગી શકે છે.

ન્યાયાધીશ નાગરત્નાએ કહ્યું, આ બંધારણીય સુધારો મહિલાઓને રાજકીય ન્યાય આપવાનું એક ઉદાહરણ છે, રાજકીય ન્યાય સામાજિક અને આર્થિક ન્યાયની સમકક્ષ છે. મહિલાઓ દેશમાં સૌથી મોટી લઘુમતી છે. દેશની કુલ વસ્તીના ૪૮.૪૪ ટકા મહિલાઓ છે.

આ મામલે જવાબ આપવા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી છે. આગામી સુનાવણીમાં સરકારે સ્પષ્ટ કરવું પડશે કે મહિલા અનામત ક્યારથી લાગુ કરવામાં આવશે. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખિજવણી | WINDOW |
| ખિડકી | SAD |
| ખિતાબ | HARASSMENT |
| ખિદમત | TITLE |
| ખિન્ન | SERVICE |

### ઓળખાણ પડી?

હિમાલયના કુમાઉં અને સિક્કિમમાં ઉગતી ઔષધીય ગુણ ધરાવતી વનસ્પતિની ઓળખાણ પડી? એનું તેલ ઘણું ગુણકારી ગણાય છે.



અ) કુટજારિષ્ટ બ) ઈન્દ્રજવ ક) અક્કલગરો ડ) જટામાંસી

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ડા | ૨ મ | ૩ ચિ | યો | | ૪ વ | ૫ ત | ર | ણું | |
| ૬ મી | શ | ન | | ૭ વા | દ | ળ | | | ૮ નિ |
| ૯ સ | રુ | | ૧૦ પા | ણો | | | ૧૧ ન | ક | શા |
| | મ | | | ૧૨ ત | ળ | ૧૩ પ | દી | | ળિ |
| ૧૪ હ | | ૧૫ ઝ | ન્ત | ર | | રી | | ૧૬ છા | યા |
| ૧૭ ટા | ય | ર | | | ૧૮ બો | ધ | ૧૯ ર | ણું | |
| ણું | | ણું | | ૨૦ રે | સ | | સા | | ૨૧ પા |
| | ૨૨ ખ | | ૨૩ રુ | ઢિ | | ૨૪ વ | ળ | ૨૫ ગ | ણી |
| ૨૬ ખો | રા | ૨૭ શ | | ૨૮ યા | દ | | | ૨૯ જા | યા |
| ળ | | ૩૦ શિ | યા | ળ | | ૩૧ અ | વા | વ | રું |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | ૫ | ૬ | |
| | | ૭ | | | ૮ | | ૯ | | |
| ૧૦ | ૧૧ | | | | ૧૨ | ૧૩ | | | ૧૪ |
| ૧૫ | | | | ૧૬ | | | | | |
| | ૧૭ | ૧૮ | | | ૧૯ | | | ૨૦ | |
| ૨૧ | | | | ૨૨ | | | ૨૩ | | |
| | | ૨૪ | ૨૫ | | ૨૬ | | | | ૨૭ |
| | | ૨૮ | | | ૨૯ | ૩૦ | | ૩૧ | |
| ૩૨ | | | ૩૩ | | | | | ૩૪ | |
| | | ૩૫ | | | | | ૩૬ | | |

**આડી ચાવી**

૧. ભરવાડ-રબારી-ખેડૂતો કરે (૫)
૪. વહેંચવું તે (૪)
૭. છૂટ્ટી (૨)
૯. આકાર, માપ (૨)
૧૦. છાંટવું તે (૪)
૧૨. ટીશર્ટ (૩)
૧૫. દિવસ (૨)
૧૬. સતત એકધારું (૪)
૧૭. બિંદુ (૩)
૧૯. હું --- કુટુંબ માટે (૨)
૨૦. પૈસા, ભાવ, કિંમત (૩)
૨૧. --- દેહ એટલે માણસનું શરીર (૩)
૨૩. પગ (૨)
૨૪. લખનૌનું (૪)
૨૮. ઘણા લોકો --- ફંડ ચલાવે (૨)
૨૯. રાજ માટેની ખટપટ (૫)
૩૨. ભારે વરસાદથી આવે (૨)
૩૩. હારેલો (૪)
૩૪. હશે, ભલે, જવા દે (૨)
૩૫. કિનારો (૨)
૩૬. દેશી ટૂથબ્રશ (૩)

**ઊભી ચાવી**

૧. મહાકાય, વિરાટ (૪)
૨. પોતાના નહીં તેવા (૩)
૩. તું મને --- નહીં (૩)
૫. ભૂલ, કસૂર (૪)
૬. બાતલ (૨)
૮. નોકરી - ધંધા (૪)
૧૧. શાળાનો બેલ વાગે (૪)
૧૩. એક કંદ (૩)
૧૪. યુનિટ (૩)
૧૮. પખાલવાળો (૪)
૨૦. --- આપવી એટલે વખાણવું (૨)
૨૧. ખૂબ અગત્યનું (૫)
૨૨. કોઇ ન જાણે તેમ આપવું (૨)
૨૩. તુચ્છ, નગણ્ય (૩)
૨૫. પ્રપંચ, રમત રમવી (૪)
૨૬. બેઠેલા, આસનસ્થ (૪) (જો. છૂ.)
૨૭. કાગળ કે કાપડના ઝીણા ટુકડા (૪)
૩૦. --- જણાવવાનું કે (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'સમસ્યાનો માંહોમાંહી નિકાલ આવ્યો' પંક્તિમાં 'માંહોમાંહી' શબ્દનો અર્થ જણાવો.

અ) મુશ્કેલીથી બ) ઘરમેળે ક) સૂઝબૂઝ ડ) ઉતાવળે

### માતૃભાષાની મહેક

આરામ એટલે વિસામો અને વિશ્રાંતિ બહુ સ્વીકાર્ય અર્થ છે. આરામ લેવો એટલે ઊંઘ ખેંચવી, થાક ઉતારવો. ઝાડને આરામ આપવો એટલે ઝાડ આસપાસનાં મૂળિયાં ઉઘાડાં કરવાં. આરામનો એક અર્થ સુખ, ચેન, આનંદ એવો પણ થાય છે. સંસ્કૃતમાં આ એટલે વધારે અને રમ્ એટલે આનંદ કરવો એવા અર્થ જાણીતા છે.

### સુડોકુ-૯૧૩૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | ૬ | | | | | |
| ૫ | | | | | | ૨ | ૭ | ૮ |
| ૧ | | | | ૮ | | ૬ | | |
| ૪ | | ૮ | | ૯ | | ૩ | | |
| | | | ૫ | | ૭ | | | |
| | | ૫ | | ૩ | | ૯ | | ૨ |
| | | ૩ | | ૪ | | | | ૧ |
| ૮ | ૯ | ૬ | | | | | | ૪ |
| | | | | | ૫ | | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૩૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૪ | ૫ | ૭ | ૨ | ૮ | ૬ | ૩ |
| ૫ | ૮ | ૭ | ૬ | ૩ | ૪ | ૯ | ૨ | ૧ |
| ૬ | ૨ | ૩ | ૧ | ૯ | ૮ | ૫ | ૭ | ૪ |
| ૩ | ૬ | ૫ | ૨ | ૮ | ૯ | ૧ | ૪ | ૭ |
| ૨ | ૭ | ૯ | ૪ | ૧ | ૬ | ૩ | ૮ | ૫ |
| ૮ | ૪ | ૧ | ૩ | ૫ | ૭ | ૬ | ૯ | ૨ |
| ૯ | ૧ | ૮ | ૭ | ૪ | ૫ | ૨ | ૩ | ૬ |
| ૪ | ૩ | ૨ | ૯ | ૬ | ૧ | ૭ | ૫ | ૮ |
| ૭ | ૫ | ૬ | ૮ | ૨ | ૩ | ૪ | ૧ | ૯ |

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ACHLUOPHOBIA થી પીડાય છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) વ્યાયામ બ) આકાશ ક) અંધારું ડ) વાતાવરણ

### ઈર્શાદ

તારું ઠેકાણું મળ્યું છે જ્યારથી
હું મને શોધી રહ્યો છું ત્યારથી !

-- અદી મિરઝા

### માઈન્ડ ગેમ

આરોગ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવતા અખરોટનું સૌથી વધુ ઉત્પાદન દેશના કયા રાજ્યમાં થાય છે એ જણાવો.

અ) પંજાબ બ) મણિપુર ક) જમ્મુ - કાશ્મીર ડ) બિહાર

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ખીંટી | PEG |
| ખીચડી | HOTCH - POTCH |
| ખીચોખીચ | CROWDED |
| ખીજ | ANGER |
| ખીલી | NAIL |

ઓળખાણ પડી? આલુ ચોખા

ગુજરાત મોરી મોરી રે: કાણાં

ચતુર આપો જવાબ — અર્થ જણાવો: અંધારું

માઈન્ડ ગેમ: મહારાષ્ટ્ર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) નિતીન જયંતિલાલ બજરિયા (૨) ભરત કજરિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) સુભાષ મોમાયા (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) મહેશ દોશી (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મીનળ કાપડિયા (૧૩) મુલરાજ કપૂર (૧૪) મહેશ સંઘવી (૧૫) લજિતા ખોના (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) ભાવના કર્વે (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) કિરીટ છેડા (૨૨) કલ્પના આશર (૨૩) કમલ માતલિયા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) હર્ષા મહેતા (૨૬) મહેશ દોશી (૨૭) અરવિંદ કામદાર (૨૮) ખુશરૂ કાપડિયા (૨૯) સીમા ગાંધી (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) પુષ્પા ખોના (૩૫) વિણા સંપટ (૩૬) અંજુ ટોલિયા (૩૭) તાહેર ઔરંગાબાદવાલા (૩૮) શીરીન ઔરંગાબાદવાલા (૩૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) નિતીન જયંતિલાલ બજરિયા (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) ધીરેન્દ્ર મુલરાજ (૪૮) ગીતા ઉદેશી (૪૯) પ્રતિમા પમાણી (૫૦) નયના મિસ્ત્રી (૫૧) ગિરીશ મીસ્ત્રી

# મુંબઈમાં મોટાભાગના મરાઠી ઉમેદવારો
## ભાજપ એકલા લડવાની તૈયારી કરી રહ્યું છે?

મુંબઈઃ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી નિમિત્તે રાજ્યમાં રાજકીય ધમાલ શરૂ થઈ ગઈ છે. રાજ્યના શાસક અને વિપક્ષી પક્ષો આ ચૂંટણીઓ પછી આવનારી નગરપાલિકા અને મ્યુનિસિપલ ચૂંટણીઓમાં પોતપોતાના પક્ષોની તાકાત વધારવી કે ગઠબંધનની મિત્રતા જાળવી રાખવી તે અંગે મૂંઝવણમાં છે. જોકે, એવું લાગે છે કે મહાયુતિ અને મહાવિકાસ આઘાડીના ઘટક પક્ષોએ લાભમાં વધારો કરવાની અને નુકસાન ઘટાડવાની સમાન રણનીતિ અપનાવી છે.

દરમિયાન, મહા વિકાસ આઘાડીના નેતાઓ, ઓછામાં ઓછું ગલીની સત્તાના બહાને પણ પોતાનું અસ્તિત્વ જાળવી રાખવા માટે, કામે લાગી ગયા છે. મહાયુતિના નેતાઓ ચર્ચા કરી રહ્યા છે કે ક્યાં ગઠબંધન બનાવવું અને ક્યાં નહીં જેથી મુંબઈ, થાણે, કલ્યાણ-ડોમ્બિવલી, નવી મુંબઈ અને અન્ય મહત્ત્વપૂર્ણ નગરપાલિકાઓ જેવી મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં સફળતાની ટકાવારી ઘટક પક્ષોને બદલે તેમના પોતાના ખાતામાં જમા થઈ શકે.

મહાવિકાસ આઘાડીના ઘટક પક્ષો, 'સર સલામત તો પગડી પચાસ' આ કહેવત પ્રમાણે ગઠબંધનનો નિર્ણય દૂરબીન લગાવીને કરી રહ્યા છે. સ્વાભાવિક છે કે, પ્રથમ તબક્કાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયા પછી પણ મહાયુતિ અને મહાવિકાસ આઘાડીના રાજકીય ગઠબંધનની ઘોષણાઓ અટકી ગઈ હોય તેવું જોવા મળી રહ્યું છે.

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય અને મ્યુનિસિપલ ચૂંટણીઓ આગામી બે મહિનામાં યોજાવા જઈ રહી છે. ચૂંટણી પંચે ત્રણ તબક્કામાં યોજાનારી આ ચૂંટણીઓનું સમયપત્રક જાહેર કરવાનું શરૂ કરી દીધું છે. રાજ્યમાં ૨૪૬ નગરપાલિકાઓ અને ૪૨ નગર પંચાયતોની ચૂંટણી માટે મતદાન ૨ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ યોજાશે. તેથી, દરેક રાજકીય પક્ષે આ માટે જરૂરી રણનીતિઓનું આયોજન શરૂ કરી દીધું છે.

આગામી ચૂંટણીઓમાં મહાયુતિ સૌથી મોટી પાર્ટી બનવા માટે સ્પર્ધા કરતી જોવા (જુઓ પાનું ૪) ▶▶

પાર્થ પવાર જમીન વિવાદ

# તહસીલદારે બોટનિકલ સર્વે ઓફ ઈન્ડિયાને નોટિસ ફટકારી

પુણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર સાથે જોડાયેલી એક પેઢી દ્વારા પુણેમાં થયેલા વિવાદાસ્પદ ૪૦ એકર જમીન સોદાના થોડા દિવસો પછી, હવે સસ્પેન્ડ કરાયેલા તહસીલદારે બોટનિકલ સર્વે ઓફ ઈન્ડિયા (બીએસઆઇ) ને ખાલી કરાવવાની નોટિસ જારી કરી છે, જે મિલકત પર લાંબા સમયથી ભાડૂઆત છે. પુણે જિલ્લા કલેક્ટર જીતેન્દ્ર ડુડીએ જણાવ્યું હતું કે નોટિસ ગેરકાયદેસર હતી.


બીએસઆઇ ને અપાયેલી નોટિસમાં, તત્કાલીન તહસીલદાર સૂર્યકાંત યેઓલેએ કેન્દ્રીય સંસ્થાને જાણ કરી હતી કે કંપની, અમાડિયા એન્ટરપ્રાઇઝિસ એલએલપી એ કાયદેસર રીતે મિલકત હસ્તગત કરી છે.

શહેરના ઉચ્ચ કક્ષાના મુંધવા વિસ્તારમાં અમાડિયાને ૩૦૦ કરોડ રૂપિયામાં જમીનનું વેચાણ, જેમાં અજિત પવારના પુત્ર પાર્થ પવાર બહુમતી ભાગીદાર છે, તે અનિયમિતતાના આરોપો અને જરૂરી મંજૂરીઓના અભાવ વચ્ચે તપાસ હેઠળ છે. વિપક્ષનો આરોપ છે કે તેની બજાર કિંમત ૧૮૦૦ કરોડ રૂપિયા હતી.

પ્રાપ્ત સત્તાવાર દસ્તાવેજોની નકલો અનુસાર, ૪૦ એકર મહાર વતન જમીન માટે વેચાણ દસ્તાવેજ, જે મહાર (અનુસૂચિત જાતિ) સમુદાયને વારસાગત જમીન માલિકી દર્શાવે છે, આ વર્ષે ૨૦ મેના રોજ અમાડિયા દ્વારા અમલમાં મૂકવામાં આવ્યો હતો.

છ દિવસ પછી, કંપનીએ યેઓલેને જમીન ખાલી કરાવવા વિનંતી કરી હતી. ૯ જૂનના રોજ, યેઓલે બીએસઆઇના સંયુક્ત નિર્દેશકને પત્ર લખીને જણાવ્યું (જુઓ પાનું ૪) ▶▶

# અભિનેતા ધર્મેન્દ્ર સિરિયસ



## હૉસ્પિટલના આઈસીયુમાં વેન્ટિલેટર પર

મુંબઈઃ દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રને થોડા દિવસો પહેલા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તબિયત ખરાબ હોવાને કારણે તેને ચેકઅપ માટે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. મીડિયા રિપોર્ટ અનુસાર તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. ધરમજી આઈસીયુમાં છે અને તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. તેમના પરિવારના અનેક સભ્યો હોસ્પિટલમાં (જુઓ પાનું ૪) ▶▶

# ઘાટકોપરમાં યુવતીની આત્મહત્યાઃ ભૂતપૂર્વ બૉયફ્રેન્ડની ધરપકડ

મુંબઈઃ ઘાટકોપરમાં રહેતી યુવતીએ ભૂતપૂર્વ બૉયફ્રેન્ડની કનડગતથી કંટાળીને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. પોલીસે આત્મહત્યા માટે ઉશ્કેરવાના આરોપસર ભૂતપૂર્વ બૉયફ્રેન્ડની ધરપકડ કરી હતી.ઘાટકોપર પોલીસના જણાવ્યા મુજબ મૃતક રિતિકા ચવાણ (૨૨)ની માતાએ નોંધાવેલી ફરિયાદને આધારે આરોપી અલી શેખ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસ બાદ રવિવારે શેખની ધરપકડ કરવામાં આવી હતી.મળતી માહિતી અનુસાર ગોલીબાર રોડ પરની સોસાયટીમાં રહેતી રિતિકા અંધેરીની ફાર્મા કંપનીમાં બે (જુઓ પાનું ૪) ▶▶

# ચંદ્રપુરમાં પ્રૌઢને વાઘે ફાડી ખાધો

ચંદ્રપુરઃ ચંદ્રપુર જિલ્લાના જંગલમાં ખજૂરીનાં પાન લેવા ગયેલા પંચાવન વર્ષના ગામવાસીને વાઘે ફાડી ખાધો હતો. અધિકારીના જણાવ્યા મુજબ બ્રહ્મપુરી તહેસીલના મેંડકી ગામમાં રહેતો ભાસ્કર ગજભિયે રવિવારની બપોરે જંગલી ખજૂરીનાં પાંદડાં લેવા ગયો હતો. જંગલમાં વાઘે તેના પર હુમલો કર્યો હતો. સોમવારની સવારે જંગલ પાસેના એક ખેતર નજીકથી ગજભિયેનું આંશિક રીતે ખાધેલું શબ મળી આવ્યું હતું. ■

# દિલ્હીમાં બ્લાસ્ટથી મહારાષ્ટ્રમાં હાઈ ઍલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવી દિલ્હીમાં રેડ ફોર્ટ મેટ્રો સ્ટેશન નજીક કારમાં થયેલા બ્લાસ્ટને પગલે રાજ્યમાં હાઈ ઍલર્ટ જાહેર કરી દેવાયું હતું. મહત્ત્વનાં અને સંવેદનશીલ સ્થળોની સુરક્ષા વધારી દેવામાં આવી હતી તો ઠેકઠેકાણે નાકાબંધી કરવાના આદેશ વરિષ્ઠ અધિકારીઓને આપવામાં આવ્યા હતા.

મહારાષ્ટ્રમાં મુંબઈ વારંવાર આતંકવાદી હુમલાનું ટાર્ગેટ રહ્યું છે. અનેક વાર બૉમ્બ બ્લાસ્ટની ઘટનાઓ સાથે ૭/૧૧નો ભયાનક આતંકવાદી હુમલો મુંબઈમાં થયો છે. પરિણામે દિલ્હીમાં કારમાં બ્લાસ્ટ થયા પછી ખાસ કરીને મુંબઈમાં સુરક્ષા એજન્સીઓને ઍલર્ટ રહેવાની સૂચના આપવામાં આવી છે.

મુંબઈના પોલીસ કમિશનર દેવેન ભારતીનું કહેવું છે કે 'સાવચેતી ખાતર ઍલર્ટ' રહેવાનો આદેશ અપાયો છે.

એક અધિકારીના જણાવ્યા મુજબ જિલ્લા સ્તરના દરેક યુનિટના કમાન્ડર્સ અને શહેરોનાં કમિશનરોને સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી છે. શહેરમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાનું કહેવામાં આવ્યું છે. વિવિધ સુરક્ષા એજન્સીઓની તૈયારી પર નજર કરવા છત્રપતિ સંભાજીનગરના એલોરાની (જુઓ પાનું ૪) ▶▶

# ગોરેગામથી દહિસરની પાણીની સમસ્યાનો અંત આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ ઉપનગરના ગોરેગામથી દહિસર સુધીના વિસ્તારમાં પાણીની અછતની સમસ્યાનો ઉકેલ લાવવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ પ્રાથમિકતાના ધોરણે પાણીના મીટર બેસાડવાની યોજના બનાવી છે. આ મીટર ગળતર અને દૂષિત પાણી પુરવઠા સંબંધિત સમસ્યાનો સામનો કરવામાં મદદ કરશે. પાણીનું એકસમાન વિતરણ સુનિશ્ચિત કરવા ઉપરાંત આ સિસ્ટમ અધિકારીઓને પાણીના દબાણમાં થતા ફેરફારને ઝડપથી શોધી કાઢવા અને ગળતરને તાત્કાલિક ઓળખવા અને સુધારવામાં સક્ષમ બનાવશે.

શહેરને પાણી પૂરું પાડતાં સાત તળાવોમાં હાલ પાણીનો પૂરતો સ્ટોક હોવા છતાં પશ્ચિમ ઉપનગરના અનેક વિસ્તારોમાં છેલ્લા ચાર મહિનાથી પાણીની અછતનો અનુભવ સ્થાનિક નાગરિકો કરી રહ્યા છે. વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે નજીકના ડુંગરાળ વિસ્તારો, બોરીવલીના માગાથાણે, દહિસર અને કાંદિવલી પશ્ચિમના અમુક વિસ્તારો તેમ જ મલાડ પશ્ચિમના માર્વે વિસ્તારમાં ઓછા દબાણ સાથે પાણી મળી રહ્યું છે. ગયા અઠવાડિયે સ્થાનિક વિધાનસભ્યોએ પાલિકા અધિકારીઓ સાથે બેઠક કરીને પ્રમાણસર પાણી પુરવઠો કરવાની માગણી કરી હતી. તેમ જ ઝોન મુજબ પાણીના વિતરણના ડેટા પણ જાહેર કરવાની માગણી કરી હતી.

ગયા અઠવાડિયે સાંસદ અને સ્થાનિક વિધાનસભ્યોએ પાલિકાના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. એ દરમ્યાન નોંધવામાં આવ્યું હતું કે કાંદિવલીના મહાવીર નગરમાં (જુઓ પાનું ૪) ▶▶



જનજાગૃતિઃ મુંબઈ પાલિકાની ઈએનટી હૉસ્પિટલની નર્સે પાલિકા મુખ્યાલયની ઈમારત સામેના સેલ્ફી પોઈન્ટ પર સ્વચ્છતા ઝુંબેશ અંગે જનજાગૃતિ કરી હતી. (અમય ખરાડે)

મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી

# કૉંગ્રેસ-મનસે ગઠબંધન અંગે વડેટ્ટીવાર અને સપકાલના વિરોધાભાસી નિવેદનો

મુંબઈઃ કૉંગ્રેસના વરિષ્ઠ નેતા વિજય વડેટ્ટીવારે સોમવારે જણાવ્યું હતું કે પાર્ટી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીઓ સ્વતંત્ર રીતે લડશે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે જો નાસિકમાં તેમના સાથીદારો મનસે સાથે જોડાણ કરવા માંગતા હોય તો કોઈ સમસ્યા ન હોવી જોઈએ કારણ કે જિલ્લા એકમોને ''સ્થાનિક પરિસ્થિતિ'' અનુસાર નિર્ણયો લેવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.

જોકે, તેમનું નિવેદન મહારાષ્ટ્ર કૉંગ્રેસના ચીફ હર્ષવર્ધન સપકાલના નિવેદન સાથે સુસંગત નહોતું, જેમણે કહ્યું હતું કે રાજ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટી સાથે જોડાણ અંગેની બેઠકમાં હાજરી આપવા બદલ નાશિકમાં પાર્ટીના કાર્યકરોને કારણદર્શક નોટિસ જારી કરવામાં આવશે.

વડેટ્ટીવારે વધુમાં જણાવ્યું હતું કે મુંબઈના પદાધિકારીઓએ મહાનગરમાં સ્વતંત્ર રીતે નાગરિક ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. ''મુંબઈમાં બેઠકોની વહેંચણીની વાતચીતનો કોઈ પ્રશ્ન જ નથી. મને લાગે છે કે વંચિત બહુજન આઘાડી, બીએસપી, મનસે, જેઓ મહા વિકાસ આઘાડીના સાથી નથી, તેમની સાથે ગઠબંધનમાં કોઈ સમસ્યા ન હોવી જોઈએ,'' તેમણે કહ્યું હતું. ''જો નાશિકમાં (જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્રમાં એમવીએમાં તિરાડ!
## કૉંગ્રેસના એક નિવેદનથી ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારની મુશ્કેલીઓ વધવાનો સંકેત

મુંબઈઃ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે મહારાષ્ટ્રનું રાજકીય તાપમાન વધી ગયું છે અને તમામ રાજકીય પક્ષોએ ચૂંટણી માટેની તેમની તૈયારીઓ શરૂ કરી દીધી છે. બીએમસી ચૂંટણી પહેલા ઠાકરે બંધુઓ એક થઈ ગયાના સમાચાર છે. એવું માનવામાં આવે છે કે આ વખતે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે સાથે મળીને ચૂંટણી લડશે. જોકે, મહા વિકાસ આઘાડી (એમવીએ)ના સાથી કૉંગ્રેસે સ્પષ્ટપણે તેનો વિરોધ કર્યો હતો. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે શું રાજ ઠાકરેને મહા વિકાસ આઘાડીમાં જોડાઈને ચૂંટણી લડવાની મંજૂરી આપવામાં આવશે? જોકે, કૉંગ્રેસ પાર્ટીએ હવે સ્પષ્ટપણે કહ્યું છે કે તે પોતાના દમ પર મ્યુનિસિપલ ચૂંટણી લડશે. તેનો અર્થ એ કે વિપક્ષી ગઠબંધન એમવીએ તૂટી જશે.

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા વિજય વડેટ્ટીવારે આ જાહેરાત કરી. વિજય વડેટ્ટીવારે કહ્યું, મુંબઈ વિશ્વનું સૌથી મોટું મ્યુનિસિપલ કોર્પોરેશન છે. અમારા મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના નેતાઓએ સ્વતંત્ર રીતે ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. તેથી, કોના માટે કેટલી બેઠકો છોડવી (જુઓ પાનું ૪) ▶▶

# રૂપાલી ચાકણકર, સૂરજ ચવ્હાણ એનસીપી પ્રવક્તા

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી) એ સોમવારે રાજ્ય મહિલા આયોગના વડા રૂપાલી ચાકણકર અને યુવા નેતા સૂરજ ચવ્હાણને પક્ષના પ્રવક્તા તરીકે નિયુક્ત કર્યા.

બંનેને તાજેતરમાં તેમના વર્તન બદલ ટીકાનો સામનો કરવો પડ્યો છે. પાર્ટીએ એક પ્રકાશનમાં જણાવ્યું હતું કે, આ બંને પ્રવક્તાઓ એ ૧૭ પ્રવક્તાઓમાં સામેલ છે જેમની નિમણૂકોને એનસીપીના રાજ્ય એકમના પ્રમુખ સુનીલ તટકરે દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.

પાર્ટીએ અગાઉ આંતરિક સંકલન અને સંચાલન વધારવા માટે મહાસચિવનું નવું પદ બનાવ્યું હતું.

આ વર્ષની શરૂઆતમાં, રાજ્ય વિધાનસભામાં મોબાઇલ ફોન પર 'રમી' રમતા દર્શાવતો એક વીડિયો વાયરલ થયા બાદ, તત્કાલીન કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટેના રાજીનામાની માંગણી સાથે લાતુરમાં વિરોધ પ્રદર્શન કરવાનો પ્રયાસ કરતી વખતે છાવા સંગઠનના કાર્યકરોને કથિત રીતે માર માર્યા બાદ સૂરજ ચવ્હાણે એનસીપીના યુવા પાંખના પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધું હતું.

ગયા મહિને ફાલટણમાં આત્મહત્યા કરનાર મહિલા ડોક્ટરના ચારિત્ર્યને કથિત રીતે બદનામ કરવા બદલ ચાકણકરે ટીકાનો સામનો કરવો પડ્યો હતો. પાર્ટી પ્રમુખ અજિત પવારે જાહેરમાં તેમના વર્તન પર નારાજગી વ્યક્ત કરી હતી.■

# નાશિકની ચૂંટણીમાં રાજ ઠાકરેના પક્ષની એમવીએ સાથે યુતિની ઘોષણા
## હજી કોઈ નિર્ણય નથી લેવાયોઃ કૉંગ્રેસની સ્પષ્ટતા

નાશિકઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના નેતાએ સોમવારે જણાવ્યું હતું કે રાજ ઠાકરેના પક્ષએ નાશિકમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મહા વિકાસ આઘાડી સાથે ગઠબંધનને અંતિમ સ્વરૂપ આપ્યું છે. જોકે, આ જાહેરાત કરનારા મનસે નેતા દિનકર પાટીલે ઉમેર્યું હતું કે આ બાબતે અંતિમ નિર્ણય ઠાકરે લેશે.

બીજી તરફ પ્રદેશ કૉંગ્રેસ પ્રવક્તા સચિન સાવંતે સ્પષ્ટતા કરી હતી કે નાશિકમાં રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ) સાથે જોડાણ કરવાનો કોઈ નિર્ણય કૉંગ્રેસે હજુ નથી લીધો. મહા વિકાસ આઘાડીમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી), શરદ પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એસપી) અને કૉંગ્રેસનો સમાવેશ થાય છે.

દિનકર પાટીલે વધુ જાણકારી આપતા જણાવ્યું હતું કે હવેથી તમામ ચૂંટણીઓ માટે ગઠબંધનની રચના કરવામાં આવી છે. લોકશાહીને જીવંત રાખવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. તમામ પક્ષોએ મતદાર યાદીમાં ગેરરીતિઓ તરફ ધ્યાન દોર્યું છે. આ ઉપરાંત, વરસાદને કારણે પાકને થયેલા નુકસાનને કારણે ખેડૂતો દુઃખી છે.'

કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્ક્સવાદી)ના નેતા ડીએલ કરાડે જણાવ્યું હતું કે ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીનો પ્રભાવ ઘટાડવા માટે તમામ પક્ષોએ આગામી ચૂંટણી સાથે મળીને લડવાનો નિર્ણય કર્યો છે. અમે ભ્રષ્ટાચાર, જાતિવાદ જેવા મુદ્દાઓ પર સરકારની ઉપેક્ષા સામે એક થયા છીએ.'

પત્રકાર પરિષદમાં બોલતા સ્થાનિક કૉંગ્રેસ નેતા અને ભૂતપૂર્વ નગરસેવક રાહુલ દીવેએ જણાવ્યું હતું કે 'અમને વરિષ્ઠ અધિકારીઓ દ્વારા સ્થાનિક સ્તરે નિર્ણય લેવાની સૂચના આપવામાં આવી છે. અમે હાથ મિલાવવાનો નિર્ણય કર્યો છે. અલબત્ત અમે અમારા નેતા બાળાસાહેબ થોરાતને આ નિર્ણય વિશે પછીથી માહિતી આપીશું. અમે પાર્ટી હાઈકમાન્ડના આદેશનું પાલન કરીશું.' (પીટીઆઈ)

# ૬૦ કરોડની છેતરપિંડીનો કેસ રદ કરવા શિલ્પા શેટ્ટી, રાજ કુન્દ્રાની હાઈ કોર્ટમાં અરજી

મુંબઈઃ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી અને તેના બિઝનેસમેન પતિ રાજ કુંદ્રાએ મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા તેમની વિરુદ્ધ દાખલ કરવામાં આવેલા ૬૦ કરોડ રૂપિયાની છેતરપિંડીનો કેસ રદ કરવા માટે બોમ્બે હાઈ કોર્ટમાં અરજી કરી છે. એફઆઈઆર રદ કરવાની માગ કરવા ઉપરાંત દંપતીએ પોલીસને આ કેસમાં આરોપનામું દાખલ ન કરવા અને તેમની અરજીઓની સુનાવણી સુધી તેમની સામે કોઈ કાર્યવાહી ન કરવા નિર્દેશ આપવામાં આવે એવી અદાલતને વિનંતી કરી છે.

સોમવારે મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ચંદ્રશેખર અને ન્યાયમૂર્તિ ગૌતમ અંખડની ખંડપીઠ સમક્ષ તેમની અરજી સુનાવણી માટે આવી હતી. અદાલતે દંપતીને આ કેસમાં ફરિયાદી દીપક કોઠારીને તેમની અરજીની નકલ આપવા નિર્દેશ આપી મામલાની સુનાવણી ૨૦ નવેમ્બર પર મુલતવી રાખી હતી.

કોઠારીએ આ દંપતી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી આરોપ મૂક્યો હતો કે ૨૦૧૫ થી ૨૦૨૩ સુધી તેઓએ તેમને તેમની (જુઓ પાનું ૪) ▶▶

# મ્યુનિસિપલ કાઉન્સિલ અને નગર પંચાયતની ચૂંટણી માટે પ્રક્રિયા શરૂ

મુંબઈઃ મહારાષ્ટ્રની ૨૪૬ મ્યુનિસિપલ કાઉન્સિલ અને ૪૨ નગર પંચાયતોની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા સોમવારથી શરૂ થઈ ગઈ છે. રાજ્ય ચૂંટણી પંચે જણાવ્યું હતું કે પહેલે દિવસે દાખલ કરાયેલા ઉમેદવારીપત્રોની સંખ્યા મોડી સાંજે ખબર પડશે.

બીજી ડિસેમ્બરે યોજાનારી ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૧૭ નવેમ્બર છે અને ૧૮ નવેમ્બરે ફોર્મની ચકાસણી કરવામાં આવશે. અપીલ નથી એવા કેસમાં ઉમેદવારી પત્રો પાછી ખેંચવાની અંતિમ તારીખ ૨૧ નવેમ્બર છે અને અપીલના કિસ્સામાં અંતિમ તારીખ ૨૫ નવેમ્બર છે.


૨૪૬ નગર પરિષદ અને ૪૨ નગર પંચાયતમાં ૬ હજાર ૮૫૯ સભ્યો અને ૨૮૮ પ્રમુખોની ચૂંટણી માટે બીજી ડિસેમ્બરે ઇવીએમ દ્વારા મતદાન થશે અને ત્રીજી ડિસેમ્બર મતગણતરી થશે. કુલ એક કરોડ સાત લાખ મતદારો વોટિંગ કરશે. કોંકણમાં ૨૭, નાશિકમાં ૪૯, પુણેમાં ૬૦, છત્રપતિ સંભાજી નગરમાં ૫૨, અમરાવતીમાં ૪૫ અને નાગપુરમાં ૫૫ નગર પરિષદ અને નગર પંચાયત છે. બધાની નજર કોંકણ પર છે, જ્યાં સિંધુદુર્ગના વાલી પ્રધાન નિતેશ રાણે વિરુદ્ધ બિન-ભાજપી પક્ષના ગઠબંધનની સંભાવના પર કણકવલી નગર પંચાયત માટે લડત થવાની છે. (પીટીઆઈ)

# કોરોના મહામારી વખતે મહિલા ડૉક્ટર સાથે મારપીટ કરનારાને સાત વર્ષની કેદ

થાણેઃ કોરોના મહામારી વખતે ૨૦૨૧માં મહિલા ડૉક્ટર સાથે મારપીટ કરી લૂંટ ચલાવવા પ્રકરણે થાણે સેશન્સ કોર્ટે આરોપીને સાત વર્ષની સખત કેદની સજા સંભળાવી હતી. તબીબોને ટાર્ગેટ કરી હિંસા આચરનારાઓને આ સજાથી કડક સંદેશ મળશે, એવી નોંધ જજે કરી હતી. એડિશનલ સેશન્સ જજ વસુધા ભોસલેએ આદેશમાં આરોપી રશિદ શકિલ ખાન (૫૬)ને સાત વર્ષની સજા અને ૨૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર આર. પી. પાટીલે કોર્ટમાં જણાવ્યું હતું કે કોરોના મહામારીએ માઝા મૂકી હતી ત્યારે આરોપી ત્રીજી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ ડૉ. ગાયત્રી નંદલાલ જયસ્વાલના ક્લિનિકમાં આરટી-પીસીઆર ટેસ્ટ સંબંધી પૂછપરછને બહાને ગયો હતો. તેને રાહ જોવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ ગુસ્સામાં તે ત્યાંથી જતો રહ્યો હતો. આરોપી થોડા જ સમયમાં પાછો (જુઓ પાનું ૪) ▶▶

# ચેમ્બુરમાં કૉર્પોરેટ પાર્કમાં આગઃ કોઈ જખમી નહીં



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં સોમવારે સવારના જુદા જુદા વિસ્તારમાં આગના બે બનાવ બન્યા હતા, જેમાં ચેમ્બુરમાં બે માળના એક કૉર્પોરેટ પાર્કમાં રવિવારે મધરાત બાદ લાગેલી આગ છેક સોમવારે વહેલી સવારના નિયંત્રણમાં આવી હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. તો બીજી આગ મેમણવાડામાં કપડાની દુકાનમાં લાગી હતી. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ ચેમ્બુર પૂર્વમાં સાયન-ટ્રૉમ્બે રોડ પર ગ્રાઉન્ડ પ્લસ બે માળની કૉર્પોરેટ પાર્ક બિલ્ડિંગ આવેલી છે. રવિવારે મધરાત બાદ ૧.૩૮ વાગ્યાની આસપાસ બિલ્ડિંગના બીજા માળા પર (જુઓ પાનું ૪) ▶▶

# સાંગલીમાં આગમાં એક જ પરિવારના ચારનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના સાંગલી જિલ્લામાં સોમવારે સવારના ગ્રાઉન્ડ પ્લસ બે માળના મકાનમાં લાગેલી આગમાં વૃદ્ધ દંપતી સહિત તેમની દીકરી અને ત્રણ વર્ષની દોહિત્રીનું મૃત્યુ થયું હતું.

સ્થાનિક પોલીસના જણાવ્યા મુજબ સાંગલી જિલ્લા વિટા ગામમાં આવેલા સાવરકર નગરમાં સોમવારે સવારના નવ વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો હતો, જેમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી વાસણ અને (જુઓ પાનું ૪) ▶▶

મહિલા ડૉક્ટરની આત્મહત્યા કેસ

# 'એસઆઈટી' તપાસની માગણી સાથે મુંબઈ યુવા કૉંગ્રેસનું વિરોધ પ્રદર્શન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ યુવા કૉંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ સોમવારે ફલટનમાં મહિલા ડૉક્ટરની આત્મહત્યા કેસમાં વિશેષ તપાસ ટુકડી - સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) દ્વારા તપાસની માગ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. એક અધિકારીએ જણાવ્યું કે ૨૦૦થી વધુ પ્રદર્શનકારીઓને જ્યારે મુખ્ય પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન વર્ષા તરફ જઈ રહ્યા હતા ત્યારે તેમને થોભાવી પોલીસે તેમની અટકાયત કરી હતી.

મુંબઈ યુથ કૉંગ્રેસના પ્રમુખ ઝીનત શબરીન, યુથ કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉદય ભાનુ ચિબ અને પ્રદેશ પક્ષના પ્રવક્તા સચિન સાવંત સહિતના દેખાવકારોને આઝાદ મેદાન પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા.અધિકારીએ જણાવ્યું હતું કે વિરોધ પ્રદર્શન દરમિયાન અનિચ્છનીય ઘટનાઓને રોકવા માટે મલબાર હિલ અને ગિરગાંવ વિસ્તારોમાં પૂરતી પોલીસ તહેનાત કરવામાં આવી હતી. પક્ષના નિવેદન અનુસાર નરીમાન પોઇન્ટ, મરીન ડ્રાઈવ અને મુખ્ય પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન વર્ષાની બહાર એમ ત્રણ સ્થળો પર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા.

સાવંતે જણાવ્યું હતું કે પક્ષ આત્મહત્યાની એસઆઈટી તપાસની માગ કરી રહ્યો છે અને મૃતક ડૉક્ટરના પરિવારને ન્યાય અપાવવા માટે લડત ચાલુ રાખશે. ■

# મુંબઈ ક્રિકેટ એસોસિયેશનના પ્રમુખપદે અજિંક્ય નાઈક ફરી ચૂંટાઈ આવ્યા

## બાકીના હોદ્દાઓ માટે બુધવારે ચૂંટણી

મુંબઈ : મુંબઈ ક્રિકેટ એસોસિએશન (એમસીએ)ની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. પ્રમુખ તરીકે અજિંક્ય નાઈકે સોમવારે પોતાનું પદ જાળવી રાખ્યું હતું કારણ કે અન્ય સાત ઉમેદવારોએ તેમ અપેક્સ કાઉન્સિલ અને અન્ય પદાધિકારીઓના પદો માટે એમસીએની ચૂંટણી બુધવારે યોજાશે. સોમવારે નામાંકન પાછા ખેંચવાનો છેલ્લો દિવસ હતો.

નાઈકે નામાંકન દાખલ કર્યું હતું જ્યારે તેમને ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ અને તેમના સભ્ય સંઘો માટે સુપ્રીમ કોર્ટ દ્વારા બનાવવામાં આવેલી લોઢા સમિતિ દ્વારા રજૂ કરાયેલા સુધારાઓ અનુસાર, એમસીએના અપેક્સ કાઉન્સિલમાં સતત છ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યા પછી ફરજિયાત ત્રણ વર્ષનો વિરામ લેવાની જરૂર હતી. જે ઉમેદવારોએ તેમની ઉમેદવારી પરત ખેંચી હતી તેમાં ભારતીય જનતા પાર્ટીના એમએલસી પ્રસાદ લાડ, શિવસેના (યુબીટી) એમએલસી મિલિંદ નાર્વેકર અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના ધારાસભ્ય જિતેન્દ્ર આવ્હાડનો સમાવેશ થાય છે. આવ્હાડ અને નાર્વેકર બંને એમસીએ અપેક્સ કાઉન્સિલના સભ્ય હતા અને તેમણે અન્ય પદો માટે પણ નામાંકન દાખલ કર્યું છે.



ઉમેદવારી પાછી ખેંચી લેનારા અન્ય ઉમેદવારોમાં ભૂતપૂર્વ ભારતીય મહિલા કેપ્ટન ડાયના એદલજી, ટી-૨૦ મુંબઈ લીગના નિવર્તમાન અધ્યક્ષ વિહાંગ સરનાયક, સૂરજ સમત અને ભૂતપૂર્વ સંયુક્ત સચિવ શાહલમ શેખનો સમાવેશ થાય છે. ગયા વર્ષે નાઈક ૩૭ વર્ષની ઉંમરે એમસીએના સૌથી યુવા પ્રમુખ બન્યા હતા, તેમણે સંજય નાઈકને ૧૦૭ મતોથી હરાવ્યા હતા.

સોમવારે ચૂંટણી અધિકારી દ્વારા જાહેર કરાયેલી યાદી અનુસાર, ઉપપ્રમુખ પદ માટે આવ્હાડ નવીન શેટ્ટી સામે ચૂંટણી લડશે અને ઉન્મેશ ખાનવિલકર એમસીએ સેક્રેટરી પદ માટે શાહલમ શેખ સામે ચૂંટણી લડશે. રાજદીપ ગુપ્તાને ટી-૨૦ મુંબઈ લીગની ગવર્નિંગ કાઉન્સિલના ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ લીગમાં નોર્થ મુંબઈ પેન્થર્સ ટીમના માલિક પણ છે.■

# મોહંમદ શમી માટે 'ધી ઍન્ડ'?

## ઈંગ્લેન્ડના પ્રવાસે જવાના ઈનકારે ફાસ્ટ બૉલરની કારકિર્દીનો અંત લાવી દીધાની અટકળ

નવી દિલ્હી : ભારતના સ્ટાર ઝડપી બોલર મોહંમદ શમીએ વર્તમાન રણજી ટ્રોફીમાં ૯૩ ઓવર ફેંકી છે, પરંતુ ભારતના શ્રેષ્ઠ ઝડપી બોલરોમાંના એક માટે ફરીથી ટેસ્ટ ક્રિકેટ રમવું મુશ્કેલ લાગે છે અને વન-ડે ટીમમાં તેની વાપસી પણ મુશ્કેલ લાગી રહી છે. ૩૫ વર્ષીય ખેલાડીએ આ વર્ષે માર્ચમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત માટે પોતાની છેલ્લી મેચ રમી હતી, પરંતુ ત્યારથી તેને કોઈપણ ફોર્મેટમાં પસંદ કરવામાં આવ્યો નથી. ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપ પછી તે એડીની ઈજાને કારણે લાંબા સમય સુધી રમતમાંથી બહાર હતો. ઈજામાંથી સ્વસ્થ થવા માટે તેને સર્જરી કરાવવી પડી હતી. વર્તમાન સમયમાં ભારતીય ક્રિકેટ જે દિશામાં આગળ વધી રહ્યું છે તેને જોતા લાગે છે કે શમી ત્રણેય ફોર્મેટમાં અત્યાર સુધી રમાયેલી તેની ૧૯૭ આંતરરાષ્ટ્રીય મેચોમાં વધુ મેચ ઉમેરી શકશે



નહીં.' તે ટેસ્ટ અને ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ બંનેમાં રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવવાની દોડમાં પાછળ પડી ગયો છે કારણ કે ભારત પાસે પ્રસિદ્ધ કૃષ્ણા અને આકાશદીપ જેવા સારા વિકલ્પો છે.

એવું લાગે છે કે તેના માટે ફક્ત એક વન-ડે ક્રિકેટ બાકી છે. આગામી વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૭ માં યોજાશે અને ત્યાં સુધીમાં શમી ૩૭ વર્ષનો થઈ જશે. તેથી ભારતીય ટીમ ટીમમાં વૃદ્ધ ફાસ્ટ બોલરને સામેલ કરવાનું જોખમ લેશે નહીં, કારણ કે શમીની કારકિર્દી ઘૂંટણની સમસ્યાઓ સહિતની ઇજાઓથી પીડાય છે. શમી રાષ્ટ્રીય પસંદગીકારોથી બિલકુલ ખુશ નથી અને તેણે ખુલ્લેઆમ કહ્યું છે કે તેઓએ તેની સાથે વાત કરી નથી. જોકે, ભારતીય ક્રિકેટ બોર્ડના સૂત્રો અસંમત છે. બોર્ડના એક વરિષ્ઠ અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે, એવા ઘણા કિસ્સાઓ બન્યા છે જ્યાં રાષ્ટ્રીય પસંદગીકારો અને બીસીસીઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સ સપોર્ટ સ્ટાફે શમીના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરવા માટે ફોન કર્યો છે. પસંદગી સમિતિ ઇંગ્લેન્ડમાં તેની સેવાઓ જાળવી રાખવા માટે ઉત્સુક હતી કારણ કે જસપ્રીત બુમરાહ ત્રણથી વધુ ટેસ્ટ રમી શક્યો ન હતો. ઇંગ્લેન્ડની પરિસ્થિતિઓમાં તેના જેવા બોલરને કોણ ન ઈચ્છે? તે આ વર્ષની શરૂઆતમાં ભારતે ૨-૨ થી ડ્રો કરેલી શ્રેણીનો ઉલ્લેખ કરી રહ્યા હતા. એવું જાણવા મળ્યું છે કે પસંદગી સમિતિના એક વરિષ્ઠ સભ્યએ શમીને ઘણા મેસેજ મોકલીને તેની ફિટનેસ વિશે પૂછપરછ કરી હતી અને તેને કેન્ટરબરી અથવા નોર્થમ્પ્ટનમાં ઈંગ્લેન્ડ લાયન્સ સામે ઈન્ડિયા એ માટે ઓછામાં ઓછી એક મેચ રમવાની વિનંતી કરી હતી. શમી ઈંગ્લેન્ડ સામેની શ્રેણીમાં રમવા માટે સંપૂર્ણપણે ફિટ છે કે નહીં તે જાણવાનો પ્રયાસ કરાયો હતો. એવું સમજી શકાય છે કે ઝડપી બોલરે જવાબ આપ્યો હતો કે તેને હજુ પણ તેના વર્કલોડમાં વધારો કરવાની જરૂર છે અને ઈંગ્લેન્ડ સામેની શ્રેણી માટે તેનો વિચાર ન કરવો જોઈએ. ■

# મુલાનીએ કમાલ કરીઃ રણજી ટ્રૉફીમાં હિમાચલ પ્રદેશને હરાવ્યું મુંબઈએ

મુંબઈઃ ડાબોડી સ્પિનર શમ્સ મુલાનીની પાંચ વિકેટની મદદથી મુંબઈએ સોમવારે રણજી ટ્રોફી એલીટ ગ્રૂપ ડી મેચના ત્રીજા દિવસે હિમાચલ પ્રદેશને એક ઇનિંગ અને ૧૨૦ રનથી હરાવ્યું હતું. પ્રથમ ઈનિંગના ૪૪૬ રન કર્યા બાદ મુંબઈએ બે દિવસમાં હિમાચલ પ્રદેશને બે વખત આઉટ કરીને સીઝનની બીજી જીત નોંધાવી હતી.

મેચના ત્રીજા દિવસે હિમાચલ પ્રદેશ પ્રથમ ઇનિંગમાં ૧૮૭ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ટીમ બીજી ઇનિંગમાં સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગઈ હતી. પુખરાજ માનના ૧૦૯ બોલમાં નવ ચોગ્ગા સાથે ૬૫ રન હોવા છતાં ટીમ ૧૩૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

હિમાચલે દિવસની શરૂઆત તેમના પ્રથમ ઇનિંગમાં સાત વિકેટે ૯૪ રનથી કરી હતી. ■




**એઆઈ માસ્ટરસ્ટ્રોકઃ** ભારતના ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ ક્રિકેટની દુનિયામાં નવી ક્રાંતિનો આગાઝ કર્યો છે. યુકે સ્થિત એઆઈ ક્રિકેટ કોચિંગ પ્લેટફોર્મ કબૂની સાથે હાથ મિલાવ્યો છે. આ પ્લેટફોર્મ ખેલાડીઓને તેમના ફોન પર જ પર્સનલ કોચિંગ આપશે એ પણ ખૂબ જ ઓછા ખર્ચે. આની જાહેરાત સોમવારે કરાઈ હતી. આ મામલે સૌરવ ગાંગુલીએ કહ્યું, આજના યુવાનોને વર્લ્ડ ક્લાસ કોચિંગ મળે એ જ મારું સપનું છે.

# રોહિત - વિરાટ છે ગંભીરનાં ટાર્ગેટ

## કહ્યું કે, વ્યક્તિગત પ્રદર્શન ઠીક છે પણ સિરીઝ હારની ઉજવણી ન કરાય

નવી દિલ્હીઃ ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે ઓસ્ટ્રેલિયા સામે ટીમના તાજેતરના વન-ડે સીરિઝમાં હારની ટીકા કરતા કહ્યું હતું કે હાર પછી પ્રશંસનીય પ્રદર્શનની ક્યારેય ઉજવણી ન કરવી જોઈએ. બીસીસીઆઈ ડોટ ટીવી સાથેની એક વાતચીતમાં ગંભીરે કહ્યું હતું કે જ્યારે તે સફળ ખેલાડીઓ માટે ખુશ હોઈ શકે છે ત્યારે કોઈએ મોટી તસવીર પરથી ધ્યાન હટાવવું જોઈએ નહીં અને આ મામલામાં આ સિરીઝમાં હાર છે. ઓસ્ટ્રેલિયામાં રમાયેલી વન-ડે સિરીઝથી રોહિત શર્મા અને વિરાટ કોહલીએ આઈપીએલ બાદ સ્પર્ધાત્મક ક્રિકેટમાં વાપસી કરી હતી. ત્રીજી વન-ડેમાં સદી ફટકાર્યા બાદ રોહિતને મેન ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યો. રોહિતે અગાઉ બીજી વન-ડેમાં ૭૩ રન ફટકાર્યા હતા પરંતુ ભારત તે મેચ હારી ગયું હતું. અનુભવી વિરાટ કોહલી પ્રથમ બે મેચમાં ખાતું ખોલવામાં નિષ્ફળ રહ્યા બાદ શ્રેણીની અંતિમ મેચમાં અણનમ ૭૪ રન કર્યા હતા. જોકે, ગંભીરે કોઈનું નામ લીધું નથી કે આ પ્રશ્નમાં તેમને કોઈ ચોક્કસ નામ વિશે પૂછવામાં આવ્યું નથી. જોકે આમાં કદાચ રોહિત શર્મા તેનું ટાર્ગેટ હોઈ શકે જેણે છેલ્લી બે વન-ડેમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું

તેમણે કહ્યું, હું હંમેશાથી માન્યું છે કે તે વ્યક્તિગત પ્રદર્શનની વાત નથી. હું વ્યક્તિગત પ્રદર્શનથી ખૂબ ખુશ



રહી શકું છું અને હું હંમેશા વ્યક્તિગત પ્રદર્શનથી ખુશ રહીશ. પરંતુ સત્ય એ છે કે અમે વન-ડે સિરીઝ શ્રેણી હારી ગયા. કોચ તરીકે હું ક્યારેય શ્રેણી હારવાની ઉજવણી કરી શકતો નથી. રોહિત અને કોહલીએ ટેસ્ટ અને ટી-૨૦ આંતરરાષ્ટ્રીય બંનેમાંથી નિવૃત્તિ લીધી છે જેના કારણે તેમની વન-ડેમાં વાપસી ચાહકોમાં ખૂબ ચર્ચાનો વિષય બની છે.

ગંભીરે કહ્યું, એક ખેલાડી તરીકે હું વ્યક્તિગત ખેલાડીઓની પ્રશંસા કરી શકું છું, પરંતુ કોચ તરીકે મને લાગે છે કે તે મારી નૈતિક જવાબદારી છે કે એક રાષ્ટ્ર અને વ્યક્તિગત તરીકે આપણે ક્યારેય શ્રેણી હારની ઉજવણી ન કરવી જોઈએ. ■

## 'વર્લ્ડકપની તૈયારી માટે હજી ત્રણ મહિના'



નવી દિલ્હી : ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે સ્વીકાર કર્યો હતો કે તેમની ટીમ હજુ સુધી આગામી વર્ષે યોજાનાર ટી-૨૦ વર્લ્ડ કપની તૈયારીઓના સંદર્ભમાં તે તબક્કે પહોંચી નથી જ્યાં તેમણે હોવું જોઈએ પરંતુ તેમણે એમ પણ કહ્યું કે ટીમ પાસે હજુ પણ તે તબક્કે પહોંચવા માટે પૂરતો સમય છે. ગંભીરે બીસીસીઆઈ ટીવી સાથેની વાતચીતમાં ફિટનેસના મહત્ત્વ પર પણ ભાર મૂક્યો હતો.

તેમણે કહ્યું હતું કે ''આ એક ડ્રેસિંગ રૂમ છે જ્યાં ઘણી પારદર્શિતા અને પ્રામાણિકતા છે અને અમે ઇચ્છીએ છીએ કે આ ડ્રેસિંગ રૂમ તે રીતે રહે. મને લાગે છે કે અમે હજુ પણ ટી-૨૦ વર્લ્ડ કપ માટે તે તબક્કે નથી જ્યાં અમે રહેવા માંગીએ છીએ. ■

# કોલકાતા પહોંચી ગઈ સાઉથ આફ્રિકાની ટીમ, કેપ્ટન ટેમ્બા બવુમા પણ જોડાયો

કોલકાતા : વિશ્વ ટેસ્ટ ચેમ્પિયન દક્ષિણ આફ્રિકા શુક્રવારથી ઈડન ગાર્ડન્સ ખાતે શરૂ થનારી ભારત સામેની પ્રથમ ટેસ્ટ માટે અહીં પહોંચી ગયું છે. બેંગલુરુમાં ઈન્ડિયા-એ સામે રમ્યા બાદ કેપ્ટન ટેમ્બા બવુમા પણ ટીમમાં જોડાયા છે. દક્ષિણ આફ્રિકાની ટીમના સ્થાનિક મેનેજરે પીટીઆઈને જણાવ્યું હતું કે, બવુમા આજે સવારે બેંગલુરુથી બીજા ખેલાડી અને કેટલાક અધિકારીઓ સાથે અહીં પહોંચ્યા હતા. મુખ્ય કોચ સહિત ટીમના મોટા ભાગના સભ્યો રવિવારે પહોંચ્યા હતા. બંને ટીમો મંગળવારે તાલીમ શરૂ કરે તેવી અપેક્ષા છે.

ઈજાના કારણે બવુમા પાકિસ્તાનમાં બે મેચની ટેસ્ટ શ્રેણી ચૂકી ગયો હતો. તેણે મેચ પ્રેક્ટિસ માટે ઈન્ડિયા-એ સામેની બીજી અનઓફિશિયલ ટેસ્ટમાં ભાગ લીધો હતો. દક્ષિણ આફ્રિકાના કેપ્ટન બવુમા પ્રથમ ઇનિંગમાં શૂન્ય રને આઉટ થયો હતો, પરંતુ તેમણે બીજી ઇનિંગમાં ૧૦૧ બોલમાં ૫૯ રન કર્યા હતા જેના કારણે તેમની ટીમ રવિવારે સમાપ્ત થયેલી મેચ જીતી શકી હતી. મિડલ ઓર્ડર બેટ્સમેન ઝુબેર હમઝા પણ બેંગલુરુમાં બંને મેચ રમ્યા બાદ અહીં મુખ્ય ટીમમાં જોડાયા હતા. ભારતીય ટીમની વાત કરીએ તો ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણીમાંથી પરત ફરીને ટીમ રવિવારે મોડી રાત્રે અહીં આવી હતી. ■



# સીએસકેનો મોટો ઝટકો, ગુજરાત ટાઈટન્સનો વોશિંગ્ટન સુંદરને આપવાનો ઈનકાર

ચેન્નઈ : ચેન્નઈ સુપર કિંગ્સ આગામી સીઝન પહેલા મોટા ફેરફારની તૈયારી કરી રહી છે. ટીમ ચેપોકમાં સંજૂ સેમસનને લાવવાની નજીક છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગુજરાત ટાઇટન્સે વોશિંગ્ટન સુંદરને આગામી સીઝન માટે ટીમનો મહત્વપૂર્ણ ભાગ માનીને તેને રિલીઝ કરવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો છે.

વાસ્તવમાં ચેન્નઈએ રવિન્દ્ર જાડેજા અને સંજૂ સેમસન વચ્ચે સ્વેપ ડીલ અંગે રાજસ્થાન રોયલ્સ સાથે વાતચીત શરૂ કરી હતી. ફ્રેન્ચાઇઝી રવિચંદ્રન અશ્વિન અને રવિન્દ્ર જાડેજાનું સ્થાન લઈ શકે તેવા ભારતીય સ્પિનરની પણ શોધમાં હતી. અફઘાનિસ્તાનના નૂર અહેમદ હાલમાં ટીમના એકમાત્ર સ્પિનર છે, જેમાં શ્રેયસ ગોપાલ બેકઅપ વિકલ્પ તરીકે છે.

ચેન્નઈ સુપર કિંગ્સે વોશિંગ્ટન સુંદરને ફ્રેન્ચાઇઝમાં લાવવાનું વિચાર્યું હતું, જેના કારણે તેને મુખ્ય કોચ



સ્ટીફન ફ્લેમિંગ સાથે ફરી જોડાવાની તક મળી હોત. વોશિંગ્ટન સુંદરની પહેલી આઈપીએલ સીઝન સ્ટીફન ફ્લેમિંગની કોચિંગમાં શરૂ થઈ હતી, જ્યાં તે રાઇઝિંગ પુણે સુપરજાયન્ટ્સ માટે રમ્યો હતો.

વોશિંગ્ટનની તકો ઓછી થઈ ગઈ છે કારણ કે સનરાઇઝર્સ હૈદરાબાદે તેને ૨૦૨૩ અને ૨૦૨૪ સીઝનમાં સતત બેન્ચ પર રાખ્યો હતો. ગયા સીઝનમાં ગુજરાતે તેને ૩.૨ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો અને તેણે ફક્ત છ મેચ રમી હતી. ■

# પચીસ રમત માટે ૩૨૦ સહાયક કોચની નિમણૂકની મંજૂરી અપાઈ

નવી દિલ્હીઃ રમતગમત મંત્રાલયે ઓલિમ્પિક્સ અને એશિયન ગેમ્સ માટે તેની મેડલ રણનીતિના ભાગરૂપે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એસએઆઈ) કેન્દ્રો પર ૨૫ રમતો માટે ૩૨૦ સહાયક કોચની ભરતીને મંજૂરી આપી છે.

રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ સોમવારે જણાવ્યું હતું કે વોટર સ્પોર્ટ્સ, સાઈકલિંગ અને ટેનિસ સહિતની રમતોને પ્રાથમિકતા આપવામાં આવશે જેમાં ભારતીય ખેલાડીઓએ સારું પ્રદર્શન કર્યું નથી, પરંતુ તેમની પાસે અપાર મેડલની સંભાવના છે. માંડવિયાએ કહ્યું હતું કે, આમાં એસએઆઈ કેન્દ્રો પર મુખ્ય રમતોનો સમાવેશ થશે. પસંદગી પ્રક્રિયા મેરિટ-આધારિત અને પારદર્શક હશે અને ફક્ત તે જ લોકોનો સમાવેશ કરવામાં આવશે જેઓ તેમના સંબંધિત ક્ષેત્રોમાં ટોચના ક્રમાંકિત અથવા લાઇસન્સ પ્રાપ્ત છે. ■

# સંજૂ સેમસનને નહીં મળે ચેન્નઈ સુપર કિંગ્સની કેપ્ટનશિપઃ અશ્વિનની મોટી ભવિષ્યવાણી

ચેન્નઈ : ઈન્ડિયન પ્રિમિયર લીગ (આઈપીએલ) ૨૦૨૬ અગાઉ સંજુ સેમસન અને રવિન્દ્ર જાડેજા વચ્ચે ટ્રેડ ડીલને લઈને ઘણા સમયથી ચર્ચા ચાલી રહી છે. ભૂતપૂર્વ ભારતીય સ્પિનર રવિચંદ્રન અશ્વિનનું માનવું છે કે જો રવિન્દ્ર જાડેજા અને સંજુ સેમસન વચ્ચે ટ્રેડ સફળ થાય છે તો રાજસ્થાન રોયલ્સ એક મોટી શક્તિ બનશે. એવી ચર્ચા પહેલાથી જ ચાલી રહી છે કે સેમસન આઈપીએલ ૨૦૨૫ સીઝન પછી રોયલ્સ છોડવા માગતો હતો. શરૂઆતમાં ચેન્નઈ અને રાજસ્થાન વચ્ચે વાટાઘાટો અટકી ગઈ હતી, પરંતુ વાટાઘાટો ફરી શરૂ થઈ છે, અને ટ્રેડથી જાડેજા તે ફ્રેન્ચાઇઝમાં પાછો ફરી શકે છે જ્યાં તેણે ૨૦૦૮માં તેની આઈપીએલ કરિયરની શરૂઆત કરી હતી.

પોતાની યુટ્યુબ ચેનલ 'એશ કી બાત' પર બોલતા અશ્વિને કહ્યું હતું કે જયપુરની પીચ જાડેજા માટે મદદરૂપ થશે અને તે નીચલા મધ્યમ ક્રમને મજબૂત બનાવી શકે છે. તે એમ પણ માને છે કે સેમસનને ખરીદવાથી ચેન્નઈ સુપર કિંગ્સને ફાયદો થશે, પરંતુ તેમને હજુ પણ હરાજીમાં ફિનિશરની જરૂર પડશે. અશ્વિને કહ્યું હતું કે, ''છેલ્લા ત્રણ વર્ષમાં જાડેજાએ ચેન્નઈ સુપર કિંગ્સ માટે ઘણું કર્યું છે. તે નિઃશંકપણે વર્લ્ડ કપ વિજેતા છે. તેણે આઈપીએલ ૨૦૨૩ની ફાઇનલમાં પોતાની શાનદાર બેટિંગથી ટીમને ટાઈટલ જીતવામાં મદદ કરી હતી. આપણે આંકડાઓ પર નજર નાખવાની જરૂર છે. ચેન્નઈ સુપર કિંગ્સ પાસે હંમેશા મિડલ ઓર્ડરમાં સ્પિનર રહ્યો છે અને તે છે જાડેજા.





છેલ્લા ત્રણ વર્ષમાં જાડેજાએ ૪૪ મેચોમાં ૭.૯ ના ઇકોનોમી રેટથી ૩૮ વિકેટ લીધી છે.''

તેમણે વધુમાં કહ્યું હતું કે તે હજુ પણ શ્રેષ્ઠ ફિનિશરોમાંનો એક છે. તે ફાસ્ટ બોલરો સામે ૧૫૦થી વધુ રન અને સ્પિન બોલરો સામે ઓછા સ્ટ્રાઇક રેટથી રન કરી રહ્યો છે. તે ફિનિશર તરીકે સારું કામ કરી રહ્યો છે. આને ધ્યાનમાં રાખીને આ ટ્રેડ રાજસ્થાન રોયલ્સ માટે મોટા સમાચાર હશે. જો કે, અશ્વિનનું માનવું છે કે જાડેજાને રાજસ્થાનનો કેપ્ટન બનાવવામાં આવે તેવી શક્યતા નથી કારણ કે મેનેજમેન્ટ યુવાનોને તક આપવા માગે છે.

અશ્વિને કહ્યું, ''જાડેજા સીએસકે માટે કોઈ ખાસ ખેલાડી નથી. સીએસકે એ આ પહેલા ક્યારેય કર્યું નથી. તમારે ખેલાડી સાથે વાત કરવી પડશે. જાડેજા માટે આ એક સારો વિકલ્પ છે. તે પોતાની આઈપીએલ કારકિર્દી જ્યાંથી શરૂ કરી હતી ત્યાંથી જ પૂરી કરી શકે છે. પહેલા વર્ષમાં ટીમનું નેતૃત્વ કરવું હંમેશા મુશ્કેલ હોય છે કારણ કે તમારે બાકીની ટીમ સાથે એડજસ્ટ થવું પડે છે. હું રાજસ્થાન રોયલ્સ માટે રમ્યો છું અને તેમની સંસ્કૃતિથી પરિચિત છું. આ ટીમ યુવા અને સંબંધો પર આધારિત છે.''

અશ્વિને સેમસન વિશે કહ્યું હતું કે, ''મને નથી લાગતું કે સંજુને કેપ્ટનશિપ આપવામાં આવશે કારણ કે આ તેની પહેલી સીઝન હશે. મને લાગે છે કે રુતુરાજ ગાયકવાડ ટીમમાં રહેશે પરંતુ ભવિષ્યમાં સેમસન ચોક્કસપણે એક વિકલ્પ રહેશે.'' ■

# દિલ્હીનું જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ તોડી પાડીને નવું સ્પોર્ટ્ સિટી બનાવાશે

નવી દિલ્હી : રમતગમત મંત્રાલયના એક સૂત્રએ સોમવારે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય રાજધાનીમાં આવેલા પ્રતિષ્ઠિત જવાહરલાલ નહેરુ સ્ટેડિયમને સ્પોર્ટ્સ સિટી બનાવવા માટે તોડી પાડવામાં આવશે. તેમાં તમામ મુખ્ય રમતો તેમ જ ખેલાડીઓ માટે રહેવાની સુવિધાઓ હશે.

સ્ટેડિયમની ૧૦૨ એકર જગ્યાનું સંપૂર્ણપણે નવીનીકરણ કરવામાં આવશે પરંતુ આ યોજના હજુ પણ માત્ર એક દરખાસ્ત છે અને તેથી પ્રોજેક્ટ માટે સમયરેખા હજુ સુધી નક્કી કરવામાં આવી નથી. તેને અંતિમ સ્વરૂપ આપવા માટે કતાર અને ઓસ્ટ્રેલિયાની સ્પોર્ટ્સ સિટીનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે.

એક સૂત્રએ જણાવ્યું હતું કે સ્ટેડિયમ તોડી પાડવામાં આવશે. સ્ટેડિયમની અંદર સ્થિત તમામ ઓફિસો, જેમાં નેશનલ એન્ટી-ડોપિંગ એજન્સી અને નેશનલ ડોપ ટેસ્ટિંગ લેબોરેટરીનો સમાવેશ થાય છે, તેને સ્થાનાંતરિત કરવામાં આવશે.

રમતગમત શહેરમાં મુખ્યત્વે વિવિધ રમતો માટે સુવિધા છે, જે તાલીમ અને મુખ્ય ઇવેન્ટ્સનું આયોજન કરવા માટે વિશ્વ-સ્તરીય માળખાકીય સુવિધા પૂરી પાડે છે. અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તેનું ઉદાહરણ છે, જ્યાં ક્રિકેટ, વોટર સ્પોર્ટ્સ ટેનિસ અને એથ્લેટિક્સ વગેરે માટે સુવિધાઓ ઉપલબ્ધ છે.'

સૂત્રોના જણાવ્યા અનુસાર, જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ દ્વારા હાલમાં કબજે કરાયેલી જમીનનો સંપૂર્ણ પુનર્વિકાસ કરવામાં આવશે. નવું સ્પોર્ટ્સ સિટી ૧૦૨ એકરમાં ફેલાયેલું હશે, જે તેને દેશની અગ્રણી રમતગમત સુવિધાઓમાંનું એક બનાવશે.

નવા સ્પોર્ટ્સ સિટીને વિશ્વસ્તરીય બનાવવા માટે રમતગમત મંત્રાલયની ટીમો કતાર અને ઓસ્ટ્રેલિયામાં સફળ રમતગમત મોડલોનો વ્યાપક અભ્યાસ કરી રહી છે. ■

# પાકિસ્તાન હોકી ટીમના કોચ તાહિર ઝમાને બાંગ્લાદેશ જવાનો કર્યો ઈનકાર

કરાચીઃ પાકિસ્તાન પુરુષ હોકી ટીમના મુખ્ય કોચ તાહિર ઝમાનએ ત્રણ મેચની શ્રેણી માટે ઢાકા જવાનો ઇનકાર કર્યો છે અને પાકિસ્તાન હોકી ફેડરેશન (પીએચએફ) પર પસંદગીના મામલામાં દખલગીરીનો આરોપ લગાવ્યો છે. ટીમ રવિવારે મહાન ભૂતપૂર્વ ઓલિમ્પિયન વિના રવાના થઈ હતી જેમણે છેલ્લી ઘડીએ ટીમમાં ખેલાડીઓની પસંદગીને મંજૂરી આપવાનો ઇનકાર કર્યો હતો. પીએચએફ સચિવ રાણા મુજાહિદે આ ઘટનાની પુષ્ટિ કરી હતી અને કહ્યું હતું કે આ મામલો ઉકેલાઈ જશે કારણ કે તાહિર અને રાષ્ટ્રીય ફેડરેશન દેશના હોકીના હિતમાં છે. તેમણે કહ્યું હતું કે તાહિરે એવું વલણ અપનાવ્યું હતું કે જે લોકો ઇસ્લામાબાદમાં તાલીમ શિબિરમાં મોડા પહોંચે છે તેમને રાષ્ટ્રીય ટીમમાં સામેલ ન કરવા જોઈએ.

મુજાહિદે કહ્યું હતું કે, તાહિરે રાણા વાહિદ અને હમ્માદ અંજુમને સામેલ કરવા પર વાંધો ઉઠાવ્યો હતો. ■

# સેન્સેક્સમાં ૩૧૯ પોઈન્ટની મિનિ જમ્પ, નિફ્ટી ૨૫,૫૫૦થી ઉપરઃ એચસીએલ ટેક, બજાજ ફાઈનાન્સમાં બે ટકા સુધીનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકન સરકારના શટડાઉનના સંભવિત અંતની આશા અને કોર્પોરેટ ક્ષેત્રની મજબૂત કામગારીની પ્રતીક્ષા વચ્ચે એશિયાઇ બજારોના સકારાત્મક સંકેત સાથે ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં લેવાલીનો ટેકો મળતાં સપ્તાહના પહેલા દિવસે સોમવારે ભારતીય શેરબજાર પોઝિટિવ ઝોનમાં સ્થિર થવામાં સફળ રહ્યું હતું. સેન્સેક્સમાં ૩૧૯ પોઈન્ટનો સુધારો નોંધાયો, જ્યારે નિફ્ટી ૨૫,૫૫૦થી ઉપર પહોંચ્યો હતો.

મોટાભાગના ક્ષેત્રીય સૂચકાંકો ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા, જેમાં બજારનો સેન્ટિમેન્ટ વ્યાપકપણે હકારાત્મક દેખાયો હતો. નવેસરની લેવાલીના ટેકાને કારણે આઇટી શેરોમાં વધારો થયો હતો, જ્યારે એનર્જી, મેટલ, ફાર્મા અને બેંકિંગ શેરોમાં પણ સુધારો જોવા મળ્યો હતો. જોકે, મીડિયા, પીએસયુ બેંકો અને રિયલ્ટી ક્ષેત્રોમાં નફો ગાંઠે બાંધવાની પ્રવૃત્તિ જોવા મળી હતી.

સતત ત્રણ દિવસના ઘટાડા બાદ વિશ્વબજારની તેજી અને સ્થાનિક ધોરણે આઇટી અને ફાઇનાન્શિયલ સ્ટોક્સની લેવાલીના ટેકાએ સોમવારે બેન્ચમાર્ક સ્ટોક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીએ સુધારો નોંધાવ્યો હતો. સત્ર દરમિયાન ૫૩૮.૨૧ પોઈન્ટ અથવા ૦.૬૪ ટકા વધીને ૮૩,૭૫૪.૪૯ સુધી ઊંચે જઇને અંતે સેન્સેક્સ ૩૧૯.૦૭ પોઈન્ટ અથવા ૦.૩૮ ટકા વધીને ૮૩,૫૩૫.૩૫ પર બંધ થયો હતો. જ્યારે સત્ર દરમિયાન ૧૬૧.૧૫ પોઈન્ટ અથવા ૦.૬૩ ટકા વધીને ૨૫,૬૫૩.૪૫ સુધી ઊંચે જઇને એનએસઈનો નિફ્ટી ૮૨.૦૫ પોઈન્ટ અથવા ૦.૩૨ ટકા વધીને ૨૫,૫૭૪.૩૫ પર સ્થિર થયો હતો. સેન્સેક્સ કંપનીઓમાં, ઇન્ફોસિસ, એચસીએલ ટેક્નોલોજીસ, બજાજ ફાઇનાન્સ, એશિયન પેઇન્ટ્સ, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ભારતી એરટેલ, ટાઇટન, બજાજ ફિનસર્વ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને લાર્સન એન્ડ ટુબ્રોના શેર ટોપ ગેઇનર્સમાં સામેલ હતા. જ્યારે ટ્રેન્ટ લિમિટેડ, ઇટર્નલ, પાવર ગ્રીડ, અલ્ટ્રાટેક સિમેન્ટ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એક્સિસ બેંક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, અદાણી પોર્ટ્સ, હિન્દુસ્તાન યુનિલિવર અને એનટીપીસીના સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા.

પ્રાઇમરી માર્કેટમાં ફુજીયામા પાવર સિસ્ટમ્સનો રૂ. ૮૨૮ કરોડનો આઇપીઓ ૧૩ નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૭ નવેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૮ નવેમ્બરના રોજ અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૨૦ નવેમ્બરે થવાની ધારણાં છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૨૧૬થી રૂ. ૨૨૮ પ્રતિ શેર છે, અને અરજી માટે મિનિમમ લોટ સાઇઝ ૬૫ શેરની છે.

ફિઝિક્સવાલા લિમિટેડનો રૂ. ૩,૪૮૦ કરોડનો આઈપીઓ ૧૧ નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૩ નવેમ્બરના રોજ બંધ થશે. એમવી ફોટોવોલ્ટેઇક લિમિટેડનો રૂ. ૨,૯૦૦ કરોડનો આઇપીઓ ૧૧ નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૩ નવેમ્બરના રોજ બંધ થશે. ટેનેકો ક્લિન એર ઇન્ડિયા લિમિટેડનો રૂ. ૩,૬૦૦ કરોડનો આઇપીઓ ૧૨ નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૪ નવેમ્બરના રોજ બંધ થશે.

લેન્સકાર્ટનો આઇપીઓ તેના ઇશ્યૂ ભાવ સામે સોમવારે ત્રણેક ટકાના ડિસ્કાઉન્ટ સાથે પ્રારંભિક સત્રમાં લિસ્ટીંગ સામે ચારેક ટકા પાછો ફર્યો હતો. આ આગાઉ પાછલા સપ્તાહે હેલમેટ ઉત્પાદક સ્ટડ એસેસરીઝના શેર શુક્રવારે તેના ઇશ્યૂ ભાવ સામે ત્રણ ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. નોંધવું રહ્યું કે એમટીઆર અને ઇસ્ટર્ન બ્રાન્ડની માલિક ઓર્કલા ઇન્ડિયા લિમિટેડના શેર તેના આગલા જ સત્રમાં ગુરુવારે તેના ઇશ્યૂ ભાવ સામે ત્રણ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. સ્ટેક બ્રોકિંગ ફર્મ ગ્રોવની પેરેન્ટ કંપની બિલયિન બ્રેઇન ગેરેજનું ભરણું બંધ થયું છે અને દરેક કેટેગરીમાં લગભગ ૧૭ગણું ભરાયું છે.




સ્ટેટ બેન્ક એસબીઆઇ ફંડ મેનેજમેન્ટમાંથી ૬.૩ ટકા હિસ્સો ડિવેસ્ટ કરવા માટે આઇપીઓ લાવવાની યોજના ધરાવે છે. આ માટે સેન્ટ્રલ બોર્ડની પરવાનગી મળી ગઇ છે અને આ આખી પ્રક્રિયા ૨૦૨૬માં પૂર્ણ થવાની અપેક્ષા છે.

જાહેર ક્ષેત્રની નેશનલ એલ્યુમિનિયમ કંપની લિમિટેડ (નાલ્કો)એ શુક્રવારે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પૂરા થયેલા ક્વાર્ટરમાં ૩૬.૭ ટકાના વધારા સાથે રૂ. ૧,૪૨૯.૯૪ કરોડનો નફો નોંધાવ્યો હતો. હિન્ડાલ્કોનો બીજા ક્વાર્ટરનો કોન્સોલિડેટેડ નફો વાર્ષિક ધોરણે ૨૧ ટકા વધીને રૂ. ૪,૭૪૧ કરોડ થયો હતો.

માઇક્રો ઇરિગેશન સોલ્યુશન્સની અગ્રણી ઉત્પાદકો અને નિકાસકાર કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરણિામમાં રૂ. ૮૦.૦૯ કરોડની કુલ આવક, રૂ. ૮.૨૪ કરોડનો એબિટા અને રૂ. ૪.૨૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૧૦.૨૯ ટકા અને નેટ પ્રોફિટ માર્જિન ૫.૩૦ ટકા રહ્યું છે.

અમેરિકન સરકારના શટડાઉનના સંભવિત ઉકેલ અને બીજા ક્વાર્ટરના પ્રોત્સાહક કોર્પોરેટ પરિણામોને કારણે પ્રેરિત એફઆઇઆઇની નવી લેવાલીને પરિણામે બજારમાં સકારાત્મક સેન્ટિમેન્ટ જોવા મળ્યું હતું. યુએસ ૧૦-વર્ષના ટ્રેઝરી યીલ્ડમાં વધારો, ફેડરલ સરકારના ફરીથી ખુલવા સાથે ઇક્વિટી પ્રત્યેના જોખમના વલણમાં સુધારો દર્શાવે છે, એમ જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું. સ્થાનિક સ્તરે, મજબૂત મેક્રોઇકોનોમિક ઇન્ડેક્સ નાણાકીય વર્ષ ૨૦૨૬ના અર્ધવાર્ષિક કમાણીના અંદાજમાં સુધારાને ટેકો આપે તેવી અપેક્ષા છે. આ ફેરફાર વર્તમાન મૂલ્યાંકનને વાજબી પુરવાર કરે છે અને તે વધારાની પ્રવાહિતા આકર્ષિત કરે તેવી શક્યતા છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૩.૦૨ ટકા વધીને બંધ થયો હતો, હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ૧.૫૫ ટકા અને જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ ૧.૩૩ ટકા વધ્યો હતો, જ્યારે શાંઘાઈનો કમ્પોઝિટ ઇન્ડેક્સ ૦.૫૩ ટકા વધ્યો હતો. યુરોપના બજારો મોટાભાગે ઊંચા મથાળે ટ્રેડિંગ કરી રહ્યા હતા. શુક્રવારે યુએસ બજારો મોટાભાગે ઊંચા બંધ થયા હતા.

શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૪,૫૮૧.૩૪ કરોડના શેર ખરીદ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૬,૬૭૪.૭૭ કરોડના શેર ખરીદીને રાબેતા મુજબ એફઆઇઆઇ કરતા નોંધપાત્ર વધુ લેવાલી નોંધાવી હોવાનું એક્સચેન્જ ડેટા જણાવે છે. શુક્રવારે, ૩૦ શેરો ધરાવતો બીએસઇ સેન્સેક્સ ૯૪.૭૩ પોઈન્ટ ઘટીને ૮૩,૨૧૬.૨૮ પર સ્થિર થયો હતો. જ્યારે પચાસ શેરો ધરાવતો એનએસઇ નિફ્ટી ૧૭.૪૦ પોઈન્ટ ઘટીને ૨૫,૪૯૨.૩૦ પર બંધ થયો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ઈન્ફોસિસ ૨.૫૨ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૮૮ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૭૬ ટકા, એશિયન પેઈન્ટ ૧.૨૮ ટકા, ટાટા મોટર્સ ૧.૨૦ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૧.૧૨ ટકા, ભારતી એરટેલ ૧ ટકા, લાર્સન ૦.૯૬ ટકા, ટાઈટન ૦.૮૭ ટકા, બજાજ ફિનસર્વ ૦.૭૭ ટકા, રિલાયન્સ ૦.૭૪ ટકા અને ટેક મહિન્દ્ર ૦.૭૧ ટકા વધ્યા હતા, જ્યારે ટ્રેન્ટ ૭.૪૧ ટકા, ઈટર્નલ ૧.૪૯ ટકા, પાવર ગ્રીડ ૧.૩૬ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૭૭ ટકા, એક્સિસ બેન્ક ૦.૫૧ ટકા, સ્ટેટ બેન્ક ૦.૪૩ ટકા અને અદાણી પોર્ટ્સ ૦.૩૫ ટકા ઘટ્યા હતા.

## ફોરેક્સ માર્કેટમાં રૂપિયામાં ઘસરકો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફોરેક્સ માર્કેટમાં યુએસ ગ્રીનબેક સામે ભારતીય ચલણમાં પીછેહઠ જોવા મળી હતી. ઘસરકો સોમવારે ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થવાને કારણે વિદેશી હૂંડિયામણ બજારમાં અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો છ પેસાના ઘટાડા સાથે પ્રોવિઝનલ ધોરણે ૮૮.૭૧ની સપાટી પર બંધ થયો હતો. ફોરેન એક્સચેન્જ માર્કેટના ડીલરે જણાવ્યું હતું કે સ્થાનિક શેરબજારોમાં સકારાત્મક વલણ સાથે અમેરિકન ડોલરમાં આવેલી નરમાઇને કારણે રૂપિયાનો વધુ નીચી સપાટીએ ગબડતા આટકાવ્યો હતો. આંતરબેંક વિદેશી વિનિમય બજારમાં, અમેરિકન ચલણ સામે રૂપિયો ૮૮.૬૪ની સપાટી પર ખુલ્યો હતો અને દિવસ દરમિયાન ૮૮.૬૪ની ઉચ્ચતમ સપાટી અને ૮૮.૭૧ની નીચી સપાટીને સ્પર્શ્યો હતો.

## ડૉલરના નબળાઇ સાથે બુલિયનમાં ફરી તેજીનો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ : ઇન્ટર બેન્કિંગ ફોરેન એક્સચેન્જ ટ્રેડમાં અમેરિકન ચલણની નરમાઇ સાથે અમેરિકન શટડાઉનનો અંત આવવાને કારણે બદલાયેલા સેન્ટિમેન્ટ વચ્ચે બુલિનય માર્કેટમાં ફરી તેજીનો ચમકારો જોવા મળ્યો છે. વિશ્વબજાર પાછળ સ્થાનિક ઝવેરી બજારમાં લેવાલીના ટેકા વચ્ચે સોનાના ભાવમાં દસ ગ્રામદીઠ રૂ. ૨૩૪૧નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૩૬૮નો વધારો જોવા મળ્યો છે. આઇબીજેએના ડેટા અનુસાર ૯૯૯ ટનું શુદ્ધ સોનું રૂ. ૧,૨૦,૧૦૦ની પાછલી બંધ સપાટી સામે રૂ. ૧,૨૨,૦૮૭ની સપાટીએ ખૂલીને સત્રને અંત દસ ગ્રામદીઠ રૂ. ૨,૩૪૧ના વધારા સાથે રૂ. ૧,૨૨,૪૪૧ની સપાટીએ સ્થિર થયું હતું. જ્યારે, ૯૯૫ ટનું સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૧,૧૯,૬૧૯ના પાછલા બંધ સામે રૂ. ૧,૨૧,૫૯૮ની સપાટીએ ખૂલીને સત્રને અંત દસ ગ્રામદીઠ રૂ. ૨,૩૩૨ના વધારા સાથે રૂ. ૧૧,૨૧,૯૫૧ની સપાટીએ સ્થિર થયું હતું. એ જ રીતે, .૯૯૯ ટ,ની શુદ્ધ હાજર ચાંદી એક કિલોદીઠ રૂ. ૧,૪૮,૨૭૫ના પાછલા બંધ સાથે રૂ. ૧,૫૦,૯૭૫ની સપાટીએ ખૂલીને સટ્ટાકીય માગના સતત ટેકાને આધારે ઓર આગળ વધીને અંતે રૂ. ૩૩૬૮ના ઉછાળા સાથે રૂ. ૧,૫૧,૬૪૩ પ્રતિ કિલો બોલાઇ હતી. જ્યારે ૯૯૯ ટચના પ્લોટિનમના ભાવ રૂ. ૪૮,૫૦૧ની સપાટીએ ખૂલીને રૂ. ૪૮,૫૧૮ બોલાયા હતા.



વાયદા બજારમાં સોનું રૂ. ૨,૦૦૦ અથવા ૧.૬૦ ટકા વધીને રૂ. ૧,૨૩,૦૦૦ની નજીક ટ્રેડ થયું છે, કોમેક્સ ગોલ્ડ દ્વારા ૪,૦૭૫ પર સપોર્ટ મેળવ્યો છે, કારણ કે નબળા ડોલર સંકેતો અને યુએસ સરકારના ફરીથી ખૂલ્યા પછી પોઝિટિવ સેન્ટિમેન્ટને કારણે ભાવમાં વધારો જોવા મળ્યો છે.

હવે ઇન્વેસ્ટર્સનું ધ્યાન મુખ્ય ફુગાવાના ડેટા પર કેન્દ્રિત છે, એમ જણાવતાં એલકેપી સિક્યોરિટીઝના પ્રવકતાએ જણાવ્યું હતું કે, યુએસમાં સીપીઆઇ અને કોર સીપીઆઇ તથા ભારતમાં સીપીઆઇ અને ડબલ્યુપીઆઇ ઇન્ફ્લેશનના ડેટા ટૂંકા ગાળાના બજાર દિશાને માર્ગદર્શન આપશે. રૂપિયાની ૮૮.૪૫થી ૮૯.૫૦ રેન્જ વચ્ચેની અસ્થિરતા વાયદા બજારમાં સોનાની વધઘટમાં વધારો કરી શકે છે. વ્યાપક વલણ હકારાત્મક રહે છે, કિંમત રૂ. ૧,૨૨,૦૦૦ રૂ. ૧,૨૪,૫૦૦ ની રેન્જમાં રહેવાની અપેક્ષા છે.

## મ્યુચ્યુઅલ ફંડો શૅરબજારના વર્તમાન ટ્રેન્ડને જોતા સ્ટ્રેટેજી બદલી રહ્યાં છે!

મુંબઇઃ શેરબજારમાં સુસ્ત અફડાતફડી ધરાવતા માહોલમાં ફંડ મેનેજરો પણ મૂંઝાયા છે અને વધુ સારું વળતર મેળવવા નવા માધ્યમો અને નવા સ્ટ્રેટેજી અપનાવી રહ્યાં હોવાનું જાણવા મળે છે. બજારના સાધનો અનુસાર સારું વળતર મેળવવા માટે મ્યુચ્યુઅલ ફંડ્સ હવે ડેરિવેટિવ્ઝનો ઉપયોગ કરી રહ્યા છે.

ઘણી યોજનાઓએ તેમના સંચાલનના ભાગરૂપે કવર્ડ કોલ્સનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે. કેટલાક ફંડોએ તાજેતરમાં રોકાણકારોને જાણ કરી હતી કે તે કવર્ડ કોલ ઓપ્શન્સનો ઉપયોગ કરશે અને તે મુજબ તેના ફંડ સ્ટ્રક્ચરમાં સુધારો કરશે.

કોલ ઓપ્શન એ પૂર્વનિર્ધારિત ભાવે સ્ટોક અથવા ઇન્ડેક્સ ખરીદવાનો અધિકાર છે. જો કિંમત કોલ ઓપ્શનમાં લોક કરેલી કિંમતથી ઉપર વધે છે, તો ખરીદનારને નફો થાય છે. કોલ ઓપ્શનનો વેચનાર તેને પૂર્વનિર્ધારિત ભાવે ડિલિવર કરે છે અથવા વ્યવહારના આધારે રોકડમાં સેટલ કરી શકે છે.

વિદેશી મ્યુચ્યુઅલ ફંડના મેનેજરે સૂચવ્યું હતું કે એસેટ મેનેજરો સામાન્ય રીતે આ વ્યૂહરચનાનો ઉપયોગ ત્યારે કરે છે જ્યારે તેઓ અપેક્ષા રાખે છે કે બજાર રેન્જબાઉન્ડ રહેશે અથવા મર્યાદિત અપટાઇડ સંભાવના ધરાવે છે.

સપ્ટેમ્બર ૨૦૨૪માં બીએસઈ સેન્સેક્સ એક વર્ષ પછી પણ ૮૫,૯૭૮.૨૫ની તેની સર્વકાલીન ઉચ્ચતમ સપાટીથી નીચે છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાએ ૨૦૧૦માં મ્યુચ્યુઅલ ફંડ્સ માટે ઓપ્શન પર પ્રતિબંધ મૂક્યો હતો. ત્યાર બાદ તેણે ૨૦૧૯માં આ જોગવાઈમાં સુધારો કરીને કવર્ડ કોલ્સને મંજૂરી આપી હતી.

કવર્ડ કોલ્સ ટૂંકા ગાળાની બજાર પરિસ્થિતિઓ પર પ્રતિક્રિયા આપવાને બદલે આવક ઉત્પન્ન કરવાનો એક વ્યૂહાત્મક માર્ગ બની ગયો છે.

જો શેરની કિંમત પ્રમાણમાં સ્થિર રહે છે, તો કવર્ડ કોલ્સ થોડું વધારાનું વળતર ઉત્પન્ન કરવામાં મદદ કરી શકે છે.

જાણકારોએ જણાવ્યું હતું કે કવર્ડ કોલ્સ ખાસ કરીને હાઇબ્રિડ સ્કીમ્સ માટે ઉપયોગી થઈ શકે છે જે ડેટ અને ઇક્વિટી બંનેમાં રોકાણ કરે છે, કારણ કે આ ફંડ્સને ઘણીવાર તેમની સંપત્તિ ફાળવણી જાળવવા માટે મૂલ્યવાન ઇક્વિટી વેચવાની જરૂર પડે છે. કવર્ડ કોલ્સથી તેઓ વધુ કાર્યક્ષમ રીતે આમ કરી શકે છે.

## શૅરબજારમાં સુધારાનું હવામાનઃ એક્સ્ચેન્જના માર્કેટ કૅપમાં ₹ ૧.૮૯ લાખ કરોડનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં સુધારા તરફી વાતાવરણમાં ખાસ કરીને આઈટી, ટેક્નોલોજી અને કેપિટલ ગુડ્સ શેરોમાં સર્વાધિક લેવાલી હોવાથી તેના ઇન્ડેક્સ સૌથી વધુ વધ્યા હતા, જ્યારે યુટિલિટીઝ, રિયલ્ટી અને સર્વિસીસ સેકટરમાં ધોવાણ જોવા મળ્યું હતું. એક્સ્ચેન્જના માર્કેટ કેપમાં રૂ. ૧.૮૯ લાખ કરોડનો વધારો નોંધાયો હતો.

સેન્સેક્સની ૧૮ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૨ સ્ક્રિપ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૬૨ ટકા વધ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૨૮ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૬૫ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૭૯ ટકા ઘટ્યો હતો.

સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૮૩,૨૧૬.૨૮ના બંધથી ૩૧૯.૦૭ પોઈન્ટ્સ (૦.૩૮ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૮૩,૧૫૦.૧૫ ખૂલી નીચામાં ૮૩,૧૯૭.૬૭ સુધી અને ઊંચામાં ૮૩,૭૫૪.૪૯ સુધી જઈ ૮૩,૫૩૫.૩૫ બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૬૬.૩૧ લાખ કરોડથી રૂ. ૧.૮૯ લાખ કરોડ વધીને રૂ. ૪૬૮.૨૦ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં મુખ્યત્વે બીએસઈ ફોકસ્ડ આઈટી ૧.૬૬ ટકા, આઈટી ૧.૫૭ ટકા, ટેક ૧.૪૩ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૨૪ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૬૬ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૬૨ ટકા, મેટલ ૦.૫૧ ટકા, એનર્જી ૦.૩૬ ટકા અને ઓટો ૦.૨૮ ટકા વધ્યા હતા.

જ્યારે યુટિલિટીઝ ૦.૩૬ ટકા, રિયલ્ટી ૦.૨૯ ટકા, સર્વિસીસ ૦.૨૫ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૧૩ ટકા, એફએમસીજી ૦.૧૧ ટકા અને ટેલિકોમ્યુનિકેશન ૦.૦૯ ટકા ઘટ્યો હતો.

એક્સચેન્જમાં ૪,૩૧૫ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૦૬૯ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૧૦૫ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૪૧ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૩૨ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૦૯ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૦ સ્ટોક્સને ઉપલી જ્યારે ૧૨ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

## કોમેક્સ ગોલ્ડ ફ્યુચર્સ બે સપ્તાહની સર્વોચ્ચ સપાટીએ

મુંબઇઃ કોમેક્સ ગોલ્ડ ફ્યુચર્સ બે સપ્તાહની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં, કોમેક્સ ગોલ્ડ ફ્યુચર્સ ૭૨.૧૭ ડોલર અથવા ૧.૮ ટકા વધીને ૪,૦૮૧.૯૭ ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી ગયા હોવાના અહેવાલ છે, જે બે અઠવાડિયામાં તેમનો સૌથી ઊંચો સ્તર છે. સોમવારે સોનું એક ટકાથી વધુ વધીને ૪,૦૮૦ ડોલર પ્રતિ ઔંસ બોલાયું હતું, જે યુએસ અર્થતંત્ર અંગે વધતી ચિંતાઓ વચ્ચે બે અઠવાડિયાની ઊંચી સપાટી દર્શાવે છે. ડોલરમાં નબળાઇથી પણ આ કિંમતી ધાતુને લાભ મળ્યો છે, જે વિદેશી ખરીદદારો માટે ડોલર આધારિત ચીજવસ્તુઓ સસ્તી બનાવે છે, એમ સિનિયર રિસર્ચ એનાલિસ્ટે જણાવ્યું હતું. ડોલર ઇન્ડેક્સ, જે છ ચલણોની બાસ્કેટ સામે ગ્રીનબેકની મજબૂતાઈનું માપન કરે છે, તે ૯૯.૬૧ પર ફ્લેટ ટ્રેડિંગ કરી રહ્યો હોવાથી બુલિયન ભાવને તેજીનો ટેકો મળી રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે બજારના સહભાગીઓ ડિસેમ્બરમાં યુએસ ફેડરલ રિઝર્વ વ્યાજ દરમાં ઘટાડો કરશે કે કેમ તે અંગે વિભાજિત મત ધરાવે છે, વેપારીઓ ક્વાર્ટર-પોઇન્ટ ઘટાડાની લગભગ ૬૭ ટકા શક્યતા ધરાવે છે. ડિસેમ્બર ડિલિવરી માટે ચાંદીના વાયદાના ભાવ તેમની કોન્સોલિડેશન રેન્જમાંથી બહાર નીકળી ગયા, લગભગ ત્રણ ટકા વધીને ૪૯.૫૨ ડોલર પ્રતિ ઔંસ બોલાયા હતા. બુલિયન બજાર નિષ્ણાતોએ જણાવ્યું હતું કે નબળા ખાનગી નોકરીઓના ડેટા અને યુનિવર્સિટી ઓફ મિશિગનના ગ્રાહક ભાવના સૂચકાંક લગભગ સાડા ત્રણ વર્ષમાં સૌથી નીચા સ્તરે પહોંચ્યા પછી ટ્રડરોએ યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડા માટે દાવ લગાવ્યો હતો.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (ડબલ્યુજીસી) અનુસાર, ઓક્ટોબરમાં ગોલ્ડ એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ (ઇટીએફ)માં ૫૪.૯ ટનનો પ્રવાહ જોવા મળ્યો હતો, જે મુખ્યત્વે એશિયા અને ઉત્તર અમેરિકાની માગને કારણે હતો. જોકે યુરોપમાં આઉટફ્લો જોવા મળ્યો હતો. યુએસ સરકારના શટડાઉનનો અંત અને યુએસ-ચીન વચ્ચેના વેપાર તણાવને હળવો થવાના સંકેતો નજીકના ભવિષ્યમાં સેફ હેવન એસેટને નબળી બનાવી શકે છે. ફેડરલ રિઝર્વના નાણાકીય નીતિ માર્ગ પર વધુ સંકેતો માટે રોકાણકારો ગુરુવારે પ્રકાશિત થનારા યુએસ કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ ડેટા પર ધ્યાન કેન્દ્રિત કરશે, એમ એક નિષ્ણાતે જણાવ્યું હતું.

## લેન્સકાર્ટ સોલ્યુશન્સમાં ડિસ્કાઉન્ટ લિસ્ટિંગ

નવી દિલ્હીઃ આઇવેરના રિટેલર લેન્સકાર્ટ સોલ્યુશન્સના શેર સોમવારે તેના પ્રથમ ટ્રેડમાં લગભગ ફ્લેટ રહ્યા, ઇશ્યૂ ભાવ સામે લગભગ ત્રણ ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટિંગ થયા હતા. બીએસઈ પર આ શેર રૂ. ૩૯૦ પર લિસ્ટ થયો હતો, જે તેના રૂ. ૪૦૨ના ઇશ્યૂ ભાવ સામે ૨.૯૮ ટકા નીચા સ્તરે હતો. પ્રારંભિક સત્ર દરમિયાન આ શેર ૧૧.૫૨ ટકા ઘટીને રૂ. ૩૫૫.૭૦ના ઇન્ટ્રાડે નીચા સ્તરે પહોંચ્યો હતો. ટૂંક સમયમાં જ શેરનો ભાવ તમામ નુકસાનને પચાવીને આગળ વધ્યો અને ૨.૯૩ ટકા વધીને રૂ. ૪૧૩.૮૦ની સપાટીને સ્પર્શ્યો હતો. કંપનીના શેર અંતે રૂ. ૪૦૩.૩૦ પર બંધ થયા હતા, જે તેના ઇશ્યુ ભાવ સામે ૦.૩૨ ટકાના સહેજ વધારા સાથે હતો. ગ્રોવની પેરેન્ટ કંપની બિલિયન બ્રેઇન ગેરેજીસ અને ફિઝિક્સવાલાના આઇપીઓના ગ્રે માર્કેટ પ્રીમિયમમાં એકાએક ઘટાડો થવા પાછળ લેન્સકાર્ટની અસર હોવાની બજારમાં ચર્ચા છે.

## શૅરબજારના રોકાણકારોને ચેતવણી

મુંબઇઃ બોમ્બે સ્ટોક એક્સચેન્જના સિનિયર અધિકારીઓના ફોટાઓનો ઉપયોગ સોશિયલ મીડિયા પર બનાવટી આઈડીઝ તૈયાર કરવામાં અને ભોળા રોકાણકારોને ગેરમાર્ગે દોરતી સંપત્તિ સર્જનની સલાહો આપવામાં થઈ રહ્યો છે, એમ બીએસઈએ અખબાર જોગી યાદીમાં જણાવ્યું હતું.

એક્સચેન્જે જણાવ્યું છે કે રોકાણકારો આવી ભલામણો પ્રતિ સચેત રહેવું. કોઈ પણ રોકાણ કરતાં પૂર્વે સંબંધિત રોકાણ સલાહની સત્યતાની ચકાસણી કરવી.

## ટેરીફ ટેરરીઝમને કારણે અમેરિકા ખાતે ચીનની નિકાસમાં ૨૫ ટકાનો જંગી ઘટાડો

મુંબઈ : ટેરિફના ટેરરઝિમ અને તેની સામે ચીને આપેલા આકરાં પ્રત્યાઘાતની અસર ચીનની નિકાસ પર જોવા મળી છે. અમેરિકામાં નિકાસમાં જોરદાર ઘટાડાને પરિણામે ઓકટોબરમાં ચીનની એકંદર નિકાસ નબળી પડી છે. ચીનની સરકાર દ્વારા જારી કરાયેલા ડેટા પ્રમાણે ઓકટોબરમાં અમેરિકા ખાતે નિકાસ વાર્ષિક ધોરણે ૨૫ ટકા ઘટી છે, જેને કારણે એકંદર નિકાસ વાર્ષિક ધોરણે ૧.૧૦ ટકા ઘટી છે. વર્તમાન વર્ષના ફેબ્રુઆરી બાદ નિકાસમાં આ સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. નોંધવું રહ્યું કે આ અગાઉ સપ્ટેમ્બરમાં નિકાસમાં ૮.૩૦ ટકા વધારો જોવા મળ્યો હતો. ચીન અન્ય બજારોમાં નિકાસ કરી રહ્યું હોવા છતાં અમેરિકા પર તેની નિર્ભરતા વધુ હોવાનું ઓકટોબરના નિકાસ આંક પરથી કહી શકાય એમ છે.

ગયા વર્ષના ઓકટોબરમાં નિકાસ ૧૨.૬૦ ટકા વધી હતી, જે વર્ષ કરતા વધુ સમયની ઊંચી સપાટીએ રહી હતી. અમેરિકા ખાતે ચીનની નિકાસ સતત સાતમાં મહિને દ્વીઅંકમાં ઘટી છે. પોતાની નિકાસને ટકાવી રાખવા ચીન સાઉથઈસ્ટ એશિયા અને આફ્રિકાની બજારો પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે.

એ જ સાથે ચીનની આયાત ગયા મહિને એક ટકા વધી હતી, જે સપ્ટેમ્બરમાં ૭.૪૦ ટકા જેટલી વધી હતી. આયાતમાં ઘટાડો ચીનમાં ઘરઆંગણે અર્થતંત્ર પડકારોનું સામનો કરી રહ્યું હોવાનું સૂચવે છે એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું.

અમેરિકા સાથેની વેપાર તાણ ઘટાડવાના તાજેતરના પ્રયાસોને જોતા આગળ જતા ચીનની નિકાસ ફરી વધી શકે છે. અમેરિકાએ ચીન પરના વધારાના ટેરિફ હાલ પૂરતું મોકૂફ રાખતા નિકાસમાં ફરી વધારો થવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.




ભાવનગરના મહુવામાં મુસાફરના સોનાના દાગીના તથા રોકડ મળી કુલ રૂ. ૧૦ લાખનો મુદ્દામાલ શોધી પરત આપી મહુવા ટાઉન પોલીસે તેરા તુજકો અર્પણના સૂત્રને સાર્થક કર્યું હતું. (તસ્વીરઃ વિપુલ હિરાણી)

# કચ્છના લખપતના ભાડરા ગામમાં બાળકે ખિસ્સામાં રાખેલા મોબાઈલ ફોનમાં બ્લાસ્ટ

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ સમસ્ત વિશ્વ માટે ચિંતાનું કારણ બનેલાં સ્માર્ટફોન એડીક્સનનો વ્યાપ મોટેરાઓથી માંડી, નાનાં બાળકો સુધી વ્યાપકપણે વિસ્તરી રહ્યો છે ત્યારે બે ઘડી આરામ માટે કે સિરિયલ જોવા માટે બાળકોને સ્માર્ટફોન થમાવી દેનારાં માં-બાપ માટે આંખ ઉઘાડનારો કિસ્સો સરહદી કચ્છના લખપત વિસ્તારના ભાડરા ગામે બન્યો છે. જેમાં ૧૪ વર્ષના બાળકના ખિસ્સામાં રહેલા



(તસ્વીર-ઉત્સવ વૈદ્ય, ભુજ)

મોબાઈલ ફોનની બેટરી એકાએક ધડાકાભેર ફાટી હતી જેમાં આ બાળકને સદ્ભાગ્યે સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, લખપત તાલુકાના ભાડરા ગામના રાજવીર અરવિંદ પાયરે પેન્ટના કિસ્સામાં રાખેલા મોટોરોલા કંપનીના સ્માર્ટ ફોનમાં રહેલી લિથિયમ બેટરી અચાનક ધડાકા સાથે ફાટી હતી. એ વેળાએ સમયસૂચકતા દાખવીને ફોનને ખિસ્સામાંથી કાઢી બહાર ફેંકી દેવાયા બાદ પણ તેમાં શોર્ટ સર્કિટ થઈ હતી અને વધુ બે ધડાકા થયા હતા.

આ બનાવમાં બાળકને સાથળના ભાગે સામાન્ય ઈજા પહોંચતાં સૌએ રાહતનો દમ લીધો હતો. સ્માર્ટફોનના અતિરેકથી બાળકોની સુરક્ષા અંગે વાલીઓમાં ચિંતા જોવા મળી રહી છે.

હાઈ ગ્રાફિક્સ ધરાવતી ગેમને લાંબા સમય સુધી રમ્યા બાદ ઓવર હિટ થયેલા સ્માર્ટ ફોનને રાજવીરે પેન્ટના ખિસ્સામાં રાખ્યો હશે તેથી આ બ્લાસ્ટની ઘટના બની હોઈ શકે છે તેમ ભુજના જાણીતા મોબાઈલ ફોનના નિષ્ણાત અંકુર પૂજારાએ જણાવ્યું હતું.■

# કાશ્મીરથી કચ્છ પહોંચ્યો શિયાળોઃ નલિયામાં ૧૪ ડિગ્રી લઘુતમ તાપમાન

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ જમ્મુ કાશ્મીર અને તેની આસપાસના પહાડોમાં થઇ રહેલી બરફ વર્ષાની અસર હેઠળ, ઠંડી-ગરમી અને કમોસમી માવઠાં વચ્ચે લાંબા સમયથી અટવાયેલા રણપ્રદેશ કચ્છમાં આખરે શિયાળાનું આગમન થયું છે અને સર્વત્ર એકાએક ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં આજે લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રી જેટલું રહેતાં આ શીત મથકમાં સિંગલ ડિજિટ તાપમાન થવાનું જાણે કાઉન્ટડાઉન શરૂ થયું છે. નલિયાના લોકોએ આ વર્ષમાં પ્રથમ વખત ઠંડીનો અનુભવ કર્યો હતો અને વહેલી સવારે અને સૂર્યાસ્ત બાદ ઘરોની બહાર નિકળેલા લોકો ટાઢથી 'ઠરી' ગયા હતા. જમ્મુથી કચ્છમાં પહોંચી આવેલા ઠંડા વાયરાઓએ બપોરે પડતી ગરમીની પકડીને ઢીલી બનાવી દેતાં એકાએક ઠંડીનો અહેસાસ અનુભવાઈ રહ્યો છે.

નલિયા ઉપરાંત ભુજ, ગાંધીધામ, કંડલા, ખાવડા સહિતના વિસ્તારોમાં લઘુતમ તાપમાન ૧૮ ડિગ્રીથી નીચે સરકી જતાં શિયાળાએ કાયદેસરની દસ્તક દીધાનો અનુભવ જનજીવનને થઇ રહ્યો છે. કચ્છમાં એકાદ સપ્તાહમાં જ શિયાળાની મજબુત પક્કડ જામે તેવી સંભાવના મોસમ વિભાગ દ્વારા વ્યકત કરાઈ રહી છે. ■

# પશ્ચિમ કચ્છ એલસીબીએ મુંદરા અને નલિયામાં દેશી દારૂના ૨૫૦૦ લિટર આથા સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ રાજ્ય સરકારે દેશી દારૂની બદીને નાથવા શરૂ કરેલા ખાસ ઓપરેશન અંતર્ગત ઝેરી શરાબ બનાવવા વપરાતો કાચો માલ જેમાં મુખ્યત્વે વપરાશમાં લેવાતો અખાદ્ય ગોળ અને સીમાડાઓમાં ધમધમતી ભઠ્ઠીઓનો નાશ સમયાંતરે પોલીસ દ્વારા કરવામાં આવી રહ્યો છે.

થોડા દિવસો અગાઉ પૂર્વ કચ્છના સામખિયાળી અને ભચાઉના શિવલખામાં તેમજ ગાંધીધામના મીઠીરોહર ખાતે ત્રાટકેલી સ્ટેટ મોનીટરીંગ સેલની ટુકડીઓએ દેશી દારૂ બનાવતી ભઠ્ઠીઓને ઝડપી પાડી હતી તેવામાં પશ્ચિમ કચ્છની સ્થાનિક ગુન્હાશોધક શાખાએ દેશી દારૂ બનાવવાનો આથો ૨૫૦૦ લિટર કિં.રૂ. ૬૨,૫૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો.

આ અંગે એલસીબીએ જાહેર કરેલી વિગતો મુજબ, પેટ્રોલિંગમાં દરમ્યાન મળેલી પૂર્વ બાતમીના આધારે શિવુભા તોમાજી જાડેજા (ગોયરસમા,તા.મુંદરા) નામના શખ્સને કિં.રૂ. ૩૭,૫૦૦ના મૂલ્યના ૧૫૦૦ લિટર દેશી દારૂ બનાવવાના આથા સાથે તેમજ નલિયા પોલીસ વિસ્તારમાંથી પણ મહાવીરસિંહ ચતુરસિંહ રાઠોડ (રહે. પિથોરાનગર-અજાપર તા. અબડાસા)ને કિં.રૂ. ૨૫,૦૦૦ના ૧૦૦૦ લિટર આથા સાથે ઝડપી પાડી, તેમની વિરુદ્ધ કાયદેસરના ગુના દાખલ કરાવ્યા હતા.■

# રાપરના ફતેહગઢમાં સગીરાએ અને માંડવીમાં યુવાને ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લેતાં ચકચાર

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ કચ્છના રાપર તાલુકાના ફતેહગઢમાં ગંગાબેન સગરામ કણોલ (ચૌધરી ) ઉ.વ.૧૭એ જ્યારે બંદરીય માંડવીમાં ૨૬ વર્ષીય શ્રવણ રામજી વાઘેલા (દેવપૂજક) એ ગળેફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પંથકમાં ચકચાર પ્રસરી હતી.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી મળતી વિગતો મુજબ, આત્મહત્યાનો કિસ્સો ગત તા. ૭-૧૧ના સવારે નવ વાગ્યાના અરસામાં રાપરના ફતેહગઢ ખાતે ભોજનારી ડેમની બાજુમાં આવેલાં ખેતરમાં બન્યો હતો જેમાં હતભાગી યુવતીએ મીઠી ઝાડની ડાળીમાં દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈને મોતને વ્હાલુ કર્યું હતું. પરિવારજનેએ કામકાજ કરવાનું કહેતા, લાગી આવતાં તેણીએ આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.

આ ઉપરાંત માંડવી શહેરના નાગલપુર રોડ પર આવેલા હનુમાનજી મંદિરની નજીક રહેનાર શ્રવણ વાઘેલાએ ગઇકાલે સવારે કોઇ અગમ્ય કારણોસર પોતાનાં રૂમમાં લોખંડની ચેનલમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી હતી. બનાવ અંગે માંડવી પોલીસ મથકે વિગતો જાહેર થતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ આદરી છે. ■

# લોન લેવા જતાં ખેડૂતે ૧.૭૧ કરોડ રૂપિયા ગુમાવ્યા, પોલીસે તપાસ શરૂ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

વેરાવળઃ ગીર સોમનાથ જિલ્લામાં ખેડૂતના બેન્ક એકાઉન્ટમાંથી એક દિવસમાં જ રૂપિયા ૧.૭૧ કરોડના શંકાસ્પદ ક્રેડિટ અને ડેબિટ ટ્રાન્ઝેક્શનની ફરિયાદ સાયબર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. નિકુલ રામ નામના ૨૭ વર્ષીય ખેડૂતના બેંક ખાતામાં શનિવારે સવારના ગણતરીના કલાકોમાં આટલી મોટી રકમની હેરફેર થઈ હતી, જેની તેમને કોઈ જાણકારી નહોતી. પોલીસ ઇન્સ્પેક્ટર દ્વારા મળેલી માહિતી મુજબ, નિકુલને સવારે ૬.૨૦ વાગ્યાથી જ તેમના ઈમેલ પર ટ્રાન્ઝેક્શનના મેસેજ એલર્ટ મળવાનું શરૂ થઈ ગયું હતું.

નિકુલે અગાઉ લોન લેવા માટે પોતાના બેંક ખાતાની વિગતો અને દસ્તાવેજો તેના મિત્ર નકુલ રામ સાથે શેર કર્યા હતા. નકુલે આ કામ માટે જૂનાગઢના ઉત્સવ સાગઠિયાનો સંપર્ક કર્યો હતો, જેણે લોનની વ્યવસ્થા કરી આપવાનો દાવો કર્યો હતો. તપાસ અધિકારીઓના મતે, ઉત્સવે આ બેંક ખાતાની માહિતી હિતેશ કિડિયા અને આયુષ ડેરને આપી, જેણે ત્યારબાદ આ માહિતી વસીમ શેખ અને મુબીન ભટ્ટીને આપી હતી.

આ સાથે વસીમ શેખ સાયબર ક્રાઇમ નેટવર્ક સાથે જોડાયેલા કેટલાક ટેલિગ્રામ ગ્રૂપોનો ભાગ હતો, જે ગેરકાયદેસર ભંડોળને રૂટ કરવા માટે બેંક ખાતાઓ ભાડે આપતા હતા. આ નેટવર્ક ઓનલાઈન ગેમિંગ, સ્ટોક ટ્રેડિંગ અને રાજકીય પ્રવૃત્તિઓ સંબંધિત નાણાંની હેરફેર કરતા હોવાનું કહેવાય છે અને તેના બદલે ખાતાધારકોને કમિશન ચૂકવતા હોય છે. ટેલિગ્રામ પરના એક યુઝરે નિકુલના ખાતામાં એક નવો લાભાર્થી ઉમેર્યો હતો, જેના કારણે ગણતરીના કલાકોમાં જ રૂપિયા ૧.૭૧ કરોડની ક્રેડિટ અને ડેબિટ ટ્રાન્ઝેક્શન થયા હતા. નિકુલને સવારે લગભગ ૧૧.૩૦ વાગ્યે આ પ્રવૃત્તિની જાણ થતાં તેમણે પોલીસનો સંપર્ક કર્યો.

પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને વસીમ શેખ (સાવરકુંડલા), હિતેશ કિડિયા (બાબરા), આયુષ ડેર (લાઠી), મુબીન ભટ્ટી (સાવરકુંડલા), અને ઉત્સવ સાગઠિયા (જૂનાગઢ) સહિત પાંચ શખ્સોની પૂછપરછ કરી અને નોટિસ આપીને તેમને મુક્ત કર્યા હતા. નિકુલના ખાતા સાથે જોડાયેલા બે સાયબર ફ્રોડ કેસ ઉત્તર પ્રદેશમાં પણ પહેલેથી જ નોંધાયેલા છે. ગીર સોમનાથ સાયબર ક્રાઇમ પોલીસે આ ઉચ્ચ મૂલ્યના ટ્રાન્ઝેક્શનનો મૂળ હેતુ અને સ્રોત જાણવા માટે બેંક પાસેથી વિગતવાર ટ્રાન્ઝેક્શન ડેટા માગ્યો છે. હાલમાં, આ સમગ્ર મામલે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૬, ૩૧૮, અને ૫૪ તેમજ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ હેઠળ ગુનો નોંધીને તપાસ હાથ ધરવામાં આવી હતી. ■

### સુરેન્દ્રનગર પહોંચી ખેડૂત આક્રોશ યાત્રા

# કોંગ્રેસે દેવા માફી અને એમએસપી ગેરંટીનું વચન આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ કોંગ્રેસની ખેડૂત આક્રોશ યાત્રા સુરેન્દ્રનગર જિલ્લામાં પહોંચી હતી. ખેડૂત આક્રોશ યાત્રા દ્વારા ખેડૂતોના દેવા માફ કરવા અને તમામ પાક માટે લઘુતમ ટેકાના ભાવની કાયદેસર ગેરંટી આપવાની માંગ સાથે સરકાર સામે અવાજ ઉઠાવવામાં આવ્યો છે. આ યાત્રા દરમિયાન કોંગ્રેસે વચન આપ્યું હતું કે, જો તેમની સરકાર સત્તામાં આવશે તો ખેડૂતોનું દેવું માફ કરી દેવાશે અને એમએસપીની કાયદેસર ગેરંટી પણ આપવામાં આવશે.

ખેડૂત આક્રોશ યાત્રાનો સોમનાથથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ યાત્રા સુરેન્દ્રનગર જિલ્લાના નોલી, દેવગઢ, સુદામડા અને સાયલા જેવા ગામોમાંથી પસાર થઈ હતી. આ યાત્રામાં ગુજરાત પ્રદેશના પૂર્વ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, રાજકોટના પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રનીલ રાજ્યગુરુ, પૂર્વ કેન્દ્રીય પ્રધાન ભરતસિંહ સોલંકી, લાલજીભાઈ દેસાઈ, ગોપાલભાઈ મકવાણા, સુરેન્દ્રનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ નૌશાદભાઈ સોલંકી, કલ્પનાબેન ધોરીયા, ચેતનભાઈ ખાચર અને ગુણવંતભાઈ પંડ્યા સહિત અનેક અગ્રણી નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે મોટી સંખ્યામાં ખેડૂતો પણ રેલીમાં સામેલ થયાં હતાં.

આ દરમિયાન કોંગ્રેસના નેતાઓએ કહ્યું હતું કે, ગુજરાતના ખેડૂતો છેલ્લાં ઘણા વર્ષોથી કુદરતી આફતો અને પાકના ઓછા ભાવને કારણે આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. જેથી આવી સ્થિતિમાં ખેડૂતોને ન્યાય આપવાની જવાબદારી સરકારની છે. એટલે આ યાત્રા દ્વારા સરકાર પાસે માંગણી કરવામાં આવી હતી. આ યાત્રાને ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. સરકારને જાગૃત કરવા માટે આવી બીજી યાત્રાઓનું પણ આયોજન કરવામાં આવશે તેવું કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું હતું.■

# રાજકોટ જિલ્લા પંચાયતમાં બીડી, સિગારેટ પીવા પર પ્રતિબંધ, પકડાયા તો કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ રાજકોટમાં જિલ્લા પંચાયતમાં તમાકુ, ગુટખા ખાઈને પ્રવેશ કરવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. જિલ્લા પંચાયત કચેરીમાં સિગરેટ, બીડી પીવા ઉપર અને તમાકુ કે ગુટખા ખાઈને પ્રવેશ કરનાર સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે તેવું જાહેર કરવામાં આવ્યું છે. આ માટેના બેનરો જિલ્લા પંચાયત કચેરી ખાતેના તમામ ફ્લોર ઉપર લગાવી દેવામાં આવ્યા હતાં.

જિલ્લા પંચાયત કચેરીમાં તમાકુ, ગુટખા ખાઈને પ્રવેશ કરવા પર પ્રતિબંધના બેનરો લગવવામાં આવ્યાં હતાં. જો કોઈ વ્યક્તિ પાન-મસાલા કે અન્ય કોઈપણ રીતે તમાકુનું સેવન કરતા, પીચકારી મારતા કે પોતાની સાથે રાખતા માલુમ પડશે/પકડાશે તો જિલ્લા પંચાયતના તારીખ ૧૩-૧૦-૨૦૨૫ની ખાસ સામાન્ય સભાના ઠરાવ મુજબ ૫૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવશે. જો કોઈ વારંવાર પકડાશે તો આગળની કાર્યવાહી પણ કરવામાં આવશે.

ઘેલા સોમનાથ ખાતે મળેલી સામાન્ય સભાનાં ઠરાવ મુજબ જિલ્લા પંચાયત કચેરીમાં તમાકુનાં ઉત્પાદનો સાથે રાખનાર તેમજ તેનો ઉપયોગ કરનારાઓ સામે કાર્યવાહી કરવાના બેનરો લગાવવામાં આવ્યા હતાં.

સામાન્ય લોકો સાથે સાથે સરકારી કચેરીઓમાં જે કર્મચારીઓ તમાકુ, ગુટખા ખાઈને આવતા કર્મચારીઓ સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવી માગણી કરવામાં આવી હતી. ■

# બજારોમાં સુસ્તીનું વાતાવરણ, ભાવનગરના હીરા ઉદ્યોગ પર મંદીનું ગ્રહણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર જિલ્લામાં મોટી સંખ્યામાં શ્રમિકો હીરા ઉદ્યોગ પર પોતાનું જીવનનિર્વાહ કરી રહ્યા છે. દિવાળીની રજાઓ બાદ હીરા ઉદ્યોગમાં કામ શરૂ કરવામાં આવ્યું નથી. મોટા ભાગે લાભ પંચમના શુભમુહૂર્તે સામાન્ય રીતે કામકાજ શરૂ થઈ જતું હોય છે, પરંતુ આ વર્ષે મંદીનો પ્રભાવ યથાવત્ જોવા મળી રહ્યો છે. ભારે મંદીને કારણે આ યુનિટો હજુ સંપૂર્ણ રીતે કાર્યરત થયા નથી. અત્યારે માત્ર ૧૦થી ૨૦ ટકા હીરા ઓફિસો અને જિલ્લામાં ૩૦થી ૩૫ ટકા હીરાના કારખાનાઓ જ ખુલ્યા હોવાનું જાણવા મળ્યું છે. જેથી હીરા ઉદ્યોગ પર મંદીનું ગ્રહણ હજુ પણ યથાવત હોવાનું સાબિત થાય છે

આ વર્ષે ભાવનગર જિલ્લાના હીરા ઉદ્યોગમાં મંદીનો માહોલ યથાવત જોવા મળી રહ્યો છે. શહેરમાં આવેલી અંદાજે ૩થી ૪ હજાર હીરાની ઓફિસો અને કારખાનાઓમાં લગભગ ૧.૫થી ૨ લાખ જેટલા લોકો રોજગાર મેળવે છે, છતાં હાલ મોટાભાગના યુનિટો બંધ છે અને બજારો શરૂ થઈ નથી. દિવાળી બાદ હીરા બજારોમાં ફરી ચહલપહલ જોવા મળવાની અપેક્ષા હતી, પરંતુ હાલ સુધી કોઈ ખાસ એંધાણ દેખાતા નથી. જેના કારણે હીરા શ્રમિકો ખૂબ જ પરેશાન જોવા મળ્યાં હતાં.

રશિયા યુક્રેન યુદ્ધ પછી ઇઝરાયેલવાળું યુદ્ધ શરૂ થયું તેના કારણે માર્કેટ થોડું ઉગરતું અને બહાર આવતું હતું તથા અમેરિકાવાળાએ ટેરીફવાળું શરૂ કર્યું એના કારણે માર્કેટ સાવ ઊભું રહી ગયું છે હોવાનું એક વેપારીએ જણાવ્યું હતું. વેપારીઓએ શ્રમિકોને રોજગારી આપવા માટે પ્રયત્ન કરી રહ્યાં છે પરંતુ, માર્કેટમાંથી કોઈ પણ પ્રકારનો સપોર્ટ થતો નથી. જેના કારણે આ સ્થિતિ નિર્માણ પામી છે. કેટલાક વેપારીઓએ તો મંદીના કારણે તમામ સ્ટાફને છૂટો કરી દીધો છે. જ્યારે કેટલાક વેપારીઓ ૫૦ ટકા સ્ટાફ સાથે કામ કરી રહ્યાં છે. વેપારીઓનું કહેવું એવું છે કે, મંદીના કારણે તેમને બેસાડી શકાય તેવી સ્થિતિ નથી. ■

# ભાવનગરના મહુવા પંથકમાં વીજ કરંટથી દીપડાનું મોત

## દીપડાનો મૃતદેહ વીજ ટ્રાન્સફોર્મર પરથી મળી આવ્યો

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગરઃ જિલ્લાના મહુવા તાલુકાના ગળથર ગામે વન્ય પ્રાણી દીપડાનું ઈલેક્ટ્રિક વિજપોલ વીજ કરંટથી મોત થયું છે. રાત્રિના સમયે વીજળીના ટ્રાન્સફોર્મર પર ચડતી વખતે તેને કરંટ લાગ્યો હતો. દીપડાનાં મોતની ઘટનાની જાણ ગ્રામજનો દ્વારા વન વિભાગને કરવામાં આવી હતી.

વન વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને દીપડાના મૃતદેહને ઈલેક્ટ્રીક વિજપોલ પરનાં ટ્રાન્સફોર્મર પરથી નીચે ઉતાર્યો હતો. જો કે દીપડાનું મૃત્યુ રહસ્યમય સંજોગોમાં થયું હોવાથી હાલ તો વન વિભાગ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. વન વિભાગનાં અધિકારીઓએ દીપડાનાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે એનિમેલ કેર સેન્ટર ખાતે મોકલી આપ્યો હતો અને આગળની કાર્યવાહી શરૂ કરી છે. ■

# પ્રભાસ પાટણમાં મેગા ડિમોલેશન, ૫૦૦૦ ચોરસ મીટર જમીન કરી દબાણમુક્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીર સોમનાથઃ પ્રભાસ પાટણમાં આજે ફરી વાર બુલડોઝર કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસના ચાંપતા બંદોબસ્ત સાથે ૫ હજાર ચોરસ મીટર જમીનમાં કરવામાં આવેલા દબાણ દૂર કરવામાં આવ્યા હતા. આ મેગા ઓપરેશન દરમિયાન, તંત્રએ કુલ ૧૧ જેટલા ગેરકાયદે બાંધકામોને જમીનદોસ્ત કર્યા હતા. આ દબાણોમાં રહેણાક મકાનો, વાણિજ્ય હેતુસર ચાલતી દુકાનો તેમજ એક ધાર્મિક સ્થાનનો પણ સમાવેશ થતો હતો. આ કાર્યવાહી માટે ૭ જેસીબી મશીન, ૧૦ ટ્રેક્ટર સહિતની ભારે મશીનરીનો કાફલો કામે લગાડવામાં આવ્યો હતો.

ડિમોલેશનની કાર્યવાહી દરમિયાન કોઈપણ પ્રકારની અનિચ્છનીય પરિસ્થિતિ કે વિરોધ ન સર્જાય તે માટે તંત્ર દ્વારા અભૂતપૂર્વ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સ્થળ પર ૧ ડીવાયએસપી, ૨ પી.આઈ, ૪ પી.એસ.આઈ ઉપરાંત ૮૨ પોલીસજવાન તહેનાત હતા. આ સાથે ૧૦ ટીઆરબી જવાનો અને લોકલ ક્રાઈમ બ્રાન્ચ તેમજ સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રૂપની ટુકડીઓને પણ સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી.

આ કાર્યવાહીના કારણે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમને ફાળવવામાં આવેલી વધારાની ૧૩૦૦ ચોરસ મીટર જમીન સંપૂર્ણપણે દબાણમુક્ત થઈ હતી. આ જમીન ખુલ્લી થવાથી હવે સરકારી તંત્રની ભાવિ યોજનાઓ માટેનો માર્ગ મોકળો થયો હતો. સૂત્રોએ જણાવ્યું કે, સરકારી જમીન પર ગેરકાયદે દબાણો સામે તંત્રની કામગીરી ભવિષ્યમાં પણ ચાલુ રહેશે. ■

# રાજકોટમાં ડેંગ્યૂ, કમળો અને ટાઇફોઇડના ૧૧ કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ રાજકોટમાં કમોસમી વરસાદ બાદ મચ્છરજન્ય સાથે પાણી અને ખોરાકજન્ય રોગચાળો વધ્યો છે. છેલ્લા એક અઠવાડિયામાં ડેંગ્યૂના ચાર કેસ નવા નોંધાયા છે. આ સાથે ટાઇફોઇડ અને કમળાના કેસમાં પણ વધારો નોંધાયો હતો. એક સપ્તાહમાં કુલ દર્દીઓનો આંકડો ૧૭૦૪ પર પહોંચી ગયો છે. મચ્છર ઉત્પત્તિમાં બેદરકારી બદલ મેલેરીયા શાખાએ ૪૮૪ આસામીઓને દંડ કર્યો હોવાનું પણ જાણવા મળ્યું હતું. રાજકોટ મહાપાલિકાની આરોગ્ય શાખાએ જાહેર કરેલી વિગત પ્રમાણે ૩ નવેમ્બરથી ૯ નવેમ્બર સુધીના અઠવાડિયામાં મેલેરીયા કે ચીકનગુનીયાનો નવા કેસ નથી નોંધાયા પરંતુ ડેંગ્યૂના ૪ નવા કેસ નોંધાયા હતાં. આ વર્ષમાં ડેંગ્યૂના કુલ દર્દીઓનો આંકડો ૬૪ સુધી પહોંચી ગયો છે. આ સિવાય શરદી-ઉધરસના ૮૦૭ કેસ, સામાન્ય તાવના ૭૧૭ કેસ. ઝાડા-ઊલટીના ૧૬૯ કેસ, ટાઇફોઇડ તાવના ૨ કેસ અને કમળો તાવના ૫ કેસ નોંધાયા હતાં. ડેંગ્યૂ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરમાં આવેલાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેક્સ, ઔદ્યોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી શરૂ કરાઈ હતી.■

# ભાવનગર મહાપાલિકાએ બજેટ માટે લોકો પાસેથી ઈનોવેટિવ સૂચનો મગાવ્યા

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગરઃ મહાનગરપાલિકાના ગત બજેટમાં સમાવિષ્ટ કરવા માટે ભાવનગરના શહેરીજનો પાસેથી વિવિધ ઈનોવેટિવ સૂચનો મંગાવવામાં આવ્યા હતા. જેમાં ૧૧ સંસ્થા, શહેરીજનોએ જુદા જુદા ૭૧ સૂચનો મોકલ્યાં હતાં. તે પૈકી સૂચવેલાં ૧૭ કામોનો મહાનગરપાલિકાના ગત બજેટમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. અને મોટાભાગના પ્રોજેક્ટસ પૂર્ણ થયેલ છે. અથવા કામગીરી હાલમાં શરૂ છે.

આગામી વર્ષના બજેટમાં પણ પ્રજાજનોના સૂચનોનો સમાવેશ કરવામાં આવશે. એ માટે ભાવનગરના શહેરીજનો પાસેથી વિઝન-૨૦૪૭ ને ધ્યાને લઈ સૂચનો મગાવવામા આવ્યા છે. મળેલા સૂચનો પૈકી જે કોઈ ઇનોવેટિવ પ્રકારના કામો અંગે સૂચનો હશે તેને અંદાજપત્રમાં સમાવેશ કરાશે. સૂચનો તા.૨૦-૧૧ ને ગુરુવાર ઓફીસ સમય સુધીમાં મોકલવા જણાવાયુ છે.

# જૂનાગઢ પોલીસે નાર્કોટિક્સના ગુનામાં સંડોવાયેલા ૧૨ આરોપીને ઝડપી પાડ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢઃ ગુજરાતમાં નાર્કોટિક્સના વધતા દૂષણને ડામી દેવા માટે જૂનાગઢ પોલીસ દ્વારા સઘન ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જૂનાગઢ રેન્જ આઇજી નિલેશ જાજડીયા અને એસપી સુબોધ ઓડેદરાએ સૂચના કરતા ક્રાઇમ બ્રાન્ચને મોટી સફળતા મળી હતી. ક્રાઇમ બ્રાન્ચે પ્રતિબંધિત હાઈબ્રીડ ગાંજાના આંતરરાષ્ટ્રીય નેટવર્કનો પર્દાફાશ કરીને કુલ ૧૨ આરોપીઓને ઝડપી પાડ્યા હતાં. આ આરોપી સાથે પોલીસે કુલ ૧.૪૯ કરોડ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સપેક્ટર કૃણાલ એમ પટેલના માર્ગદર્શન આ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે ૧,૧૦,૬૦,૦૦૦ રૂપિયાના હાઈબ્રીડ ગાંજાના ૩ પેકેટ, કુલ ૩.૧૬૦ કિલોગ્રામ સાથે ૪ આરોપીઓને પકડી પાડ્યા હતા. આ આરોપીઓમાં ધવલ કાળુભાઈ ભરાડ (વિસાવદર), હુસેન નાસીરભાઈ તુર્ક (જુનાગઢ), મુજાહીદખાન રીયાજખાન યુસુફજઈ (જુનાગઢ) અને જહાંગીરશા રજાકશા શાહમદાર (જુનાગઢ) નો સમાવેશ થાય છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે, વડોદરાનો મુખ્ય આરોપી ઇરફાનખાન ઉર્ફે સોહિલ ઉર્ફે ઇરફાનડબલ આરીફખાન પઠાણ આ રેકેટમાં સંડોવાયેલો હતો. ઇરફાન દ્વારા રાજકોટની શેરબાનુ નાગાણીને હાઈબ્રીડ ગાંજો લેવા માટે બેંગકોક મોકલવામાં આવી હતી. શેરબાએ આ ગાંજો ઇરફાનને ન આપતા બારોબાર વેચી દેવાનો પ્લાન ઘડ્યો હતો. જેના માટે મુજાહિદીનનો સંપર્ક કર્યો અને જૂનાગઢના મોઈન ખંધાને અમદાવાદ એરપોર્ટ પર બોલાવ્યો. એરપોર્ટ પરથી શેરબાનુ, મુજાહિદીન અને ધવલ ભરાડ ગાંજો લઈને જૂનાગઢ આવ્યાં હતાં.

ઇરફાન પાસે ગાંજાનું પેકેટ હોવાની હકીકત મળતા પોલીસે તાત્કાલિક નડિયાદ ખાતે પહોંચીને ગેઝેટેડ અધિકારીની હાજરીમાં પંચો રૂબરૂ તપાસ કરતાં આરોપી ઇરફાનખાનની ધરપકડ કરી લીધી હતી. ઇરફાનની પૂછપરછમાં ખુલાસો થયો કે આ આંતરરાષ્ટ્રીય રેકેટ બેંગકોકના હબીબી દ્વારા ચલાવવામાં આવતું હતું. ભારત ખાતે તેના એજન્ટ બેંગ્લોરના અનુપ ઉર્ફે રવુ મારફતે ઇરફાન તથા અન્ય આરોપીઓ કેરીયર તરીકે કામ કરતા હોવાનો પણ ખુલાસો થયો હતો.